
પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

## ॥ ૫૫ ॥

मंत्राधिराज श्री नवकार




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા




मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

# ત્રૈલોક્ય મહામંત્ર નવકાર





આરામાસનમાં ઢીલાશ કરી
શ્વાસોશ્વાસ સાથે
૧૨ સ્વસ્તિકનાં ૯ બિંદુઓ ઉપર
૧૦૮ નવકાર ગણવા.
બિંદુમાં નવકાર સાથે અભેદ કરવો.
આ જ સાચી પ્રાર્થના છે.
આર્હન્ત્ય જ
જરૂરી ખૂટતી વસ્તુ પૂરી પાડશે,
માંગણી કરવાની આવશ્યકતા નહિ.

૧૪.૦૨.૨૦૨૧ દિને 'ગુરુ ગ્રંથ બહુમાન પર્વ' દરમ્યાન
હસ્તાક્ષર ગ્રંથ ૫૦ના અર્પણ અવસરે, શ્રી આરાધના ધામ તીર્થ મધ્યે
'Making of Hastakshar' નામે રજૂઆત થયેલ ૧૧ મીનીટની શોર્ટ ફિલ્મ

આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ
આપને 'Making of Hastakshar' શોર્ટ ફિલ્મ જોવા મળશે.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૫૫ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

☐ **HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

☐ **VOLUME - 55**

Year 2021 / સંવત્ ૨૦૭૭
350 Copies / 224 Pages
For Private Circulation only.

☐ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

☐ **SPONSOR**

Shri C. K. Mehta
Vadodara | Mumbai

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle


Telegram : HastaksharNuAkshayPatra

☐ **SHRI AARADHNA DHAM JAIN TIRTH**


C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156

☐ **ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



## શાલિભદ્રજીની જેમ<br>દેવલોકેથી ઉતરે છે જાણે<br>અનુપ્રેક્ષાઓની સુવર્ણપેટી



પ્રભુની અસીમ કૃપાથી જ પરમાત્માના ભાવો, જે ડાયરીઓમાં અક્ષર સ્વરૂપે ટપકાતાં રહ્યાં છે, તેની હારમાળા આગળ ધપી રહી છે, તેમાં ભાગ પંચાવન તમારા સૌના કરકમલોમાં પહોંચી રહ્યો છે! એક એક પદાર્થનો વિચાર કરતાં થાય છે કે સાહેબે ક્યાંય આત્માને છોડ્યો નથી. સમ્યગ્જ્ઞાન ક્યારે? તો આત્મા સમજાયો ત્યારે. આત્મજ્ઞાન જ સાચું સમ્યગ્જ્ઞાન છે! આવા પદાર્થોને જૂદા-જૂદા દ્રષ્ટિકોણથી જે રીતે પ્રગટ કર્યા છે, એ વાંચતાં હૃદય ભાવવિભોર બને છે કે સાહેબે શું કમાલ કરી છે! જેમ જેમ આ અક્ષયપાત્રો ભાવિકો-સાધકોને મળે, તેમ તેમ કેટલાંયે ભાવિકો પોતાના અંતરના ભાવોને રોકી ન શકે અને જે ભાવો વ્યકત કરે, તે વાંચતાં જ રહીએ એમ થાય. તેવા જ એક ઉત્તમ આરાધકના ભાવો અહીં એમની જ ભાષામાં પ્રસ્તુત છેઃ

''પૂર્વભવમાં ઉત્કૃષ્ટ ભાવથી સેવેલી શ્રી સુપાત્રદાન રૂપી ભક્તિનાં પ્રભાવથી શ્રી શાલિભદ્રજી શ્રાવકનાં મહેલે દેવલોકમાંથી જેમ નિત્ય ૯૯ પેટીઓ ઉતરતી હતી, એમ જ આપણા પુણ્યોદયે શ્રી 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'માં ગુંથાયેલી પૂજ્યપાદ પંન્યાસજી ભગવંતની રોજનીશી રૂપી સુવર્ણ પેટી દર મહિને ઉતરે છે, તેથી સ્પષ્ટ જણાય છે કે આપણા ઉપર ગુરૂભગવંતોની અનંત-અખંડ-અસીમ કરૂણાની લહેર છે. વળી આ પેટીઓમાં તો છે 'મુક્તિમાર્ગની આરાધનાનું રહસ્ય!' પૂજ્ય ગુરૂભગવંતની દયાના અવલંબને જ કર્તૃત્વભાવ અને અહંમાં ડૂબેલા મુજ ઉપાદાન દ્વારા શ્રી પંચપરમેષ્ઠિઓ પ્રત્યે જે કૃતઘ્નતા સેવાય છે, એ પણ એમની જ અસીમ કરૂણાથી દૂર થશે.

૦ એવી વિશ્વરચના સ્વયં રચાઈ છે (Universal – Cosmic truth), કે જીવરાશિ

પરસ્પરોપગ્રહિત થઈને ઉત્ક્રાંતિમાં આગળ વધે છે. 'परस्परोपग्रहोजीवानाम' સૂત્ર વ્યવહારનયને અને 'उपयोगलक्षणम्' સૂત્ર નિશ્ચયનયને જણાવે છે. નિશ્ચયથી આત્માનાં ઉપયોગને શુદ્ધ કરવા વ્યવહારથી જીવો સાથે મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને મધ્યસ્થપૂર્ણ વર્તન કરવું આવશ્યક છે. પર્યાય વિનિર્મુકત દ્રવ્યની ભાવનાથી સમત્વ કેળવાય છે. દ્રવ્ય વિનિર્મુકત પર્યાયની ભાવનાથી ઉત્પન્ન થતાં વૈષમ્યમાં સમત્વ લાવનાર મૈત્ર્યાદિ ભાવના છે, જેમાં પ્રયોજક પરસ્પર ઉપગ્રહનો સિદ્ધાંત છે. પુદ્‌ગલમાં આત્મબુદ્ધિ જેમ મિથ્યાત્વમોહ છે, એમ જીવો પ્રત્યે હિતચિંતાસ્વરૂપ મૈત્રીનો અભાવ, ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતાનો અભાવ આદિ પણ અનંતાનુબંધી કર્મનો બંધ કરાવે છે. મિથ્યાત્વ મોહનીયનો હ્રાસ કરવા માટેનું આ રહસ્ય છે, જે જીવને અહંથી મુકત કરી નિર્મળ બનાવવા દ્વારા ચૈતન્યસભર અસ્તિત્વનું સંવેદન અર્પે છે.

પૂજ્ય પંન્યાસજી ભગવંતે સ્વયંની અસીમ કરૂણા ને અમાપ પ્રેમ દ્વારા શ્રી સંઘ સમેત સમસ્ત વિશ્વને અર્પેલ તત્ત્વાર્થ સૂત્રના આ સૂત્રનું રહસ્ય છે મોક્ષમાર્ગમાં! બોધિલાભ મેળવવા આ રહસ્ય પૂજ્યશ્રીએ સ્પષ્ટ કર્યું છે. આવા અદ્વિતીય રહસ્યોનું સ્પષ્ટીકરણ એ 'સવિ જીવ કરૂં શાસનરસી' અને 'શિવમસ્તુ સર્વ જગતઃ'ની ભાવનામાંથી જન્મતી કલ્પનાતીત કરૂણા અને પ્રેમનું વેદન કરાવતી પ્રસાદી છે''

આવા ચિંતનોની રજુઆત પૂજ્ય સાહેબજી પ્રત્યેના અહોભાવથી વ્યકત કરાઈ છે. ખરેખર આ અમૂલ્ય જ્ઞાનનો ખજાનો અમને વારસામાં મળ્યો, તેનો આનંદ છે. આ વારસાને તમારા સૌ સુધી પહોંચાડવા આર્થિક સહયોગી સાહેબજીના અનન્ય ભકત મુંબઈ-વડોદરાના સુશ્રાવકરત્ન **સી. કે. મહેતા** તેમ જ રાજકોટના અમારા સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ **ભારતીબેન દિપકભાઈ મહેતા** જબ્બર શ્રમ લઈને સાથે પોતાની ટીમને એલર્ટ રાખીને જે ભગીરથ કાર્ય કરી રહ્યા છે, તેમની અનુમોદના માટે તો અમારી પાસે શબ્દો પણ ઓછા પડે છે. અક્ષયની યાત્રા માટે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથો ખરેખર સૌ ભવિજનોને ઉપકારક બની રહ્યા છે, તેના વાંચન દ્વારા દરેક ભાવુકો આત્મજ્ઞાનને પામનારાં બની રહો, એ જ અભિલાષા.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.



# જ્યોતિર્મયી ઘટનાનાં
# અખંડ ૭૨ મહિનાનો અસબાબ

સમયનાં સતત સરતાં વહેણમાં આજે વડોદરાનાં આ આકાશ નીચે બેઠો છું અને ખોળામાં હસ્તાક્ષરનો એક ભાગ મારી સામે જાણે ગુરૂમહારાજ સમાન જ સ્મિત કરી રહ્યો છે, ત્યારે યાદ આવે છે કે સંવત્ ૨૦૭૭નાં આ દિપાવલી પર્વે એ જ્યોતિર્મયી ઘટના બન્યાંને ૬ વર્ષ પૂર્ણ થશે, કે જ્યારે પૂજ્ય સાહેબજીની ૨૨૪ હસ્તલિખિત રોજનીશીઓમાંથી તેમનાં જ હસ્તાક્ષરોમાં ગ્રંથો પ્રકાશન કરવાની વાત મારી સમીપે સૌ પ્રથમ વાર આવી હતી અને મારાં માટે તો જાણે તે ક્ષણ જ સાચી દિપાવલી હતી!

રાજસ્થાનના ગરમ તપતાં રણપ્રદેશે સ્થિત રૂપકડાં સેવાડી ગામની બહાર આવેલ નાની-શી કુટિરમાં યોગ-ધ્યાન કરવાર્થે રોકાયેલાં પૂજ્ય ગુરૂ મહારાજે એકદા કહેલું કેઃ 'મેં તથાગત બુદ્ધનું એક વાકય વાંચ્યું છે, જે સૌએ હૃદયે ધરવા જેવું અને જીવનમાં ઉતારવા જેવું છેઃ એવું મન વિકસાવો કે જે ન કયાંયનું ય નિવાસી બને કે ન કયાંયનું પણ રહેવાસી... કેમકે જેમને દૂર - સુદૂર સુધી ચાલવાનું છે, તે કદાપિ બહારનો સ્થૂળ સામાન તો સાથે લઈ જવા નથી જ બાંધતો, પરંતુ મનની અંદરના સૂક્ષ્મ સામાનને પણ ખંખેરી-વિખેરી દઈને જ આગળની યાત્રા શરૂ કરે છે!'

આવો, આપણે પણ આજે આ મેઘછાયા આકાશની સાખે ખૂલ્લાં હાથે અને પુલકિત હૃદયે તેઓના હસ્તાક્ષરની આ હોડીઓમાં બેસી સંસારસાગરને પાર કરવા કટિબદ્ધ બનીએ!

વડોદરા/મુંબઈ

સી. કે. મહેતા










કરસરોરુહખેલનચંચલા, તવ વિભાતિ વરા જપમાલિકા ।
શ્રુતપયોનિધિમધ્યવિકસ્વરો-, જ્જ્વલતરઙ્ગકલાગ્રહસાગ્રહા ॥

આ હવે સરસ્વતીનું મંત્ર છે.

देहमिदं भारतीमंत्रं ।

ભારતી = સરસ્વતી = મુખે પ્રસરવતી ।

સરસ્વતી મંત્ર 'ઐં'નું ધ્યાન શ્વેત વર્ણે વડે મૂલાધારચક્રની કર્ણિકામાં કરવાનું હોય છે, જે ગુદાની મધ્યમાં છે, ત્યાં સ્વાભાવિક 'ઐં' બાળની આકૃતિ છે.

પ્રત્યક્ષ આ સરસ્વતી દેવીનો મંત્ર

॥ ૐ ઐં શ્રાઁ શ્રાઁ ક્લીં
વદ વદ વાગ્વાદિની હ્રીં સરસ્વત્યૈ નમઃ ॥ વર્ણ - ૨૦

પ્રત્યક્ષ આ સરસ્વતી દેવીદર્શન મંત્ર

ૐ ઐં સરસ્વત્યૈ નમઃ । આ મંત્રનો શુદ્ધ હૃદયથી જે પાંચ લાખ જપ કરશે, તેને સરસ્વતી દેવીનાં પ્રત્યક્ષ દર્શન થશે, માતાની કૃપાથી તે પ્રગાઢ વિદ્વાન થશે અને સરસ્વતીમાતા સાધકની જિહ્વા ઉપર નિવાસ કરશે.

વળાદ, પૈ. વ. ૨, સં. ૨૦૨૮

કાશ્મીરવાસિની સરસ્વતીનું ચિત્ર છે,
જેમાં લાલ ફૂલ અને લાલ મરઘુવાળા
મોટા હંસ ઉપર સરસ્વતી બેઠા છે.
ચાર હાથમાં અનુક્રમે પદ્મ, વીણા, માળા, પુસ્તક છે.

સં. ૨૦૩૦, વૈશાખ સુ - ૯, સોમવાર, તા: ૩૦ - ૪ - ૭૪
મુછાળા મહાવીર તીર્થ — પ્રાતઃ ૮ વાગે

શ્રી સરસ્વતી દેવીના મંત્રો

વિદ્યાપ્રાપ્તિ માટે : ૐ શ્રી સરસ્વત્યૈ નમઃ ।
વચનસિદ્ધિ માટે : ૐ શ્રી ભારત્યૈ નમઃ ।
ચતુર્દશવિદ્યાપ્રાપ્તિ માટે : ૐ હ્રીં શ્રાઁ શારદાયૈ નમઃ ।
શારદાવરંદદાતિ : ૐ હંસવાહિન્યૈ નમઃ ।
બુદ્ધિવૃદ્ધિ : ૐ નમો સરસ્સઇભગવઇ (ए) નમઃ સ્વાહા ।

બુદ્ધિવર્દ્ધન મંત્રઃ ।

ૐ નમો અરિહંતાણં । વદ વદ વાગ્વાદિની સ્વાહા ।

સંઘરક્ષાર્ણકો મન્ત્રઃ ।

ૐ નમો અરિહંતાણં । ધણુ ધણુ મહાધણુ મહાધણુ સ્વાહા ।

નિરંતર વિદ્યા ચડે, બુદ્ધિ વધે, સુખ - શાંતિ સધે:

ૐ હ્રીં શ્રાઁ ક્લીં ઐં હંસવાહિનિ
મમ જિહ્વાગ્રે આગચ્છ આગચ્છ સ્વાહા । ૧૦૮ વાર

મંત્રરાજ ઉપર કરવાનો મંત્રજાપ

ૐ હ્રીં શ્રાઁ ૐ નમો સરસ્વતિ બુદ્ધિ બલ વર્દ્ધિનિ સ્વાહા ।

o

ૐ અર્હં નમ ઇતિ — સચ્ચિદાનંદઘન
નાદબિન્દુકલાઽમૃતજ્યોતિઃસ્વરૂપોઽહં ।

ॐ नमो नमो ह्राँ ह्रीँ ह्रूँ ह्रः यः क्षः ह्रीँ फट् फट् स्वाहा ।

'मंत्राधिराज स्तोत्र'માં ઉપરના મન્ત્રમાં અતિશયને આપનાર
હ્રીઁ મંત્ર ગર્ભિત છે, તેનો જે મહિમા વર્ણવેલો છે, તે મુજબ:

ॐ निष्पन्नः प्रथमो वर्णस्त्वर्हताशरीरिणां ।
आचार्याणामुपाध्यायमुनीनां प्रथमाक्षरः ॥१॥
मोक्षसौख्यप्रदो भाले पार्श्वनाथस्य नीलरुक् ।
सकलो नादबिन्दुभ्यामुपेतः तेजसां चयः ॥२॥
स एव दक्षिणे स्कंधे रक्तवर्णस्तु चिन्तितः ।
जगद्वश्यकरं हि प्रदत्ते योगिनं पुनः ॥३॥

ह्राँ शून्ये वह्न्यक्षरभवः, प्रभवः सर्व संपदां ।
नादबिन्दुकलोपेतः साकारः पञ्चवर्णरुक् ॥१॥
वामा तनुजवामांससंस्थितो रूपकीर्तिदः ।
धन-पुण्य-प्रयत्नानि जयस्थाने ददात्यसौ ॥२॥

ह्रीँ त्रैलोक्याक्षरमेनं ये संस्मरन्तीह योगिनः ।
नश्यत्यवश्यमेतेषामिहाऽमुत्रभवं भयं ॥१॥

ह्रूँ षष्ठस्वरयुतोऽरिघ्नो धूम्रवर्ण स एव हि ।
पुच्छतां विजयं रक्षां दत्ते ध्यातोऽस्य कुक्षिणः ॥१॥

यः सर्वाशिवप्रशमनोऽञ्जनकान्तिविसर्गयुक् ।
वामजानुस्थितो ध्यातः षड्विंशतितमोऽक्षरः ॥१॥

ક્રઃ વામેન વામચરણે પીતવર્ણકમાત્મકઃ ।
પિશાચગ્રહભૂતાનાં શાકિનીનાં પ્રમર્દનઃ ॥૧॥

## હ્રીઁકાર માહાત્મ્યમ્

હ્રીઁ હિતં જયાવહં ભદ્રં કલ્યાણં મંગલં શિવમ્ ।
તુષ્ટિપુષ્ટિકરં સિદ્ધિપ્રદં નિવૃત્તિકારણમ્ ॥૧॥
નિર્વાણાભયદં સ્વસ્તિશુભધૃતિરતિપ્રદં ।
મતિબુદ્ધિપ્રદં લક્ષ્મીવર્ધનં સમ્પદાં પદમ્ ॥૨॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

## ત્રૈલોક્યાક્ષર હ્રીઁકાર

આ મંત્રાક્ષર ઘોર ઉપસર્ગોને દૂર કરનારો છે,
અતિ દુઃખના દાવાનળને શમાવનાર છે,
વિશ્વમાં ઉપસ્થિત થતાં મહાસંકટોને હરનારો છે તથા
આ ષોડશાક્ષર મંત્ર સિદ્ધવિદ્યાનું મુખ્ય અંગ પણ છે,
જે અહીં અતિશયને આપનાર તરીકે યોજાયેલો છે.
તે સાધકનું હિત, જય, સુખ, કલ્યાણઆદિ કરનારો છે.

## ૐ અર્હં નમઃ ।

પરમાત્માના નામના આ મંત્રના જાપથી
સાધકનું મન નિર્મળ તથા એકાગ્ર બને છે.
આ મંત્રજાપથી નિર્વિકાર પણું થવાય છે.

'અર્હં'નો અજપાજાપ એટલે...

શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિનો સર્વશ્રેષ્ઠ ઉપાય.

શ્વાસ લેતી વખતે 'અર' અને છોડતી વખતે
'હં' શબ્દ પ્રકટ થાય છે, તેથી તે અજપાજાપ બને છે.

કર્મબંધનથી મુક્ત થઈ મોક્ષપદ
જેમણે પ્રાપ્ત કર્યું છે, તેના કરતાં ઉત્તમ આદર્શ
યોગાભ્યાસી માટે બીજો કોણ હોઈ શકે?

ચિદાનન્દ નિત કીજીયે, સમરણ શ્વાસઉશ્વાસ;
વૃથા અમૂલક જાત હૈ, શ્વાસ ખબર નહીં તાસ. ...(૧)

અનંત શક્તિયુક્ત 'અર્હં' અરિહંતનો પર્યાયવાચી છે.

રાગ-દ્વેષરૂપી શત્રુઓને હણી જેમણે આઠ ઘાતીકર્મ
ખપાવ્યા છે અને કેવળજ્ઞાન પામ્યા છે, તે ભગવંત
પરમાત્મા અરિહંત ૧૮ દોષરહિત છે. તેમના ધ્યાનથી
સમાધિ - વીતરાગભાવ ઉત્પન્ન થઈ મોક્ષ મળે છે.
અર્હંનું ધ્યાન સર્વશ્રેષ્ઠ છે, તે અક્ષય - શાશ્વત પદ છે.
અર્હંના ધ્યાનથી શ્રી હ્રી ધૃતિ કીર્તિ ખેંચાઈ આવે છે,
નિર્મળ લક્ષ્મીનો વાસ થાય છે, વિઘ્નસમૂહ વિખેરાઈ
સત્સિદ્ધિઓ સાથે બાહ્યાંતર સર્વ સુખને આપે છે.
આત્મસ્વરૂપની સંપૂર્ણ જ્યોતિ - અદ્વિતીય પ્રકાશ મળે છે.

## અર્હંની હૃદયમાં સ્થાપના

યોગી પુરુષો ભવરહિત નિરંજન તેનું ધ્યાન ધરે છે.
અર્હંને હૃદયમાં સ્થાપન કરનારને ભવનો ભય રહેતો નથી,
જેઓ રાત - દિવસ અર્હં મહામંત્રનું ધ્યાન ધરે છે,
તે મહાઆપત્તિઓને તરી જાય છે, મોક્ષરૂપી મહાનંદપદને
મેળવે છે, તેનાં સર્વ સત્કાર્યોની સિદ્ધિ થાય છે, તે
સર્વ કામનાઓ પૂરી કરી નિરાબાધ સુખને મેળવે છે.

અર્હં પરમેષ્ઠિઓનું પ્રધાન બીજ છે.

જેનું ધ્યાન કરવાથી બીજું ધ્યાતવ્ય કાંઈ રહેતું નથી
કારણ કે ધ્યાન કરવા યોગ્ય સર્વશ્રેષ્ઠ વસ્તુઓનું
ધ્યાન અર્હંના ધ્યાનમાં આવી જાય છે.

ધર્મ = વસ્તુસ્વભાવ, અર્થ = દ્રવ્યનું સ્વરૂપ,
કામ = ચિત્તાભિલાષ, મોક્ષ = બંધનો અભાવ - શિવગતિ,
સમાધિ = નિર્વિકલ્પતા - ચિન્મયતા.

જ્યાં હોય નવકારનું સ્મરણ, ત્યાં હોય સત્ય.
જ્યાં સત્ય, ત્યાં સદાચાર હોય છે અને
જ્યાં દાન, ત્યાં લક્ષ્મીનો વાસ હોય છે.
જે રૂવણીમાં મતિ રાખે તે રાવણ અને
જે સત્કર્મ કરવામાં મતિ રાખે તે રામ.

ૐ વડે નાદશ્રવણ, અર્હં વડે જ્યોતિદર્શન.
મૌન વડે નાદશ્રવણ, ધ્યાન વડે જ્યોતિદર્શન.
'નમો' વડે નાદશ્રવણ, 'અરિહંતાણં ।' વડે જ્યોતિદર્શન.

દેહાલય જ્યારે દેવાલય બનશે, ત્યારે
હૃદયરૂપી સિંહાસન ઉપર પરમાત્મા બિરાજમાન થશે.
તે માટે હૃદયરૂપી ગર્ભદ્વારમાંથી અજ્ઞાન અને મિથ્યાત્વ
રૂપી કચરાને દૂર કરવો પડશે, શરીરમાંથી મોટાં પાપો
અને અનર્થકારી સઘળાં આચારોને સાફ કરવા પડશે.
જે મંદિરમાં ભગવાનની પ્રતિષ્ઠા કરવાની હોય,
તે સ્થાને ઊંડાણ સુધી જઈ અશુદ્ધ ચીજો કાઢી લઈ
તેમાં કિંમતી રત્ન, રૂપિયા, ઝવેરાત નાંખવામાં આવે છે,
તે જ રીત દેહરૂપી દેવાલય માટે સમજવા.

'તત્ત્વમસિ ।' ઇત્યાદિ શ્રુતિવાક્યના
શ્રવણથી અને મનનથી
શુદ્ધ બ્રહ્મ સાથેના અભેદનો નિર્ણય કરીને
જ્યારે નિદિધ્યાસન (ધ્યાન - સમાધિ) દ્વારા પરબ્રહ્મનો
અબાધિત અનુભવ - દર્શન - સાક્ષાત્કાર કરવામાં આવે છે,
ત્યારે અવિદ્યા વિલય પામે છે અને
પરબ્રહ્મ પ્રગટ થાય છે.

|| ૐ અર્હં નમો અરિહંતાણં ||

આત્માને મનની પક્કડમાંથી છોડાવવા 'નમો' પદ છે
તથા બુદ્ધિની પક્કડમાંથી છોડાવવા 'અરિહંતાણં' પદ છે.
નમો અરિહંતાણંનું સંક્ષિપ્ત સ્વરૂપ જ 'ૐ અર્હં' છે.
'ૐ' આત્મજ્ઞાનવાચક છે તથા 'અર્હં' ત્રિગુપ્તિસૂચક છે.
'નાણં તિહિં ગુત્તો |' 3 ગુપ્તિથી ગુપ્ત તે આત્મજ્ઞાની.
ત્રણ ગુપ્તિ એ મૈત્ર્યાદિ ભાવનાઓનું ફળ છે.
મૈત્ર્યાદિ ભાવનાઓ બુદ્ધિની પક્કડમાંથી મુક્ત કરે છે.
ભાવનાઓને અનુસરનાર બુદ્ધિનું ક્ષેત્ર પરિમિત છે,
જ્યારે ભાવનાઓનું ક્ષેત્ર તો સમગ્ર વિશ્વ છે.
એ રીતે મન અને બુદ્ધિની પક્કડમાંથી છોડાવનાર
'ૐ અર્હં' યા 'નમો અરિહંતાણં |' મંત્રનો પરામર્શ છે.
બુદ્ધિ માટે માનવ જે ગર્વ લે છે, તે સાચો પણ છે અને
મિથ્યા પણ છે. બુદ્ધિથી તેણે આગળ વધવાનું છે અને
પોતામાં રહેલાં બૃહત્પ્રકાશને શોધી કાઢવાનો છે.
આત્મતત્ત્વની સાધનાને જ તેણે જીવનની પ્રધાન અને
વ્યાપક પ્રવૃત્તિ કરવાની છે. મન અને બુદ્ધિની પાછળ
રહેલાં મહાન તત્ત્વને શોધી લેવાના સાધનરૂપ જે
કાંઈ પણ હોય, તે સર્વને તેણે અપનાવવું પડશે.

આમ કરશું ત્યારે આપણે આપણા સ્વરૂપમાં
પહોંચવાના સાચા માર્ગ ઉપર પગલાં ભરવા માંડીશું,
પ્રકૃતિ માટેનો આપણો સાચો પુરુષાર્થ સિદ્ધ કરી શકીશું,
આપણા સાચા સ્વરૂપમાં તથા આપણી દિવ્યપ્રકૃતિમાં
આપણું સાચું અને સંતોષપૂર્ણ જીવન ગાળી શકીશું.

નમસ્કારનું પ્રયોજન પાપનાશ તથા મંગળનો લાભ છે.

નવકાર એ શ્રુત છે તથા શ્રુત એ શબ્દરૂપ છે.
શ્રુતોપયોગ એ ભાવસંવર અને વિપુલ નિર્જરા અને
આત્મહિત પરિણામાદિ મહાન લાભનો હેતુ છે.
શબ્દને અર્થ સાથે તથા અર્થને ભાવ સાથે સંબંધ છે.
મંત્રશાસ્ત્રમાં શબ્દને 'નાદ'ની ઉપમા છે,
અર્થ અને તેના જ્ઞાનને 'બિંદુ'ની ઉપમા છે અને
મંત્રના ભાવને 'કળા'ની ઉપમા છે.
શબ્દ એ વૈખરી, અર્થ એ મધ્યમા અને
ભાવ એ પશ્યન્તી વાણી રૂપ છે, તેથી નમસ્કાર એ
નાદ, બિન્દુ અને કળા રૂપ ધ્યાન કહેવાય છે.
नाद = साधुपद, बिन्दु = उपाध्यायपद, कला = आचार्यपद,
अमृत = सिद्धपद, ज्योति = अरिहंतपद ।
नमः स्वरूपोऽहं । नमः पद पंचपरमेष्ठि રૂપ છે.

નમસ્કાર કરનાર નાદ સ્વરૂપ બને છે.
નાદમાંથી બિંદુ, બિંદુમાંથી કળા, કળામાંથી અમૃત અને
અમૃતમાંથી જ્યોતિ પ્રકટે છે અર્થાત્ જેઓ પંચપરમેષ્ઠિ
નમસ્કાર ભાવથી કરે, તેમના સર્વ દુષ્કૃત નાશ પામે,
તેથી સર્વ સુકૃતોના સ્વામી બને અને
અંતિમ શરણભૂત પરમાત્મદ્રવ્યનું શરણ પામે છે.
એક 'નમો' પદમાં આ રીતે
દુષ્કૃતની ગર્હા છે, માટે તે સમાધિ મરણનું કારણ છે,
સુકૃતની અનુમોદના છે, માટે બોધિબીજનું કારણ છે,
અરિહંતાદિ પરમપદે બિરાજમાન પંચપરમેષ્ઠિ
ભગવંતોનું શરણ છે, માટે મોક્ષનું કારણ છે.
અરિહંતોની સ્તુતિ આરોગ્ય - બોધિલાભ અને
સમાધિ મરણને પણ આપે છે, તેથી જ કહ્યું છે કે:
कित्तिय वंदिय महिया जे ए लोगस्स उत्तमा सिद्धा।
आरुग्गबोहिलाभं समाहिवरमुत्तमं दिंतु ॥
આરોગ્યપદથી મુક્તિ પર્યંતનું દ્રવ્ય - ભાવઆરોગ્ય મળે છે.
બોધિલાભ પદથી સુકૃતની અનુમોદના વડે પુણ્યાનુબંધી
પુણ્ય બંધાય છે અને સમાધિ મરણ પદથી પાપમાત્રનું
પ્રાયશ્ચિત્ત થતું હોવાથી મરણ સમયે પૂર્ણ સમાધિ રહે છે.

સં. ૨૦૩૦, ચૈ. વ. ૩, મધ્યાહ્ને ૧૨ વાગે, મુછાળા મહાવીર

શરીરને જેમ સ્નાન, વસ્ત્રાભૂષણાદિ સુશોભિત કરાય તથા
પાન, ભોજન, દ્રવ્યાદિ વડે સુરક્ષિત રખાય છે, તેમ
આત્માનું સ્નાન દુષ્કૃતગર્હા છે, તે વડે પાપમલ ધોવાય,
આત્માનું વસ્ત્ર સુકૃતાનુમોદના છે, તે વડે લાજ ઢંકાય
અને આત્માનું આભૂષણ એ ચતુઃશરણગમન છે,
તે વડે આત્મા સુશોભિત થાય છે.

અહીં દુષ્કૃતનું વર્જન તે પાનના - સુકૃતનું સેવન તે
ભોજનના અને દ્રવ્યનું શરણ તે સુરક્ષાના સ્થાને છે.
નમસ્કાર મંત્ર વડે સ્નાન, પાન, ભોજન, વસ્ત્રાભરણ
અને દ્રવ્ય આદિ વડે આત્મતત્ત્વની
નિર્મળતા, સુરક્ષા, સુશોભિતતા અને સુરક્ષા થાય છે.
નમોમાં દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદના - શરણગમન છે.
અરિહંત પદમાં દુષ્કૃતવર્જન છે, સુકૃતસેવન છે અને
શુદ્ધ આત્મદ્રવ્યની પ્રાપ્તિ છે.
એ રીતે 'નમો' અને 'અરિહંતાણં |' પદના સુમેળથી
આત્મરક્ષા માટે જરૂરી બધી સામગ્રી આવી મળે છે.
શરીરને મુખ્યપણે સ્નાન, પાન, ભોજન અને
વસ્ત્ર, આભૂષણ અને દ્રવ્ય વડે સુરક્ષા થાય છે, તેમ

આત્માની સુરક્ષા દુષ્કૃતગર્હાન-વર્જન, સુકૃતાનુમોદન-
સેવન અને અરિહંતાદિ ચારનું શરણાગમન અને
આત્મદ્રવ્યનું આશ્રયણ કરવા વડે થાય છે.
આવા મંત્ર માત્રમાં તે સામગ્રી રહેલી છે.
ધર્મપરિણામ = ચોવીસે કલાક ધર્મભાવથી વાસિત રહેવું,
દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદનના ભાવ કાયમ રહેવા.

સમતા - સમાધિને કોણ પામી શકે ?

वासीचंदणकप्पो जो जीवियमरणे य समसंसो ।
देहे य अपडिबद्धो काउस्सग्गो हवइ तस्स ॥ અર્થ:
વાંસલાથી કોઈ છેદે અર્થાત્ દુ:ખ આવે, ત્યારે દુષ્કૃતની
ગર્હા કરે, ચંદનથી કોઈ લેપે અર્થાત્ સુખ આવે, ત્યારે
સુકૃતાનુમોદના કરે અને જીવિત - મરણમાં
સમાન ભાવે રહે અર્થાત્ આત્મદ્રવ્યને શરણે રહે,
તે સમતા - સમાધિને પામી શકે છે.
સુખને પચાવવાનું સાધન સુકૃતાનુમોદના છે,
દુ:ખને પચાવવાનું સાધન દુષ્કૃતગર્હા છે અને
જીવન - મરણમાં સમવૃત્તિ ટકાવી રાખવાનું સાધન
આત્મદ્રવ્યની નિત્યતાનું ભાવન છે.
જીવન - મરણ એ આયુષ્યકર્મના ઉદય - અસ્ત છે.

આત્માને બંધન કે મોક્ષ નથી, પરંતુ સહજ સ્થિતિ છે. તેનો વિચાર બંધન-મોક્ષના ભેદ અને પ્રતિબંધથી મુક્ત રાખે છે અને સમત્વ અખંડ ટકાવી રાખે છે. દેહનો પ્રતિબંધ જ્યારે જાય તથા આત્મપ્રતિબંધ આવે, ત્યારે આ સમત્વ સધાઈને કાયોત્સર્ગ પૂર્ણ બને છે. અરિહંતો દુષ્કૃતરહિત છે, સુકૃતના ભંડાર છે અને આત્મતત્ત્વના આશ્રયે રહીને અરિહંતપદ પામે છે, તેથી

અરિહંતોને કરવામાં આવતો નમસ્કાર
સર્વ દુષ્કૃતને હરે છે, સુકૃતને કરે છે અને
આત્મદ્રવ્યને શરણે જવાની ભાવના પેદા કરે છે.
અરિહંતનમસ્કારમાં દુષ્કૃતગર્હા છે, કેમકે
જેને નમવામાં આવે છે, તે દુષ્કૃતરહિત છે.
અરિહંતનમસ્કારમાં સુકૃતાનુમોદના છે, કેમકે
જેને નમવામાં આવે છે, તેઓ સર્વ સુકૃતના ભંડાર છે.
અરિહંતનમસ્કારમાં શરણાગમન છે, કેમકે જેને
નમવામાં આવે છે, તેઓ આત્મદ્રવ્યને શરણે રહેલા છે.
જેના હૃદયમાં દુષ્કૃતની ગર્હા નથી, તે દુષ્કૃતરહિતને
શા માટે નમે? જેના હૃદયમાં સુકૃતાનુમોદન નથી,
તે સર્વ સુકૃતના સ્વામીઓને કેમ નમે?

જેને આત્મતત્ત્વ શરણભૂત લાગ્યું નથી,
તે આત્માનાં જ આશ્રયે રહેલાંઓને શા માટે નમે ?
અરિહંતાદિ પરમેષ્ઠિઓ દુષ્કૃતરહિત, સુકૃતસહિત અને
આત્માશ્રયી હોવાથી તેમને નમનારના હૃદયમાં
તે ત્રણે વસ્તુઓ ઉપર આદરભાવ રહેલો છે,
તેથી જ તે નમે છે, એમ સિદ્ધ થાય છે.
જેને દુષ્કૃતરહિત સ્થિતિ, સુકૃતસહિત અવસ્થા અને
સંપૂર્ણ આત્માર્પણવાળી અવસ્થા ઇષ્ટ છે,
તે ક્રમે કરીને તે ત્રણે અવસ્થાઓને પામવા યોગ્ય
સ્થિતિમાં આવે જ છે, તેને જ ભવ્યત્વનો પરિપાક
કે સહજમળનો હ્રાસાદિ શબ્દોથી સંબોધવામાં આવે છે.
નમસ્કાર એ કાયોત્સર્ગમાં એકાગ્ર થનારાને દેહ અને
મનની જડતા દૂર થાય છે, સુખ-દુઃખને સહન કરવાની
તથા સૂક્ષ્મ ચિન્તન-મનન-ધ્યાન કરવાની શક્તિ
પ્રાપ્ત થાય છે. દેહ અને મતિની જડતા દૂર થવાથી
સુખ-દુઃખનું કારણ પુણ્ય-પાપ સમજાય છે અને ત્યારે
પુણ્યની અનુમોદના-પાપની ગર્હારૂપ અનુપ્રેક્ષા જન્મે છે.
પાપની ગર્હા અને પુણ્યની અનુમોદનાનાં પરિણામ
પાપરહિત-પુણ્યસહિતનું ધ્યાન કરવાની પ્રેરણા આપે છે.

જેને નમાએ તે વસ્તુને ઉદ્દેશ માનીને નમવામાં આવે, તો તે નમવાની ક્રિયા જ્ઞાન-શ્રદ્ધાપૂર્વક કરી કહેવાય. અરિહંતાદિનો નમસ્કાર અરિહંતાદિમાં રહેલા ગુણોને ઉદ્દેશ માનવાનું શીખવે છે. અષ્ટાદશ દોષરહિત તથા સર્વોત્કૃષ્ટ પુણ્યની પ્રકૃતિના માલિકને નમસ્કાર કરો, એટલે દોષોને હેય અને ગુણોની સાથે દોષમુક્ત અને ગુણયુક્ત વ્યક્તિઓ જે સાધનાથી દોષમુક્ત અને ગુણયુક્ત બની, તે સાધનાને પણ ઉદ્દેશ માનો.

એ નિયમ છે કે...

દ્રવ્ય-ગુણ-પર્યાયથી આત્માનું જ્ઞાન, શ્રદ્ધાન અને રમણ એ જ સાધના અને એ સાધના વડે પરમોક્ષપદની પ્રાપ્તિ થઈ, તેથી અરિહંતાદિના નમસ્કારમાં દોષો પ્રત્યે હેયબુદ્ધિ, ગુણો પ્રત્યે ઉદ્દેશબુદ્ધિ અને આત્માનું જ જ્ઞાન, શ્રદ્ધાન તથા રમણતામાં ઇષ્ટબુદ્ધિ ઉત્પન્ન થઈ. તે ત્રણે વસ્તુઓની પ્રાપ્તિ નમસ્કાર કરનારમાં થાય.

'નમો' વડે દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને શરણાગમન તથા જેને નમવામાં આવે છે, તે દોષમુક્ત, ગુણયુક્ત અને સ્વદ્રવ્યગુણપર્યાયમાં રમણતાવાળાં જીવાદિ આત્માની કૃપાદૃષ્ટિ લાગે છે, વિષયતૃષ્ણા છીપે છે અને ભવદારિદ્રય નાશ પામે છે.

દુષ્કૃતગર્હા આદિ વડે સ્નાન - વસ્ત્ર - આભરણ અને દોષમુક્ત, ગુણયુક્ત અને સ્વરૂપરમણતાદિના બહુમાનથી ભોજન - પાન અને સ્વાનંત દ્રવ્યાદિના માલિક થવાય છે.

તીર્થ - તીર્થપતિ અને તીર્થને આરાધનારાઓનો નમસ્કાર વિષયતૃષ્ણા, કષાયતાપ અને કર્મમેલને હરે છે તથા સુકૃતાનુમોદનરૂપી વસ્ત્ર, શરણાગમનરૂપી આભૂષણ તથા તે દ્વારા શુદ્ધાત્મદ્રવ્યરૂપી સમૃદ્ધિના સ્વામી બનાવે છે.

નવકારમાં જેને નમસ્કાર કરવામાં આવે છે, તેઓ સર્વથા, પાપમુક્ત છે, સર્વોત્કૃષ્ટ પુણ્યના સ્વામી છે અને શુદ્ધાત્મસ્વરૂપની પ્રાપ્તિરૂપ પરમમંગળને વરેલા છે, તેથી નમસ્કાર વડે એક સાથે ત્રણેનો લાભ થાય છે.

પાપનાશ થયાં છે જેમનો, તેમને કરેલો નમસ્કાર દુષ્કૃત - ગર્હારૂપ અને પુણ્યાનુબંધી પુણ્યોપાર્જન કરાવનાર છે, એવા ગુણિને કરેલો નમસ્કાર સુકૃતાનુમોદનરૂપ છે,

શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિને ઉદ્દેશીને થયેલો નમસ્કાર
પરમ મંગળનો લાભ કરાવનાર થાય છે.

નવકારનું પ્રયોજન પાપનાશ અને મંગળલાભ છે. મંગળ બે પ્રકારનાં છે : એક શુદ્ધ સ્વરૂપના લાભરૂપી મોક્ષપદની પ્રાપ્તિ અને બીજું તે પદ ન મળે, ત્યાં સુધી

ઉત્તમ જન્માદિ મોક્ષની સામગ્રી કે જે પુણ્યાનુબંધી
પુણ્યથી મળે છે તે. આ બંને પ્રકારના મંગળનો લાભ
એક નમસ્કારનું ભાવથી સેવન કરવાથી મળે છે.
નમસ્કારમાં મંગળ, અભિધેય, સંબંધ સાથે પ્રયોજન પણ
સાક્ષાત બતાવ્યું છે, તેથી આબાલ-ગોપાલગ્રાહ્ય બને છે.
જેમકે પાપનાશ અને મંગળના લાભનું પ્રયોજન
મુખ્ય બનાવી નમસ્કારને ગાયો છે, તેઓને આ લોક
અને પરલોક સંબંધી ઉત્તમ ફળો આપોઆપ મળે છે.
આ લોકમાં પ્રશસ્ત અર્થ-કામ અને પરલોકમાં સિદ્ધિ,
સ્વર્ગ અને તેનાં સાધનરૂપ સુકુળમાં જન્મ તથા
બોધિરત્નની પ્રાપ્તિ છે, તે સર્વ નમસ્કારનું ફળ છે.

સર્વ મંગળોને વિષે પ્રથમ મંગળ -

તપ-સંયમાદિ ભાવમંગળોને વિષે પણ પ્રધાન મંગળ
અરિહંત આદિનો નમસ્કાર છે,
કેમકે અરિહંત આદિ ચાર જ
ઉત્કૃષ્ટ મંગળ, લોકોત્તમ અને શરણભૂત છે,
તપ-સંયમાદિ ભાવમંગળોના સ્વામી, ઉપદેશક અને
મોક્ષના અર્થી આત્માઓ માટે પરમ આલંબનભૂત છે,
તેથી પ્રધાન, શ્રેષ્ઠ અને પ્રથમ છે, મહામંગળ છે.

દુઃખનું નિવારણ દુષ્કૃતગર્હાથી છે,
સુખનો લાભ સુકૃતાનુમોદનથી છે અને
જીવનમાં દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદનનું શિક્ષણ - પ્રશિક્ષણ
અરિહંત મહાપુરુષોના શરણાગમનથી છે.
અસંયમથી દુઃખ છે અને અસંયમ એ દુષ્કૃત છે.
તેનાથી વિરમેલા મહામુનિઓને વંદન કરવાથી
દુષ્કૃતનું જોર ઘટી જાય છે, સંયમજોર વધાય છે.
તપ એ ઇચ્છાનિરોધરૂપ છે,
ઇચ્છા એ અસંયમનું જોર અને અસંયમ એ પાપ છે,
તેથી દુઃખનું જોર છે. સંયમ અને તપ વડે અને એ
બે ગુણોના આદર - બહુમાન વડે
દુઃખનાં મૂળરૂપ અસંયમ અને પાપનો નાશ થાય છે.
એમ સુખનું પાલન સુકૃતાનુમોદન અને
દુઃખનું શમન દુષ્કૃતગર્હા છે, તેમ જીવનનું શિક્ષણ - પ્રશિક્ષણ
અહિંસા અને અરિહંતના પ્રણામથી છે.
નમસ્કાર વડે અહિંસા - સંયમ - તપની પ્રશંસા તથા
અરિહંત, સંયમી અને તપસ્વીઓની પૂજા થાય છે.
નમસ્કારનો સંક્ષિપ્ત અર્થ પૂજા અને પ્રશંસા છે. નવકાર
મંત્ર વડે ધર્મીઓની પૂજા અને ધર્મની પ્રશંસા થાય છે.

જીવનું રક્ષણ કરવા નવકાર એ સર્વશિરોમણિ મંત્ર છે.
જીવરક્ષણ ૩ વસ્તુથી થાય: અહિંસા, સંયમ અને તપ.

આ નવકાર મંત્રમાં એ ત્રણેની પ્રશંસા અને
એ ત્રણે ધારણા કરનારની પૂજા થાય છે.
પૂજા એ દ્રવ્યસંકોચ છે અને પ્રશંસા એ ભાવસંકોચ છે.
દ્રવ્ય-ભાવસંકોચ એ નમસ્કારનો અર્થ છે.

આત્મચિંતાને ભુલાવનારી પરચિન્તાને
શાસ્ત્ર 'અધમાધમ' કહે છે. સુકૃતની અનુમોદનાનાં પાન
ચાવવા સારા પણ સુકૃતઘૃણાના બીડલા ચાવવા સારા નહિ.

દુષ્કૃતગર્હાથી મરણ, સુકૃતાનુમોદનથી જીવન તથા શરણ-
ગમનથી ભવભ્રમણ રુંધાય છે અને પરમપદ મળે છે.

દેવાધિદેવ અને સર્વોત્તમ આ જિનશાસનની પ્રાપ્તિનાં
મૂલ્ય ઘણાં ઊંચા છે, તેના આગળ બાહ્ય વસ્તુઓની
કિંમત કાંઈ જ નથી, એ શ્રદ્ધા દૃઢ કરવી જોઈએ.

પરમાત્માને મનમાં વસાવી રાખવા માટે દુન્યવી આભરણો
અને આંતરા કરવા નહિ. પંચ પરમેષ્ઠિ અને એમને
નમસ્કાર એ જ સારભૂત છે, પવિત્ર છે, તારણહાર છે.
દુન્યવી માયા, રંગરાગ વગેરે અસાર છે, અશુભ કર્મ
બંધાવનાર માટે મલિન, અપવિત્ર, ભવફેરા વધારનાર છે.

સારભૂત પરમેષ્ઠિ નમસ્કારના સ્મરણથી
મન પવિત્ર થાય છે, વિષયોની માયા - મોહની ઘટી
જાય છે, કષાયો અને રાગદ્વેષનાં જોર ઓછાં થાય છે,
માટે નમસ્કાર સ્મરણ એ જ સારભૂત છે.

અશુભ કર્મ કે હરણ કું, મંત્ર બડો નવકાર;
વાણી દ્વાદશ અંગો મેં, દેખ લીયો તત્ત્વસાર ...(૬)

## જિનશાસનનું ધ્યેય શું?

પરસ્પરોપગ્રહના કારણે સંસાર વાત્સલ્યસભર છે
અને ઇચ્છાના વિચ્છેદના કારણે સંસાર મોક્ષસ્વરૂપ છે.
ઇચ્છા, આશા અને તૃષ્ણાદિ રહિત થવું, એ જ
શ્રી જિનશાસનનું ધ્યેય છે, તેને જ વીતરાગતા કહી છે.
વીતરાગ અવસ્થામાં જ દેવત્વ રહેલું છે, તેથી શ્રી
જિનમતમાં વીતરાગ જ દેવ - નિર્ગ્રન્થ જ ગુરુ છે.
વીતરાગમાં ઇચ્છામાત્રનો અભાવ છે, કેમકે તેમાં
આત્માની પ્રકૃતિનો અનુભવ રહેલો છે...
તથા પ્રકૃતિનો અનુભવ એજ સર્વજ્ઞતાનું બીજ છે.
'આત્મા સ્વયં પૂર્ણ છે' એવું જેણે જાણ્યું, તે જ
જાણનારો છે, તે આત્મજ્ઞ અને તે જ સર્વજ્ઞ પણ છે,
બીજા બધાં જાણનાર છતાં અજાણ છે.

ઘાતીકર્મના આવરણોને છેદવાની શક્તિ
એક વીતરાગતામાં જ રહેલી છે. ઇચ્છાનો અભાવ
તે વીતરાગતા, મૂર્છાનો અભાવ તે નિઃસ્પૃહતા અને
એ બંને મુક્તિના ઉપાય છે, તેવું જ્ઞાન અને તેવી જ
શ્રદ્ધા, તે સમ્યગ્જ્ઞાન અને તે જ સમ્યગ્દર્શન છે.
તે બધાનો ઉપાય 'નમો અરિહંતાણં' છે,
મૌન અને ધ્યાન છે, નાદ અને જ્યોતિ છે,
સ્વરૂપરમણતા છે. Let go and let God.

## મહાપુરુષની આત્મશક્તિનું ધ્યાન

જ્યારે ધ્યાન કરીએ, ત્યારે મહાપુરુષના શરીરનું નહિ
પણ તેમાં રહેલી આત્મશક્તિનું ધ્યાન કરવું. આપણા
વિચાર, કલ્પના અને શ્રદ્ધા જેટલી હદ સુધી જઈ શકે,
તેટલી જ હદ સુધી આપણો વિકાસ થઈ શકે છે.
જેમણે પોતાના અહંભાવને શુદ્ધ કરી
આત્મભાવમાં મેળવી દીધો છે અને
આત્મભાવને વિકસાવી વિશ્વભાવમાં લય કરી દીધો છે,
વિશ્વભાવે રહી જીવન જીવી રહ્યા છે, તે મહાપુરુષ ગણાય છે.
રત્નનું જ્ઞાન અને મૂલ્ય સમજ્યા પછી જ તેમાં શ્રદ્ધા
અનેકગુણી વધે છે. ધર્મરત્નનું પણ તેમ જ સમજવું.

નમો અરિહંતાણં = સમતારસમણસાગરનું પ્રવેશદ્વાર.

'નમો' એ મનનું શીર્ષાસન છે, તો
'અરિહંતાણં |' મનનું શવાસન છે.
'નમો' એ મનનું મૌન છે, તો
'અરિહંતાણં |' આત્માનું ધ્યાન છે.
'નમો' એ અનાહત નાદ છે, તો
'અરિહંતાણં |' આત્મજ્યોતિ છે.
'નમો' એ શૂન્યતા છે, તો
'અરિહંતાણં |' પૂર્ણતા છે.
'નમો' એ અંતરાત્મભાવ છે, તો
'અરિહંતાણં |' પરમાત્મભાવ છે.
'નમો' એ મોહને નકાર છે, તો
'અરિહંતાણં |' મોક્ષને આવકાર છે.
'નમો' એ પ્રકૃતિનો અધિકારનિવૃત્ત છે, તો
'અરિહંતાણં |' પુરુષનો અધિકારપ્રવૃત્ત છે.
'નમો' એ મમતાનો નાશ છે, તો
'અરિહંતાણં |' સમતાનો પ્રાદુર્ભાવ છે.

નમો = સ્વદુષ્કૃતગર્હા, સ્વપર સુકૃતાનુમોદન, અરિહંત આદિની શરણાગતિ, ભવમાર્ગનો વિચ્છેદ, મુક્તિમાર્ગનો અંગીકાર, દ્વાદશાંગનો સાર અને ચૌદ પૂર્વનો ઉદ્ધાર.

દ્વાદશાંગીનું પ્રયોજન પરિણામ વિશુદ્ધિ છે.
નવકાર અને નવપદ વડે પણ તે જ સાધ્ય શક્ય છે.
નવકારના વાચ્ય અને દ્વાદશાંગીના અર્થથી પ્રતિપાદક
તથા પ્રતિપાદ્ય એક જ છે. તેમનું ધ્યાન ધર્યું હોવાથી
બંને સમાન ફળને દેનાર થાય છે.

'નમો અરિહંતાણં'ના નમો પદ વડે ધ્યાતા એકબાજુ
પોતાની કર્મજડતાનો સ્વીકાર કરી નમ્ર બને છે અને
બીજીબાજુ શુદ્ધ ધ્યેયમાં પોતાનું મન જોડવાનો પ્રયાસ
કરે છે, તેથી એક 'નમો' પદ વડે ધ્યાતા અને ધ્યાન
બંનેની શુદ્ધિ થાય છે અને 'અરિહંતાણં' પદ દ્વારા
સાધકને શુદ્ધ ધ્યેયનો લાભ થાય છે, તેથી
તે પદ ધ્યેયશુદ્ધિનું કારણ બને છે અને
મોક્ષપ્રાપ્તિનું અસાધારણ કારણ પણ માન્યું છે.

દેવવંદન ભાષ્યમાં કહ્યું છે કે:

જિણાણાએ કુણંતાણં નૂણં નિવ્વાણકારણં ।
સુંદરંપિ સબુદ્ધીએ સવ્વં ભવનિબંધણં ॥૧॥ અર્થાત્:
'ભગવાનની આજ્ઞા છે' એમ સમજીને કરે, તો
નિશ્ચે નિર્વાણનું કારણ થાય છે અને સારું પણ
અનુષ્ઠાન સ્વમતિથી કરે, તો સંસારનું કારણ થાય છે.

વસ્તુસ્થિતિનો બોધ શ્રુતિ, યુક્તિ અને
અનુભૂતિથી પણ પૂર્ણ થઈ શકતો નથી.
અનુભૂતિ પણ ઐન્દ્રિક-કાલદેશાદિકાદિ ભાવયુક્ત છે.
ઊંટને લાકડી મારો અને મનુષ્યને ફટકો લાગે છે, છતાં
એ બધાનું પ્રયોજન, હેતુ, આશય, લક્ષ્ય, મંતવ્ય રહેલ છે,
તે દરેકને 'તત્વભૂતિ' કહી શકાય.
વિશ્વતંત્રમાં વ્યવસ્થિતિ છે.
There is Cosmic Order but not chaos.
જ્યારથી દેવ છે, ત્યારથી દેવલોક છે.
જ્યારથી જિનેશ્વર છે, ત્યારથી શાશ્વતી પ્રતિમાઓ છે.
પરસ્પર સંબંધ છે, તેથી સત્ય છે, સ્વભાવ છે,
ધર્મ છે, સત્ર છે, સતત છે, સર્વત્ર છે અને
સર્વોપરિ - સર્વોપકારી છે, એ બધી વ્યવસ્થિતિ છે.

o

નમસ્કાર એ Cosmic mission છે. Ultimate
purpose of the cosmosનું પ્રતીક નમસ્કાર છે.
It is the mantra of Nature and
the Nature is the
noble mission of Namaskar,
hence both are one & the same.

## નવકારના રટણથી બધું શક્ય

સંતોષરૂપ કલ્પવૃક્ષ-કામધેનુ-ચિંતામણિથી જ બધા લાભ.

સંસારમાં શાંતિથી રહેવા માટે પણ પરલોકની દૃષ્ટિ,
પાપનો ભય અને વિરક્ત ચિત્તવૃત્તિ આવશ્યક છે.

આત્મા બધા સમાન પણ કર્મથી વિચિત્રતા હોય છે.
દીવાનો પ્રકાશ સરખો પણ કાચ લાલ, પીળો, કાળો હોય,
તો પ્રકાશ પણ તેવો થાય.
વાયુ એક જ પણ બગીચાનો સુગંધી - ઉકરડાનો દુર્ગંધી,
પાણી એક જ પણ સાકરવાળું મીઠું - મીઠાવાળું ખારૂં,
તેમ શુભાશુભ કર્મથી એક સુખી - એક દુઃખી,
એક પાપી - એક પુણ્યવાન, એવો ભેદ પડે છે.

શુભ પરિણામ એ આંતરધન છે.
સંસારરૂપી આગમાંથી બચાવવા લાયક તે પરિણામ છે
અને તે નવકારના રટણથી જ શક્ય છે.

જીવ સ્વતંત્ર પણ છે અને પરતંત્ર પણ છે.
કર્મ બાંધવા માટે જીવ સ્વતંત્ર છે, પરન્તુ
કર્મ બાંધ્યા પછી તેનું ફળ ભોગવવામાં પરતંત્ર છે.
જેમ બાહ્યરોગ માટે હોસ્પીટલાદિ છે, તેમ
કર્મરોગ માટે મંદિર - ઉપાશ્રયાદિ છે.

सर्वे जीवा उपादेयाः शक्तिरूपशिवात्मकाः ।
व्यक्तिरूपोल्लसन्मोक्षाः पञ्चाऽपि परमेष्ठिनः ॥(परिशिष्ट-२)

(૧) સર્વ જીવોના આઠ રૂચક પ્રદેશો નિત્ય ઉઘાડા છે,
તે સ્નાતકભાવને વિકસાવે છે. --- સાધુપદ

(૨) સર્વ સંસારી જીવોના અન્ય પ્રદેશો,
જે આઠ પ્રકારના કર્મના આવરણ નીચે છે,
તે માધ્યસ્થ્યભાવને વિકસાવે છે. --- સિદ્ધપદ

(3) સર્વ સિદ્ધ પરમાત્માઓના સર્વ આત્મપ્રદેશો
નિરાવરણ થયેલાં છે, તે પ્રમોદભાવને વિકસાવે છે.
--- ઉપાધ્યાયપદ

(૪) નિગોદના અનંતાનંત જીવો અનંતકાળથી અનંત અનંત
પીડાઓને અનુભવી રહ્યા છે, તે કરુણાભાવને વિકસાવે છે.
--- આચાર્યપદ

(૫) 'अर्हं' પદ ત્રિભુવનપૂજ્યતાને દર્શાવે છે, તે પ્રમોદ
ભાવનું પ્રતીક છે. પ્રમોદભાવ - મૈત્રીભાવ - વિસ્મયભાવ
અવિનાભૂત છે. મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ પ્રસ્થિતનું
ધ્યાન વિસ્મય, પુલક અને પ્રમોદભાવ વિકસાવનારું
થાય, તો તે ભાવઅનુષ્ઠાનને અમૃતાનુષ્ઠાન બનાવી
અજરામર પદની પ્રાપ્તિ કરાવે છે. --- અરિહંતપદ

'અર્હં' અર્હ પૂજાયાં । પ્રભાવકત્વાદિ પૂજ્યતા પ્રાપ્ત થાય.
પ્રભાવકનો વિષય ગુણાધિકતા છે.

પ્રભાવક માટે સિદ્ધને તથા કરુણા માટે નિગોદને જુઓ. મૈત્રી માટે ૮ રુચક પ્રદેશોને જુઓ. માધ્યસ્થ્ય માટે ૮ સિવાયના પ્રદેશો જે આવરણ નીચે છે, તેને વિચારો. મૈત્રીથી સાધુતા વિકસે છે, પ્રભાવકથી પાઠક પદ અને કરુણાથી દર્શક ગુણ વિકસે છે.

માધ્યસ્થ્યભાવ ઔદાસિન્યને વિકસાવે
કેવળજ્ઞાનને આપે છે અને સિદ્ધપદની પ્રાપ્તિ કરાવે છે. અરિહંતમાં ચારે ભાવ પરાકાષ્ઠાને પામેલા છે, તેના ફળરૂપે અપાયાપગમાદિ ૪ અતિશયોના સ્વામી બની ૪ ગતિના જીવોને પંચમ ગતિના માલિક બનાવે છે. એકનું સ્મરણ સર્વ જિનેશ્વરોનું સ્મરણ કરાવે છે અને સર્વ જિનેશ્વરોનું સ્મરણ ૩ કાળ અને ૩ લોકમાં રહેલ સર્વ સદ્ વસ્તુઓનું સ્મરણ કરાવી, ચિત્તની પ્રસન્નતાને પેદા કરે છે.

°

'જુદા જુદા જગ સહુ કહે, જુદા ન જગમાં કોય;
જો ઘટ ખોલું આપ કા, મૂળ સે જુદા ન કોય' ...(૧)

મુંબઈ મહાવીર, ચૈત્ર વદી ૨/૨, રવિ, તા. ૧-૪-૯૪

આદિનાથના શિષ્ય મરીચિ - મહાવીર બન્યા અને
મહાવીરના શિષ્ય ગૌતમ અનંતલબ્ધિના નિધાન બન્યા.
ગૌતમના શિષ્ય તાપસો કેવળી થયા.
ગૌતમનું ધ્યાન મનોવાંછિત પૂરનાર બન્યું.
ગૌતમ = વસ્તુઓમાં સર્વશ્રેષ્ઠ - 'अर्हं' પદ.
ગો = કામધેનુ, ત = કલ્પતરૂ, મ = ચિંતામણિ રત્ન.
ગણધર - ગણપતિ - ગણેશ = સુવિહિત મુનિઓના નાયક.
ગણેશનો બીજો અર્થ = 'ગણ' એટલે વર્ણ સમુદાય,
તેના ઈશ - સ્વામી = 'अर्हं'.
વિનાયક = લાંબા કાન, ઝીણી આંખ, લાંબું નાક, મોટું
પેટ અને નાનું વાહન. પુરુષોત્તમ - પુરુષોને વિષે ઉત્તમ.
અક્ષરનો અનંતમો ભાગ જીવમાત્રનો નિત્ય ઉઘાડો છે,
તે કર્મથી આવરણ કરતાં જીવનું મૂલ્ય નિત્ય અધિક છે.
આવરણ કરતાં જીવની કિંમત અધિક ન લાગે અને
જીવ કરતાં આવરણની કિંમત અધિક લાગે,
ત્યાં શુદ્ધ જીવાદિ તત્ત્વનું સમ્યગ્જ્ઞાન થયું છે,
એમ કહેવાય નહિ.

ह्रीं ॐ ॐ अर्हं ॐ ॐ अर्हं ॐ ॐ ह्रीं

ચૈત્ર વ-11, સોમવાર, તા. ૨૨-૪-૯૪

દાસોઽહં સોઽહં ૐ અર્હં નમઃ ।

'હું દાસ છું આત્માનો, હું અંશ છું આત્માનો,
હું એક છું આત્માથી...' એમ
શ્રી અરિહંત પરમાત્મા કહે છે, તે મને સર્વાંશ માન્ય છે.

ૐ અગ્નિરૂપ છે અને હ્રીં અમૃતરૂપ છે.
શરીરમાં કુંડલિની જે સ્થળે છે,
તે સ્થળે આત્માના શુદ્ધ આઠ રૂચક પ્રદેશો રહેલાં છે.
કુંડલિની જાગ્રત થાય, ત્યારે શરીરમાં ચારે બાજુ અગ્નિ
(જ્ઞાનધ્યાન જ્યોતિ) પ્રસરે છે અને મલિન-ભૌતિક
તત્ત્વોને ભસ્મીભૂત કરી નાંખ્યા પછી તે ઉર્ધ્વગામિની
બનીને અમૃતસ્રાવ કરે છે અર્થાત્ દિવ્યતા પ્રકટે છે,
બધું શુદ્ધ - સર્વાંગસુંદર - નવપલ્લવિત થઈ જાય છે.
અનાહત નાદનું શ્રવણ એ જાગૃતિનું સૂચક છે.
એને ફરતાં ૧૬ સ્વરો એ વિદ્યાદેવીનાં વાચક છે.
જેને નાદ અને જ્યોતિ પ્રકટે,
તેને ૧૬ પ્રધાન વિદ્યાઓ સ્વયં પ્રાપ્ત થઈ જાય છે.
ૐ અગ્નિ એ નાદનું સૂચક છે અને
હ્રીં અમૃત એ જ્યોતિનું સૂચક છે, એમ પણ કહી શકાય.

મહામંત્રોમાં સર્જનશક્તિ હોય છે.
પુરુષ - પ્રકૃતિના સંયોગ વિના સર્જન શક્ય નથી.
'હ' એ પુરુષ અને 'અ' એ પ્રકૃતિ છે.
પ્રકૃતિ વક્ર છે, તેથી 'અ'ને વક્રરેખારૂપે સ્થાપન કરાય છે.
અર્હ રેફયુક્ત હોય, ત્યારે સંપુટ મંત્ર બને છે.
'ર' અને 'અ'નો સંપુટ 'હ' ને બળવાન બનાવે છે.
'ર' અગ્નિબીજ છે અને 'અ' એ અમૃત છે, તેથી
અર્હમાં પહેલા મલિનતાને દૂર કે દહન કરવાનું અને
શુદ્ધ તત્ત્વોને સર્જન કરવાનું સામર્થ્ય છે.
એક રેફવાળો અર્હ પણ મંગલ સ્વરૂપ છે.
તેનો જ્યારે મંત્ર - તંત્રમાં ઉપયોગ કરાય છે, ત્યારે
રેફયુક્ત ફરીને સંપુટ મંત્ર બનાવવામાં આવે છે.
સંપુટ મંત્રનો વિશિષ્ટ પ્રભાવ હોય છે.
અ - ર - હ - ર - અ - કલા - બિંદુ - નાદ.
આમાં 'હ' એ અર્હત્વાચક છે - બળબીજ છે,
'ર' એ અગ્નિવાચક અને 'અ' એ અમૃતવાચક છે.
ૐ હ્રીં અર્હં નમઃ । હ = પરમાત્મા, ઽ = જાગૃત કુંડલિની,
ઊર્ધ્વરેફ = રત્નત્રય, અધોરેફ = કર્મદહન,
કલા = યોગસિદ્ધિઓ, બિન્દુ = શુદ્ધ આત્મા.

સં. ૨૦૩૦, વૈશાખ સુદી ૧૧ ને ગુરુવાર, તીર્થસ્થાપનાદિન

'નમો' પદનો અર્થ એ છે કે:

અરિહંત પરમાત્માની આજ્ઞાનુસાર

હું મારાથી થયેલ દુષ્કૃતોની ગર્હા કરું છું,

હું મારાથી થયેલ સુકૃતોની અનુમોદના કરું છું અને

હું મારા શુદ્ધ આત્મતત્ત્વને શરણે જાઉં છું.

'નમો' એ નૈપાતિકપદ છે અને

તેનો અર્થ પૂજા અથવા પ્રશંસા છે.

પૂજ્યની પૂજા તથા ધર્મની પ્રશંસા કરવાથી

પાપનો નાશ અને મંગળનો લાભ થાય છે.

સત્ - ચિત્ - આનંદ - ઘન

સત્ - Life - નાદ, ચિત્ - light - બિન્દુ,

આનંદ - Love - કળા, ઘન - joy - Peace - અમૃત,

જ્યોતિ - happiness - harmony - પ્રકાશ.

અર્થાત્...

નાદ = Life - સત્, બિન્દુ = light - ચિત્,

કળા = Love - આનંદ,

અમૃત = joy - Peace - ઘનામૃત,

જ્યોતિ = happiness - harmony - અખંડજ્યોતિ.

## ગ્રંથનો સાચો અનુભવ કરવા માટેના સંકલ્પો

'પરમાત્માના જ અંશરૂપ અવિનાશી આત્મા હું છું.
ઈશ્વર આનંદરૂપ છે, તેજસ્વી - શ્રેષ્ઠ - નિષ્પાપ - દિવ્ય છે.
સંસારને કંઈપણ આપતાં રહેવાની નીતિ તે દૈવનીતિ.
પરમાત્મા અંતર્યામી છે, તેમના શરણમાં અર્પણ થાઉં છું.
તેને જ પોતાના હૃદયાસન ઉપર સ્થાપું છું.
તે જ મારા છે અને હું તેનો જ છું.
સદ્બુદ્ધિ વધીને કોઈ મોટું વરદાન નથી.
સદ્બુદ્ધિ રૂપ આ દિવ્ય સંપત્તિ મેળવવા માટે
હું ઘોર તપ કરીશ તથા દુર્બુદ્ધિને દૂર કરીશ.
અસત્યને ત્યાગવા અને સત્યને સ્વીકારવા જરાપણ
કંજૂસાઈ કરીશ નહિ. ભગવાન સત્ય, શિવ, સુંદર છે.
તેમને મારા અંતઃકરણમાં બિરાજમાન કરીશ અને
તેમની કૃપાથી જીવનલક્ષ્યને મેળવવામાં સફળ બનીશ.
પરમાત્મામાં મન પરોવી સારા વિચારો કરીશ,
સારી વાણી બોલીશ અને સારા આચરણ રાખીશ.'

ગ્રંથનો સાચો અનુભવ કરવા માટે
આ સંકલ્પોને બોલતા સમય શુદ્ધ સ્થાન મળવું જોઈએ,
કારણ કે સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરે છે.

આયતચક્ખૂ લોગવિપસ્સી
લોગસ્સ અહોભાગં જાણઇ ।
ઉડ્ઢભાગં જાણઇ તિરિયં ભાગં જાણઇ ।

અધો લોકનો - અ, ઊર્ધ્વ લોકનો - ઉ તથા મધ્ય લોકનો - મ । આમ ત્રણે મળીને ૐ બને છે. જે પુરુષ ત્રણ લોકમાં થવાવાળી સર્વ ક્રિયાઓને પ્રત્યક્ષ જાણે છે, તે દીર્ઘદર્શી સર્વજ્ઞ પુરુષ 'ૐ' શબ્દનો વાચ્ય છે. હ-કારનો સ-કારમાં લય કરવાથી જે સમાધિ પ્રગટે છે, તે 'સોઽહં' સમાધિ છે. 'રમતે ઇતિ રામ: ।' આત્મામાં રમણ કરે, તે રામ છે. જે પોતાના આત્મામાં રમે, તે પાપથી છૂટી પરમાત્મા બને. 'હંસ' મંત્રનો અર્થ પણ 'સોઽહં' મંત્ર રૂપ છે.

ઓંકારમાં સાકાર - નિરાકાર ઈશ્વર તથા સર્વ સદ્ગુરુઓનો સમાવેશ થઈ જાય છે. આયતચક્ષુ, દીર્ઘદર્શી, ત્રણ લોકને જાણનાર અથવા પૂર્ણ જ્ઞાની પુરુષ, તે ઓંકારના વાચ્ય છે.

o વૈષ્ણવ મતમાં વિરાટ સ્વરૂપનું દર્શન પિંડરૂપ ચૌદ લોક, લોકનાલિકાને કહે છે.

'ૐ સોઽહં ૐ હંસ: સોઽહં ૐ'

સાધક જ્યારે આત્મસાધનામાં પ્રવૃત્ત થાય ત્યારે સાધુ,
ઉપાધિ દૂર કરી આત્મઅધ્યયન કરે ત્યારે ઉપાધ્યાય,
જ્ઞાનાદિ આચારમાં પ્રવર્તે ત્યારે આચાર્ય,
ઘાતી કર્મોને હણે ત્યારે અરિહંત અને પ્રાંતે
અઘાતી કર્મોને હણે ત્યારે સિદ્ધ બને છે.
ભગવાનમાં રહેલ પંચપરમેષ્ઠિઓના આદ્ય અક્ષરોના
યોગથી 'ૐ' બને છે, જેનું તાત્પર્ય પણ
વિભિન્ન શક્તિઓ, ગુણો અને વિશેષતાઓના બોધક
પાંચ પદો દ્વારા જે બોધ થાય છે,
તે સર્વ અર્થ જેમાં રહેલો છે, તે ઓંકાર છે.
ઓંકાર એ ઈશ્વરનું સર્વોત્તમ નામ છે.
એના દ્વારા પ્રભુની સમસ્ત શક્તિઓનું જ્ઞાન થાય છે.
સર્વ ગુણોના આગાર, સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વ દુઃખમુક્ત
જે ભવ, તે ઓંકારનો વાચ્ય છે.
વેદાંતવાદી = અદ્વૈત એક જ પદાર્થને માને છે.
સાંખ્ય = પ્રકૃતિ - પુરુષ બે તત્ત્વને માને છે.
પ્રકૃતિથી પુરુષે પૃથક્ થવું, તે સાંખ્યનો મોક્ષ છે અને
માયાથી છૂટી બ્રહ્મમાં લીન થવું, તેને વેદાંતી મોક્ષ માને છે.
જૈન = તે આઠે આઠ કર્મનો ક્ષય થવાથી મોક્ષ માને છે.

**નાવિક - નાવ - મુસાફરમાં મુખ્ય કોણ છે? ઉત્તર: નાવ.**

નાવિક માટે પણ નાવ અને મુસાફર માટે પણ
નાવ જ જરૂરી છે, કારણકે પાર ઉતારનાર નાવ છે.
અહીં નાવિકના સ્થાને પંચપરમેષ્ઠિ અને
મુસાફરના સ્થાને ભવ્ય જીવો છે.
બંનેને આશ્રય આત્મદ્રવ્યરૂપી નાવનું છે.
આત્મદ્રવ્ય એ નાવ છે, પરમેષ્ઠિ એ નાવિક છે અને
ભવ્ય જીવો એ મુસાફિર છે.

જ્ઞાનાદિ ગુણોના ભંડાર શ્રી પંચ પરમેષ્ઠિ છે અને એ
ભંડારની ચાવી પણ પંચ પરમેષ્ઠિ નમસ્કાર પાસે છે,
તેના માલિક પણ પંચ પરમેષ્ઠિ છે. પરમેષ્ઠિ આત્માના
આશ્રયે છે, માટે આત્માનો આશ્રય એ જ મુક્તિદાતા છે.
પરમેષ્ઠિ નમસ્કાર એ તત્ત્વથી શુદ્ધ આત્મનમસ્કાર છે.

**ધ્યાનરૂપ આર્હન્ત્યનું પ્રણિધાન**

આપણે આર્હન્ત્યનું પ્રણિધાન કરીએ છીએ,
હૃદયમાં આર્હન્ત્યને ધારણ કરીએ છીએ તથા
પ્રકર્ષેણ-નિઃશેષેણ સ્થાપન કરીએ છીએ, તે ધ્યાનરૂપ છે.
આર્હન્ત્ય એટલે આગમ, આગમ એ સામાયિક,
સામાયિક એટલે રત્નત્રયી, રત્નત્રયી એટલે આત્મા.

એ દ્રવ્યથી અરિહંત એમ આજ્ઞાસ્વરૂપ છે,
તેમ સામાયિકસ્વરૂપ પણ છે.
તે સામાયિકસ્વરૂપ છે, તેમ રત્નત્રયસ્વરૂપ પણ છે.
તે રત્નત્રયસ્વરૂપ છે, માટે આત્મસ્વરૂપ છે. કહ્યું છે:
'આયા સામાઇએ, આયા સામાઇયસ્સ અટ્ઠે ।'
આત્મા સામાયિકરૂપ છે, આત્મા સામાયિકનું પ્રયોજન છે.
સામાયિક એ આત્મા છે અને
સામાયિકનું પ્રયોજન આત્માની વિશુદ્ધિ છે.
આત્મા અને આત્માના ગુણોનું પ્રકટીકરણ જેનાથી થાય,
તે સામાયિક છે અને તે જ આજ્ઞા છે.
આજ્ઞા એ અરિહંત છે, તેનું અમે ધ્યાન કરીએ છીએ
અને તેની ઉપાસના માટે નામ, સ્થાપના, દ્રવ્ય અને
ભાવનિક્ષેપનું આલંબન લઈએ છીએ. ચારે નિક્ષેપે
થતી અરિહંતની ઉપાસના ત્રણે લોકને પવિત્ર કરે છે.
સર્વ ક્ષેત્ર-કાળમાં રહેલાં સર્વ જીવોને પવિત્ર કરનાર
ચાર નિક્ષેપે થતી અરિહંતોની ઉપાસના છે.
એ ઉપાસના દ્વારા જે અરિહંતનું ધ્યાન થાય છે,
અરિહંતોની આજ્ઞાપાલનનો અધ્યવસાય પ્રકટે છે,
તે જ જીવોની શુદ્ધિનું કારણ છે.

## નાદ - બિંદુ - કલાસ્વરૂપ અર્ધમાત્રા

મંત્રોમાં રહેલું મંત્રચૈતન્ય પ્રકટાવવા માટે
વર્ણવિચ્યુતિ, અનાહત અને અવ્યક્ત - સાધન છે.
વર્ણવિચ્યુતિ થવા વડે નાદ પ્રકટે છે, તે અનાહત છે.
નાદમાંથી બિંદુ અને બિન્દુમાંથી કલા ઉત્પન્ન થાય, તે
જ્યોતિસ્વરૂપ છે, તેને જ 'અવ્યક્ત' શબ્દથી સંબોધે છે.
ત્રિમાત્રથી અમાત્રમાં જતા અર્ધમાત્રાનો આશ્રય લેવો પડે,
તે અર્ધમાત્રા એ અનુક્રમે નાદ - બિંદુ - કલાસ્વરૂપ છે.
નાદમાંથી બિંદુ, બિંદુમાંથી કલા અને કલામાંથી અવ્યક્ત.

અવ્યક્ત તે શક્તિ, વ્યાપીની, સમના અને
ઉન્મનારૂપ બનીને અનુક્રમે તુરીય અને
તુરીયાતીત અવસ્થાની પ્રાપ્તિ કરાવે છે,
એટલે જ શાસ્ત્રમાં કહ્યું છે કે:

आद्यन्ताक्षरसंलक्ष्यमक्षरं व्याप्य यत् स्थितं ।
अग्निज्वालासमं नाद - बिन्दुरेखासमन्वितम् ॥१॥
अग्निज्वालासमाक्रांतं मनोमलविशोधकम् ।
देदीप्यमानं हृत्पद्मे तत्पदं नौमि निर्मलं ॥२॥
अर्हमित्यक्षरं ब्रह्म वाचकं परमेष्ठिनः ।
सिद्धचक्रस्य सद्बीजं सर्वतः प्रणिदध्महे ॥३॥

(પરિશિષ્ટ-૩)

## ભવ્ય જીવોને ઉપદેશ - પ્રભુને પ્રાર્થના

અહો ભવ્ય જીવો! જો તમે આત્મસુખના ઈચ્છુક થયા છો
અને શુદ્ધાનંદને વિલસો એવી અભિલાષાવાળા છો,
તો તમે શ્રી અરિહંત પ્રભુ કે જેઓ શુદ્ધ દેવ,
અશરણના શરણ, જગદાધાર, જગતજીવોના ઉપકારી,
મોહતિમિરને ભગાડવા માટે ભાસ્કર જેવા,
કર્મરોગના પરમ વૈદ્ય, મહામાહણ, મહાગોપ, મહાનિર્યામક,
મહાસાર્થવાહ, સમ્યગ્દૃષ્ટિ જીવના જીવનપ્રાણ,
દેશવિરતિધરને મહામંત્રની જેમ જપવા યોગ્ય,
સાધુ - નિર્ગ્રન્થ જેમની આજ્ઞાએ ચાલી રહ્યા છે,
ઉપાધ્યાયના હૃદયરૂપી સરોવરને વિષે હંસ સમાન,
આચાર્ય ભગવંતોના નાથ, ગણધર દેવોના સાક્ષાત
મોક્ષરૂપ અને સ્યાદ્વાદ ધર્મના ઉપદેશક એવા શ્રી
અરિહંત દેવની સેવા - જ્યાં સુધી સૌની
સંપૂર્ણ સિદ્ધતા ન થાય, ત્યાં સુધી અખંડ રહેજો.

પાપરૂપી પંકથી હું ખૂબ ખરડાયો છું,
ગુણરૂપી સંપત્તિથી હીન તથા પુરુષાર્થ કરવાની શક્તિથી
હું ઊણો છું - દીન છું તો પણ તારો છું, કેમકે
તારા ગુણરૂપી સમુદ્રમાં હું મગ્ન છું, લીન છું.

આ દેવ વીતરાગ છે તો ય મુમુક્ષુઓ વડે ધ્યાન કરાય છે,
ત્યારે સ્વર્ગાપવર્ગના ફળને આપે છે, કેમકે
તેમના તેવા પ્રકારની શક્તિ છે.
હે ત્રણ ભુવનના નાથ ! મને ઘણો પશ્ચાત્તાપ થાય છે કે
આપ સરિખા સંસારસાગરથી તારવાને સમર્થ એવા નાથ
મળ્યાં છતાં હજુ સુધી મુજ પાપીનો ઉદ્ધાર થયો નહિ!
હે નાથ ! હજુ સુધી 'હું તે હું' અને
'તું તે તું' ભાવ મને પરિણમ્યો નહિ!
હજુ સુધી 'ત્વમેવાહં' 'ત્વમેવાહં'ની રટ લાગી નહિ!
હે કૃપાળુ! હજુ સુધી 'સોઽહં' 'સોઽહં'ની લય લાગી નહિ!
પ્રભુ હે દયાના સાગર! મને સંપૂર્ણ વિશ્વાસ છે કે
એક દિવસ એવો અવશ્ય આવવાનો છે,
જે દિવસે...
'તુજ મુજ અંતર ભાંજશે, વાજશે મંગળતૂર.'
એ ધન્ય દિવસ, ધન્ય ઘડીની હું રોજ પ્રતીક્ષા કરું છું,
પરન્તુ હે નાથ!
તે ધન્ય દિવસ, ધન્ય ઘડી ન મળે,
ત્યાં સુધી આપની સેવા મને ભવોભવ અખંડ મળજો,
એવી ઇચ્છા, અભિલાષા અને અભ્યર્થના.

ભગવાનના ઉપદેશનો સાર - આત્માની સ્વાધિનતા.
જીવ પરવસ્તુમાં પોતાની જાતને પરોવી પરાધીન બની રહ્યો છે, તે દેહાધ્યાસાદિથી છૂટે અને પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરી શકે, તે માટેના મુખ્ય બે ઉપાયો કહ્યાં છે:

આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાંત.

નીતિ વિનાનું રાજ્ય, ધર્મરહિત ધન અને
ઈશ્વરાર્પણ વિનાનું શુભ કર્મ લાંબો સમય ટકતું નથી.

મહામંત્ર શ્રી નવકારના એક લાખ જાપ

यो लक्षं जिनबद्धलक्ष्यसुमनाः सुव्यक्तवर्णक्रमम्,
श्रद्धावान् विजितेन्द्रियो भवहरं मंत्रं जपेत् श्रावकः।
पुष्पैः श्वेतसुगंधिभिश्च विधिना लक्षप्रमाणैर्जिनं,
यः संपूजयते स विश्वमहितः श्री तीर्थराजो भवेत् ॥

અર્થ: શ્રી જિનેશ્વર ભગવંત પ્રતિ લક્ષ્ય જેણે કર્યું છે, એવા જિતેન્દ્રિય, શ્રદ્ધાળુ, શરીર-વસ્ત્રની પવિત્રતા તથા મનની એકાગ્રતાપૂર્વક પૂજાની અન્ય સામગ્રી સહિત શ્રી જિનેશ્વરની પૂજા કરી, સર્વ પ્રકારના ભવનાશક મહામંત્ર શ્રી નવકારનો સુસ્પષ્ટ વર્ણોચ્ચારપૂર્વક એક લાખની સંખ્યાનો જાપ કરવાવાળો ભવ્ય આત્મા સમગ્ર સંસારને પૂજ્ય એવા શ્રી તીર્થંકર પદને પ્રાપ્ત કરે છે.

સં. ૨૦૩૦, ફાગણ સુદી ૧૩, બુધવાર,
તા: ૬-૪-૧૯૭૪, બુહાવા (રાજસ્થાન)

આજે સમાધિમાં થયેલ સ્ફુરણા - નવપદોનું રહસ્ય

(૧) દેવતત્ત્વ: અરિહંત અને સિદ્ધપદનું ધ્યાન એટલે એવંભૂતનયે શુદ્ધ પરમાત્માનું ધ્યાન છે.
ભાવના: 'તત્ત્વમસિ।' = પરમેષ્ઠિ ઉત્કટતા.

(૨) ગુરુતત્ત્વ: આચાર્યાદિ પદોનું ધ્યાન એટલે શબ્દનયે આત્માના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન છે.
ભાવના: 'અહં બ્રહ્માઽસ્મિ।' = ગુણોથી એકતા.

(૩) ધર્મતત્ત્વ: સમ્યગ્દર્શનાદિ પદોનું ધ્યાન નૈગમ-સંગ્રહનયે શુદ્ધ સર્વ જીવોના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન છે.
ભાવના: 'સર્વં ખલ્વિદં બ્રહ્મ।' = દ્રવ્યથી દૃષ્ટિ.

એ રીતે નવપદોની આરાધનાથી શુદ્ધ સ્વરૂપનું ધ્યાન અવશ્ય પ્રાપ્ત થાય છે. તત્ત્વથી પરમાત્મા, આત્મા, સર્વ જીવોનું શુદ્ધાત્મસ્વરૂપ એક છે. તે ધ્યાનથી સર્વના તાત્ત્વિક મિલનનું સુખ અનુભવાય. મિલનનું રહસ્ય સમજાતાં અદ્ભુત આનંદ થાય છે.

પાંચે પરમેષ્ઠિઓમાં દર્શન-જ્ઞાનાદિ અને સાધકમાં પ્રકટતા સમ્યક્ત્વાદિ ગુણોમાં કોઈ ભેદ નથી,

તેથી સમ્યક્ત્વાદિ ગુણોના અનુભવ વખતે
તે તે ગુણને ધારણ કરનારા સર્વ અરિહંતાદિ
ગુણી પુરુષોનું તત્ત્વથી મિલન થયું સમજવું.

## નવપદોનું વિભાગીકરણ

પ્રથમ બે પદ ધ્યેય - સાધ્યને સૂચવે છે,
બાદ ત્રણ પદો ધ્યાતા - સાધકને સૂચવે છે અને
છેલ્લા ચાર પદો ધ્યાન - સાધ્ય સાથે
સાધકને તન્મય બનાવનારી સાધનાને સૂચવે છે.

## શબ્દ અને બ્રહ્મનો અભેદ

આપણું જીવન એ આપણા હાથમાં આવેલું ફૂલ છે.
આપણી ભાષા એ એની ઉપરનું પડ છે,
તે પડ ભેદાય તો જીવનના અમૃતરસની ખબર પડે.
શબ્દબ્રહ્મને જે જાણે, તે પરબ્રહ્મને પામે.
તે જોવું જોઈએ કે શબ્દબ્રહ્મની ભીતર શું રહ્યું છે?
શબ્દની વ્યુત્પત્તિ, અર્થછાયા, ધ્વનિ, નિષ્પત્તિ વગેરે
વિશે ભાષાનું વિજ્ઞાન આપણને ઘણું કહી શકે છે.
શબ્દ કેમ ઉત્પન્ન થયો? ક્યાંથી આવ્યો?
કેવાં કેવાં સ્વરૂપ પામ્યો? તે ઇતિહાસને કહી શકે.
છતાં શબ્દના મર્મને ન પણ પામી શકીએ.

ભાષાના વધુ ઊંડા રહસ્યને પ્રકટ કરે,
એવું ભાષાનું આધ્યાત્મ શાસ્ત્ર પણ છે.
તેમાં રહેલો સૂક્ષ્મ બોધ પકડાય, તો શબ્દ દ્વારા જ
શબ્દથી પર રહેલ તત્ત્વનો પરિચય થાય છે.
મંત્રસાધના એ આવા શબ્દનાં દ્વાર ઉઘાડતી સાધના છે.
વાણીથી મન, મનથી બ્રહ્મ અને
બ્રહ્મથી મૂળ ચૈતન્યના ભંડારો તે ખોલી આપે છે,
તેથી તેને 'મૂળવિદ્યા' પણ કહે છે.
શબ્દનો ઉચ્ચાર કરતાં તેનાં બે સ્વરૂપ અનુભવ થાય:
ધ્વનિ અને અર્થ. ધ્વનિ સદા એકસરખો રહે છે
પણ અર્થની તો પરંપરા સર્જાય છે.
ધ્વનિ આનંદવાચક છે, અર્થ ક્રિયાવાચક છે.
ધ્વનિ લય પામે છે, તેમ ક્રિયા વિસ્તાર પામે છે.
શિવ-શક્તિના સાયુજ્યનું અંતરસ્વરૂપ લઈએ, તો તે
આ રીતે શબ્દ છે. સ્વર વર્ણોની જે યોજના છે, તે આ
શિવ-શક્તિની રમણતાને વાણીમાં ઉતારવાનો પ્રયત્ન છે.
'ચારાક્ષરી' એટલે ચાર સ્વરોની સંયોજના. વર્ણોની
પાછળ વાણીના આધાર સ્વરૂપ રહેલ ચાર સ્વરોમાં
સમસ્ત વિશ્વવ્યાપારનો આધાર રહેલો છે.

સર્વ વર્ણોની પાછળ અવ્યક્ત રૂપે રહેલો
આદિ સ્વર 'अ' એ શિવનું સ્વરૂપ છે. अ પછી आ
વગેરે સ્વરો अ ના જ વિકારો કે આવિષ્કારો છે,
તે અંતિમ अः સુધી પહોંચે છે.

આ अ નું अः થવું, એજ અહંકૃત લય છે.
સર્વ પ્રથમ તે 'પૂર્ણાહંતા' રૂપે 'હું શિવ' 'હું બ્રહ્મ' એવા
શુદ્ધ રૂપે પ્રગટ થઈને નીચે સરતાં સરતાં શક્તિના
પ્રદેશમાં આવતાં આવતાં એ જ અનંત રૂપે વિભક્ત
થઈ ક્ષુદ્ર અહંતા અને 'હું જીવ' રૂપ બની જાય છે.

સ્થૂળ સ્વરોના 'अः' સુધી વિકૃતિ જોઈને
પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને
અગિયારમા મન રૂપે વ્યક્ત થતો અહંકાર દર્શાવે છે.
એ अ + ह ને શુદ્ધ જે પૂર્ણ अ + हं માં લઈ જવાય, એ
જીવનની સાધના છે. अहंमां अ + ह + અનુસ્વાર આવે.
अ = શિવ - પ્રકાશરૂપ, ह = શક્તિ - વિમર્શરૂપ અને
અનુસ્વાર એટલે બિંદુ - તે બંનેની એકતાનું પ્રતીક છે.

ક્ષુદ્ર अहं આ એકતાને પારખી શકતો નથી.
પોતાને મૂળથી વિભાજિત કરી અલગ અને સ્વતંત્રરૂપે
જુએ છે તથા તેથી બંધન અને વિનાશને નોતરે છે.

ભાષામાં આવેલા વિસર્ગને શિવ જેમાં પોતાની જે પ્રકારની શક્તિમાં પોતાનું મૂળ સ્વરૂપ ત્યાગી બેઠાં છે,

તે પ્રત્યક્ષનું રહસ્ય પામીએ, તો

આપણી મૂળ ભણીની યાત્રા શરૂ થાય. તંત્રશાસ્ત્રમાં મનુષ્યના મસ્તકે આવેલાં સહસ્રારનું વર્ણન છે કે:

બિન્દુદ્વયં ચ તન્મધ્યે વિસર્ગરૂપમવ્યયમ્ ।
તન્મધ્યે શૂન્યદેશે તુ શિવઃ પરમ સંસ્થિતઃ ॥

અર્થાત્: સહસ્રારમાં બે બિન્દુઓ શાશ્વત વિસર્ગરૂપે આવેલાં છે અને તેમની મધ્યમાં શૂન્યદેશે પરમ શિવ બિરાજમાન છે.

## વિસર્ગરૂપ આ બે બિંદુ એટલે શું ?

શિવની શક્તિનાં બે રૂપ: એક કેન્દ્રગામી, બીજું કેન્દ્રત્યાગી. તેને જ પ્રકાશ અને વિમર્શરૂપ કે શુક્લ - કૃષ્ણરૂપ યા સંકોચ - વિકાસરૂપ કહેવાય છે. શ્રેયસ્ - પ્રેયસ્, પરા - અપરા, વિદ્યા - અવિદ્યાદિ તેનાં જ નામો છે. વિસર્ગનાં બે બિંદુઓમાં એક ઊંચે અને બીજું નીચે છે. નીચેનું બિંદુ અત્યંત જડસ્વરૂપ ધારણ કરેલી શક્તિનું છે.

તે 'તમસ્'નું અતિ ઘનીભૂત સ્વરૂપ છે તથા ઉપરનું બિન્દુ શુદ્ધ ચૈતન્યમય શક્તિનું પ્રત્યક્ષ છે. શિવ ત્યાં પોતાના સ્વરૂપને અત્યંત ઉજ્જ્વળપણે પામે છે.

નીચેના શક્તિનું બિંદુમાંથી પ્રસરણ થાય છે, ત્યારે તે
પોતાના જ્ઞાન અને ક્રિયાને વિકસિત કરતી જાય છે.
ઉપરની શક્તિનું જ્યારે અવતરણ થાય છે, ત્યારે
તે સત્, ચિત્ અને આનંદને પ્રકટ કરતી આવે છે.
નીચેના બિંદુને ઇચ્છાશક્તિ ગણીએ, તો તેના પ્રસરણમાંથી
શિવ અને શક્તિ - જે બિંદુમાં આવિર્ભાવ પામે છે,
તે છે જ્ઞાનબિંદુ અને ક્રિયાબિંદુ.


એ ત્રણેને જોડવાથી જે ત્રિકોણ રચાય છે,
તેને મૂળયોનિ યા શાશ્વતી વિશ્વયોનિ કહેવાય છે.
જેમ નીચેના બિંદુના પ્રસરણથી ઊર્ધ્વશીર્ષવાળું ત્રિકોણ રચાયું,
તેમ ઊંચેના બિન્દુના અવતરણથી એક નિમ્નશીર્ષવાળું
ત્રિકોણ રચાય છે. બંને ત્રિકોણ મળીને જે ષટ્કોણ રચાય,
તે શિવ-શક્તિનું સંપૂર્ણ મિલન સૂચવે છે.

જ્યારે સાધક પોતાના અંતઃકરણમાં શિવશક્તિનું આવું
મિલન કરી શકે છે, ત્યારે તેનો નવો જન્મ થાય છે.
એને જ શિવ-શક્તિનો પુત્ર કાર્તિકેય અથવા દેવોનો
સેનાપતિ સ્કંદ કહેવાય છે. મનુષ્યના આ નવા જન્મથી
કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર જેવા ષડ્રિપુઓ
સમાન આસુરી બળોનો નાશ સ્કંદ સેનાપતિ કરે છે.

સ્કંદને છ મુખ છે: વેદાંત પરિભાષામાં તેને શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન એ ષડ્ગુણ કહેવાય છે. એને ઈશ્વરનાં ષડ્ ઐશ્વર્ય પણ કહે છે, જેના નામ ધર્મ, યશ, વીર્ય, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય છે.

તંત્રસાધકો ષટ્કોણ યંત્રની પૂજા કરે, વેદાંતીઓ જે ષડ્સંપત્તિને મેળવવા પ્રયત્ન કરે કે ભક્તો જે ષડૈશ્વર્યને ઉપાસે, તે આખરે એક જ વસ્તુ છે.

ષટ્કોણની આકૃતિ અને રેખા નીચે મુજબ છે:




આ ષટ્કોણમાં બે ત્રિકોણનું મિલન થાય છે, તેમાં શિવ-શક્તિના ગુણોને વણી લેવામાં આવ્યાં છે. નીચેથી ઊંચે ચઢતાં ત્રિકોણનાં 3 બિંદુ છે. ઈચ્છા, જ્ઞાન અને ક્રિયા તેના રેખાઓ છે. તમોગુણ, સત્વગુણ, રજોગુણ ઉપરથી નીચે આવતાં ત્રિકોણના 3 બિંદુઓ છે. સત, ચિત અને આનંદ તેના રેખાઓ - એ જ

શિવની અંગ શક્તિઓ છે, જેના નામ અનુક્રમે
સન્ધિની, સંવિત્ અને આહ્લાદિની છે. વેદાંતમાં તેને
અસ્તિ, ભાતિ, પ્રિય - એવા શબ્દોથી ઓળખાવાય છે.
ઇચ્છા જ્યારે સત્ ઉપર આધારિત બને છે, ત્યારે
અમોઘ બની જાય છે. ચિત્નું સ્ફુરણ જ્યારે સંતપ્રસન્ન
બને છે, ત્યારે સંશયમાત્ર ભેદાઈ જતાં રહે છે.
ક્રિયા જ્યારે આનંદરૂપિણી બને છે, ત્યારે જીવન
બોજ, વેઠ કે ઢસરડો મટી સહજ લીલારૂપ બની જાય છે.

એ જ રીતે સત્યાગ્રહ અસ્તિરૂપ બની
નિત્ય અસ્તિત્વ સાથે સંધિ પામે, રસોગ્રહ ભાતિરૂપ
પ્રકાશમયી પરાસંવિત્ સાથે એકતા સાધે અને તપોગ્રહ
પ્રિયરૂપ - પ્રેમસ્વરૂપિણી હ્લાદિની શક્તિમાં જાગી ઊઠે,
તો જીવનની મંગળયાત્રા પૂરી થાય છે.

જીવનમાં સર્વથી નીચે ઇચ્છાશક્તિ છે,
ત્યાંથી કામનાનું સ્ફુરણ થાય છે. જીવનમાં સર્વોચ્ચ
સ્થાને હ્લાદિની શક્તિ છે, જેમાં સર્વ કામનાનું વિસર્જન છે.

પોતા માટે કાંઈ પણ ન ઇચ્છતો, કિન્તુ
પોતાનું સર્વ કાંઈ લુંટાવી દેતો, તે શુદ્ધ પ્રેમ છે.
શિવશક્તિના નિત્ય આનંદવિહારનું એ કૈલાસધામ છે.

ગોરક્ષનાથ કહે છે કે:

शिवस्याभ्यन्तरे शक्तिः शक्तेरभ्यन्तरे शिवः ।
अन्तरं नैव विजानीयात् चन्द्रचन्द्रिकयोरिव ॥१॥

અર્થાત્: શિવની અંદર શક્તિ છે, શક્તિમાં શિવ છે. ચંદ્ર અને ચાંદનીની જેમ આ બેમાં કોઈ અંતર નથી. આ દર્શન માટે તમસની ઘોર અમાસમાંથી પૂર્ણિમાના ધવલ પ્રદેશમાં આવવું જોઈએ. આપણી ઈચ્છાશક્તિ જ્ઞાન અને ક્રિયારૂપે પાંગરે છે, ત્યારે સૌથી પહેલાં તે આહાર શોધે છે. મનુષ્યના પ્રદેશમાં આવતાં તેને આહારની શુદ્ધિ - અશુદ્ધિનું વિવેકજ્ઞાન થાય છે અને આહારશુદ્ધિ પૂર્ણ થતાં મનુષ્યનાં રાગદ્વેષનાં દ્વન્દ્વમાત્રનાં બંધનો ખૂલી જાય છે. છાંદોગ્યોપનિષદમાં કહ્યું છે કે:

आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवा स्मृतिः ।
स्मृतिलम्भे सर्वग्रन्थीनां विप्रमोक्षः ॥१॥

અર્થાત્: શુદ્ધ અન્નના આહારથી બુદ્ધિ સાત્ત્વિક થાય છે, બુદ્ધિ સાત્ત્વિક થવાથી સ્મૃતિ અચલ થાય છે, સ્મૃતિ પ્રાપ્ત થવાથી રાગદ્વેષાદિ સર્વ ગ્રન્થિઓ વિલય પામે છે.

૦ તમસ્ - જ્યોતિને ત્રિગુણાત્મક જગતમાં કેમ જોડવાં, તે વિસર્ગરૂપ બે બિંદુને જોડતાં બે ત્રિકોણરૂપે દર્શાવેલ છે.

મહાકાળના અંધકાર પર પ્રકાશની આ વિજયરેખાઓ છે.

કૃત્તિકાના તારાનું ઝુમખું
કાર્તિકેયની યાદ આપતું આકાશમાં પ્રકાશે છે.
વિસર્ગની જેમ વિખૂટાં પડેલાં આ તેજોબિંદુઓ
આપણા જીવનની ભૌતિક, માનસિક અને ચૈતસિક-
એ ત્રણે ભૂમિકાઓ મળે, ત્યારે બંને ત્રિકોણ મળી
પ્રકાશનો ષટ્કોણ તારો પ્રકાશી ઉઠે છે અને આપણા
જીવનની સમ-વિષમ છ એ ઋતુઓમાં તે આપણને
તમસની પેલે પાર લઈ જવા માટે સમર્થ બને છે.

## જૈન ધ્વજ કઈ રીતે બની શકે?

પંચવર્ણ પંચ પરમેષ્ઠિના પ્રતીક, સ્વસ્તિકના ૪ પાંખડાં
એ ૪ ગતિના પ્રતીક, ૩ બિંદુઓ ૩ રત્નના પ્રતીક,
ધર્મચક્ર એ અહિંસા અને પરસ્પરોપગ્રહો જીવાનાં |
એ સૂત્રનું પ્રતીક. પાંચ આંગળીઓ વડે અભયપ્રદાનનું
પ્રતીક - આ બધા મળીને જૈન ધ્વજ બની શકે.

જે પ્રભુની પાછળ પાગલ થાય છે,
તેની પાછળ ખુદ પ્રભુ પણ પાગલ થઈને ફર્યા કરે છે.

પ્રભુઆજ્ઞાનું પાલન એ પ્રતિપત્તિ પૂજા છે.

જ્યાં ક્લેશ ત્યાં કલિયુગ, જ્યાં સ્નેહ ત્યાં સતયુગ.

આ જિનશાસનનું સારભૂત સર્વસ્વ આ સિદ્ધચક્રમાં છે.

આ સિદ્ધચક્ર જિનશાસનમાં છે અને
આ જિનશાસન આ સિદ્ધચક્રમાં છે.

'સિદ્ધચક્રના ગુણ ઘણાં, કહેતાં નાવે પાર;
વાંછિત પૂરે દુઃખ હરે, વંદું વારંવાર.' ...(૧)

આ સિદ્ધચક્રનું જેટલું વિશિષ્ટ આરાધન કરાય, તેટલું આ જિનશાસન વિશિષ્ટ આરાધાય છે. જેના આરાધનાથી મનની સઘળી ઇચ્છાપૂર્તિ થઈ શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટે છે.

થિર કરી મન - વચ - કાય, રહીએ ઇક ધ્યાનશું,
તન્મય તત્પર ચિત્ત થવું તસ જ્ઞાનશું રે લોલ. ...(૧)

સિદ્ધચક્રનો સેવક હું છું દેવતા,
ઉદ્ધરીયા કેઈ ધારશે એહને સેવતા. ...(૨)

સિદ્ધચક્રની ભક્તિ ઘણા મન ધારજો,
દુર્જનો કોઈક કામ પડે સંભારજો.

સિદ્ધચક્ર એક Cosmic Dianamo છે. ધ્યાનક્રિયા દ્વારા તે operate થાય છે. તેમાંથી એક અચિન્ત્ય - અનંતશક્તિનો સ્રોત ઉત્પન્ન થાય છે. તેનાથી જ સર્વ સિદ્ધિઓ મળે છે. સિદ્ધચક્ર દ્વારા એ સર્વ સિદ્ધિઓનું કેન્દ્ર આપણો આત્મા બને છે.

હે ભાગ્યશાળીઓ !

આ શ્રી સિદ્ધચક્રનું ધ્યાન સાધુઓનું સાધ્યબિન્દુ,
જ્ઞાનીઓનું જ્ઞેયબિંદુ અને ધ્યાનીઓનું ધ્યેયબિંદુ છે.
સર્વ સાધના - આરાધનામાં સર્વોત્કૃષ્ટ સાધના તથા સર્વ
યોગોમાં સર્વોપરિ યોગ છે. અતીતકાળમાં અનંત સિદ્ધ
થયાં છે, વર્તમાનકાળમાં જે સિદ્ધ થઈ રહ્યાં છે અને
અનાગતકાળમાં જે સિદ્ધ થવાવાળાં છે, તે સર્વ શ્રી
સિદ્ધચક્રના ધ્યાનથી જ થયાં છે, થાય છે અને થવાના છે.
એ કલ્પવૃક્ષ, કામકુંભ અને ચિન્તામણિ રત્નથી
પણ અનંત મહિમાવાળા અચિન્ત્ય ચિન્તામણિ અને

અતિ દુર્લભ મનુષ્યજન્મને પ્રાપ્ત કરીને,
શુદ્ધ દેવ - ગુરુ અને ધર્મની સામગ્રી મેળવીને,
શ્રી જિનશાસનની મર્યાદાને માન આપીને,
પોતપોતાના ગુણસ્થાનકની યોગ્યતાનુસાર

શ્રી સિદ્ધચક્રનું ધ્યાન - પૂજન ઇત્યાદિ કરવું જોઈએ.
પ્રથમ માર્ગાનુસારી, પછી સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત
સંયત, અપ્રમત્ત સંયતાદિ ગુણસ્થાનકોમાં આરૂઢ થઈને
પોતાના આત્માનો અભ્યુદય કરવો અત્યંત આવશ્યક છે,
એ માટે જ શ્રી સિદ્ધચક્રનું ધ્યાન - પૂજન કરવાનું છે.

**શ્રી સિદ્ધચક્ર યંત્રમાં બિરાજેલા અરિહંત પરમાત્મા કેવા છે?**

અનંત અનંત ગુણના દરિયા, પૂર્ણાનંદ સ્વરૂપી,
ત્રિલોકના નાથ, દેવાધિદેવ, કરુણાના સાગર,
છ જીવનિકાયના પ્રતિપાળ,
માતા, પિતા, ભ્રાતા, ત્રાતા, ત્રાણ, શરણ, આધાર છે!
જેમનું દર્શન, વંદન, પૂજન, સ્તવન, ધ્યાન, મનન,
ચિન્તન તથા નિદિધ્યાસન મહામંગળકારી છે,
જેમના પાંચે કલ્યાણકો મહામંગળકારી છે,
જઘન્યથી ક્રોડ દેવો જેમની સેવા-પૂજા કરી રહ્યા છે,
એવા શ્રી તીર્થંકર પરમાત્માનો
જ્યારે સ્નાત્રમહોત્સવ ભક્તિથી ઉજવીએ છીએ, ત્યારે
તથા આપના દર્શન કરતી વખતે એમ જ થાય
છે કે સત્તાથી સિદ્ધના આત્મદ્રવ્ય જેવું જ આત્મદ્રવ્ય,
આપના જેવું જ મારામાં ય પડેલું છે, ગુણની દૃષ્ટિએ
મારામાં પણ હાલમાં એ બધા ગુણો અવરાયેલા રહ્યા છે,
પર્યાયની દૃષ્ટિએ આપ વર્તમાનમાં સિદ્ધના પર્યાયમાં છો,
જ્યારે મારામાં ભાવિની દૃષ્ટિએ સિદ્ધનો પર્યાય રહેલો છે,
તેથી મને જરૂર વિશ્વાસ છે કે
આપ મને જરૂર આપના જેવો બનાવશો!

સિદ્ધચક્ર યંત્રમાં સમાવિષ્ટ કળશ અને ૯ વલય

ૐ = અગ્નિ, તે વડે સર્વ અશુદ્ધિઓ નાશ થઈ.
અર્હં = આત્મા જાજ્વલ્યમાન પ્રકાશવાળો બને છે અને
હ્રીઁ થી વીંટાયેલો તે કળશ અમૃતથી પ્લાવિત બને છે.
આ રીતે અર્હંકાર, ૐકાર અને હ્રીઁકારથી વીંટાયેલો
ધ્યાન કરાતો આ કળશ આત્મશુદ્ધિનો કારક બને છે.
કળશ આકંઠ એટલે કે કંઠ સુધી ભરેલો છે.
આવા આકૃતિનું ધ્યાન કરી મંત્રનું સ્મરણ કરવું.

સિદ્ધચક્ર યંત્રમાં પ્રથમ વલય નવપદનું,
બીજું વલય આઠ વર્ગ, ત્રીજું વલય ૪૮ લબ્ધિ,
ચોથું વલય ૮ ગુરૂપાદુકા, પાંચમું ૧૮ અધિષ્ઠાયક,
છઠ્ઠામાં ૮ જયાદિ દેવીઓ, સાતમું ૧૬ વિદ્યાદેવીઓ,
આઠમું વલય ૨૪ યક્ષ તથા ૨૪ યક્ષિણી અને
નવમા વલયે ૪ દ્વારપાલ - ૪ વીર - ૧૦ દિક્પાલ
- ૯ ગ્રહ અને ૯ નિધિ રહેલ છે.

ૐ = સત્યં, અર્હં = ઋતં, નમઃ = To be.
આર્હન્ત્યં = વિશ્વપ્રેમ, ઋતં = ગતિશીલ વાસ્તવિક સત્ય.
ૐ = સ્વીકારવાચક અવ્યય,
નમઃ = સ્વીકારવાચક અવ્યય, સિદ્ધં = સ્વીકારવાચક અવ્યય.

ॐ = ક્રિયાની એકતા,

અર્હં = જ્ઞાનની એકતા, નમઃ = વસ્તુની એકતા.

ॐ નમઃ સિદ્ધં । 3 times = 'yes'.

Three times positive statements clear the negative state of mind.

ॐ અર્હં નમઃ । ॐ નમઃ સિદ્ધં । મંત્રોનું રહસ્યભૂત તત્ત્વ પ્રતિકૂળ બનતાં પ્રસંગોમાં પણ અનુકૂળ તત્ત્વ શોધી કાઢવાની શક્તિ તથા બુદ્ધિ પ્રદાન કરવી, એ છે.

અર્હન્ત = સ્તવનાદિ પૂજાને યોગ્ય જે કોઈ હોય,

તેમાં પ્રકર્ષપણાને પામેલા હોય તે.

પરમ સ્તુતિવાદ તે હોય કે જે યથેપ્સિત ફળને આપે છે અને સદ્ભૂત ગુણોત્કીર્તન તે છે કે જેમાં જે ગુણોની સ્તુતિ કરવાની હોય, તે યથાર્થ ક્રિયાયુક્ત જ હોય.

અકારાદિભિઃ ષોડશ સ્વરૈર્મણ્ડલેષુ ષોડશ રોહિણ્યાદ્યા દેવતા અભિધીયન્તે । અર્થાત્: આ સિદ્ધચક્રયંત્રના માંડલામાં અકારાદિ ૧૬ સ્વરો વડે રોહિણી આદિ ૧૬ દેવી કહેવાય છે.

રોહિણી = પુણ્યકર્મોને ઉત્પન્ન કરે તે.

પ્રજ્ઞપ્તિ = પ્રકૃષ્ટ જ્ઞપ્તિ - જ્ઞાન.

અપ્રતિચક્રા = ચક્કેસરી - ચક્રેશ્વરી દેવી.

આત્માના પાંચ પ્રકાર કહ્યાં છે:

(૧) ભૂતાત્મા (૨) ઇન્દ્રિયાત્મા (૩) પ્રજ્ઞાનાત્મા

(૪) મહાનાત્મા (શાશ્વત ધર્મ)

(૫) અવ્યક્તાત્મા અને ઐકાંતિક સુખ.

આત્માના પાંચે પ્રકાર પ્રકૃતિજન્ય છે.

પુરુષ કે ઈશ્વર - એ પાંચેય પર છે. આ પાંચમાંથી ભૂતાત્મા અને ઇન્દ્રિયાત્માનો સંબંધ તમોગુણ સાથે છે, જ્યારે પ્રજ્ઞાનાત્માનો સંબંધ રજોગુણ સાથે છે.

મનના જે બે ભેદ પડે છે, તેમાં એકને પ્રજ્ઞાન અને બીજાને વિજ્ઞાન કહે છે.

પ્રજ્ઞાન મન નીચેની બે વૃત્તિઓ સાથે જોડાયેલું અને ઇંદ્રિયોનું અનુગામી છે, તે જ્યારે પ્રકાશનું અનુગામી બને, ત્યારે વિજ્ઞાનમન - વિજ્ઞાનબુદ્ધિ કહેવાય છે. આથી ઉપરના મહાન આત્મા અને અવ્યક્તાત્મા સત્ત્વગુણ સાથે સંબંધ ધરાવે છે.

આ રીતે પ્રકૃતિના ત્રણ ગુણો જ પ્રત્યેક વ્યક્તિમાં પાંચ આત્માઓની ભૂમિકા દ્વારા પ્રકટ થાય છે.

એ બધા પ્રકૃતિના અંશ છે.

આ પાંચેય ઉપર ઈશ્વર - ચૈતન્ય પુરુષ - ક્ષેત્રજ્ઞ છે.

એના તરફ મનુષ્યનું ધ્યાન ત્યારે જ જાય છે, જ્યારે એ ત્રણ ગુણોની ભુલભુલામણીમાંથી પોતાને છોડાવા લે છે.

સાત્ત્વિક કર્મનું ફળ જ્ઞાન છે,

રજોગુણી - તૃષ્ણાયુક્ત કર્મનું ફળ દુઃખ છે અને મોહમાં ફસાયેલા તમોગુણી કર્મનું ફળ અજ્ઞાન છે. સત્ત્વથી જ્ઞાન, રજથી લોભ, તમથી પ્રમાદ - મોહ - અજ્ઞાન આવે છે. સત્ત્વગુણી વ્યક્તિ ઉર્ધ્વગમન કરે છે, રજોગુણી મધ્યમાં રહે છે અને તમોગુણી અધઃપતન પામે છે. 'આ ત્રણે ગુણો પ્રકૃતિના છે' એમ જે જાણી લે છે, તે ઈશ્વરથી એમની અલગતા સમજીને ઈશ્વર અર્થાત્ અમૃતત્વને પ્રાપ્ત કરી લે છે, તે જ ત્રિગુણાતીત છે. ગીતાના ૧૪મા અધ્યાયમાં ત્રિગુણાતીતનું વર્ણન કર્યું છે.

બનારસીદાસ કૃત 'સમયસાર' મુજબ અનુભવનું લક્ષણ

વસ્તુ વિચારત ધ્યાવતે, મન પાવે વિશ્રામ;
રસસ્વાદત સુખ ઉપજે, અનુભવ યાકો નામ ...(૧)
ઉદાસીનતા મગન હુઈ, અધ્યાતમ રસરૂપ,
દેખે નહિ અબ ઔર કછુ, તબ દેખે નિજરૂપ ...(૧)
આગે કરી નિઃસંગતા, સમતા સેવત જેઉં,
રમે પરમ આનંદરસ, સત્ય યોગ મેં તેઉં ...(૨)

પ્રભુને ઓળખવા બાહ્યસ્વરૂપ કે બાહ્યભાવ છોડી પદાર્થ-માત્રમાં રહેલાં ચેતનને આત્મભાવથી ઓળખવું જોઈશે.

યોગની પ્રક્રિયાઓ અહીં સહાયક થશે.

પ્રત્યાહારની રીતે ઇંદ્રિયોનો સંયમ રાખવો,

ધારણાની રીતે આત્મામાં એકરૂપ થવું,

ધ્યાનની રીતે આ સ્થિતિમાં મગ્ન રહેવું,

એમ કરતાં આત્માને પરમાત્મામાં લીન કરવો અને સમાધિ અવસ્થામાં પરમાત્માની સાથે તાદાત્મ્ય સાધવું. આ પગથિયાં ચડી જશે... તે પ્રભુને પામશે, બીજો માર્ગ જ નથી. પ્રભુને ઓળખવા 'તત્ સત્'નો નિર્દેશ છે. 'તત્'ને પદાર્થરૂપે નહિ પણ 'સત્' રૂપે જોવું, એને અન્ય નહિ પણ 'સ્વ' સમજવું. નાઽન્યપન્થા: વિદ્યતેઽયનાય। આત્મૌપમ્યનો મહિમા ઘણો મોટો છે, અદ્ભુત અને અલૌકિક છે. એ જ ઈશ્વર છે, પ્રત્યક્ષ અને પ્રાપ્ય છે.

એ જ મનુષ્યોનું પ્રધાન અને ઉત્તમ પ્રાપ્તવ્ય છે,

એનો માર્ગ તે યોગ, તે જ તપ.

ઇંદ્રિયો અને મનની શક્તિને વશમાં લઈ બાહ્યને જોતાં અથવા ભૂલવતાં અનાસક્તિપૂર્વક નિર્લેપ રહેવું તથા જે સર્વત્ર વ્યાપેલું છે, તે બ્રહ્મમાં ઓતપ્રોત બનવું.

ધ્યાનનું ફૂળ સમતા અને સમતાનું ફૂળ ધ્યાન. ધ્યાન માટે સમતા અને સમતાને નિષ્પ્રકંપ બનાવવા ધ્યાન જોઈએ.

એના જેવું કશું મહત્ત્વનું નથી કે કશું સરળ પણ નથી.
સમતા એટલે ચિત્તશુદ્ધિ, ભાવવિશુદ્ધિ, પરિણામવિશુદ્ધિ.
તેનું ફૂળ આત્મશુદ્ધિ તથા આત્મશુદ્ધિ એજ મોક્ષ અને
તેનું સાધન ચિત્તવિશુદ્ધિ અને તેનાં સાધન તે મોક્ષમાર્ગ.
ચિત્તવિશુદ્ધિનું પ્રધાનસાધન આજ્ઞાપાલનનો અધ્યવસાય.
આજ્ઞા એ સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રસ્વરૂપ છે
અને તેનું પાલન શુભાશ્રવનું શરણ પમાવે તથા
અશુભ સંવર અને પૂર્વકૃત કર્મની નિર્જરા કરાવે છે.
યોગશ્ચિત્તવૃત્તિ નિરોધઃ। એ સૂત્રમાં પણ ચિત્તની
ચંચળ તથા મલિન વૃત્તિઓના નિરોધને જ યોગ કહેલ છે.
મન એજ મોક્ષ તથા મન એજ બંધનું અંતિમ કારણ છે.

ધ્યાન વડે મન સ્થિર થાય છે અને
સમતા વડે ચિત્ત શુદ્ધ થાય છે.

ધ્યાન માટે ધ્યાતા, ધ્યેય, ધ્યાન - ત્રણેની શુદ્ધિ જોઈએ.
ધ્યાતાની શુદ્ધિ આત્મનિરીક્ષણની અપેક્ષા રાખે છે,
ધ્યેયની શુદ્ધિ પરમાત્મતત્ત્વની અપેક્ષા રાખે છે અને
ધ્યાનની શુદ્ધિ સમતાભાવની અપેક્ષા રાખે છે.

શરીરની ૩ નાડીઓનું ઉત્પત્તિ સ્થાન મૂલાધાર ચક્ર છે.
ત્યાંથી નીકળીને ભ્રૂમધ્ય સ્થિત આજ્ઞાચક્રમાં
ઇડા, પિંગલા, સુષુમ્ણા - એ ત્રણેનો સંગમ થાય છે.
ઇડા તે ગંગા, પિંગલા તે યમુના, સુષુમ્ણા તે સરસ્વતી છે.
વળી ત્યાં સોમેશ્વર દેવ વસે છે.
ઇડા-પિંગલા અહીંથી શ્વાસ-પ્રશ્વાસ દ્વારા બહાર વહે છે
અને સુષુમ્ણા અંદર સહસ્રારમાં સમાઈ જાય છે.
આ ત્રણે નાડીઓના સંગમને 'ત્રિવેણી યોગ' યા 'પ્રયાગ'
પણ કહે છે, ત્યાં સ્નાન કરવાનું ઘણું મોટું ફળ છે.
મન અને પ્રાણ બંનેને ત્યાં - તે સ્થાને પહોંચાડનારી
દિવ્યલોકનો અધિકારી બને છે.

षट्चक्रं षोडशाधारं त्रिलक्ष्यं व्योमपंचकम् ।
स्वदेहे ये न जानन्ति कथं सिध्यन्ति योगिनः ॥१॥
अस्ति भाति प्रियं नाम रूपं चेति पंचकं ।
आदौ त्रयं ब्रह्मरूपं मायारूपं ततोद्वयं ॥१॥
सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्त्विकं ॥२॥
यथा गुडादिदानेन यत्किंचित् त्याज्यते शिशुः ।
चलं चित्तं शुभध्यानेनाऽशुभं त्याज्यते यथा ॥३॥

(પરિશિષ્ટ-૪)

## ધ્યાનમાં નેતિ નેતિ નહીં, અસ્મિ

नेति नेति नेतीति शेषितं यत्परं पदं ।
निराकर्तुमशक्यत्वाद् तदस्मीति सुखी भव ॥ અર્થાત્ઃ
'નહિ, નહિ, નહિ' આ પ્રમાણે જે છેલ્લું પદ બાકી રહે,
કે જેનો નિષેધ કરવો શક્ય ન હોય,
તે 'અસ્મિ' અર્થાત્ 'હું છું', એમ વિચારી સુખી થા.

## ધ્યાનયોગ માટે શરીરસ્વાસ્થ્યનું માહાત્મ્ય

समदोषः समाग्निश्च समधातु - मलक्रियः ।
प्रसन्नात्मेन्द्रियमनाः स्वस्थ इत्यभिधीयते ॥१॥
અર્થાત્ઃ 'સુશ્રુત' સૂત્ર ૧૫માં કહ્યું છે તેમ : દોષ, અગ્નિ, ધાતુ અને મલવિસર્જન જેના સમ હોય અને જેના આત્મા, ઈંદ્રિય, મન પ્રસન્ન હોય, તે 'સ્વસ્થ' ઈત્યાદિ.

(૧) દોષ : 'દોષ' એટલે વાત, પિત્ત અને કફ.
दोष - साम्यं अरोगता । रोगस्तु दोषवैषम्यं ।
वातपित्तश्लेष्माणः एव देहसंभवहेतवः ।
सर्वेषां च व्याधीनां वातपित्तश्लेष्माण एव मूलं ।

(२) धातु : शरीरधारणात् धातव इत्युच्यते ।
न ते देहः कफादस्ति, न पित्तात् न च मारुतात् ।
शोणितादपि वा नित्यं देह एतैस्तु धार्यते ॥१॥

(પરિશિષ્ટ-૫)

રસ તેમ જ રક્તાદિ ધાતુ સાત છે,
તેમાંથી રસ પોષણનું કામ કરે છે.
સાત ધાતુ માત્ર ધારણનું કામ કરે છે, પોષણનું નહિ.
સર્વેષાં ધાતૂનાં અન્નપાનરસઃ પ્રીણયિતા ।
અર્થાત્ : અન્ન-પાનજનિત રસ જ
શરીરની સર્વ ધાતુઓનું તર્પણ કરે છે.
રસની રક્ષા આહાર, પાન અને આચાર વડે થાય છે.
રસનું સ્થાન આપણું હૃદય છે.
રસ, રક્તાદિના ક્રૈશથી અનેક રોગ ઉત્પન્ન થાય છે,
જેવા કે : હૃદયવેદના, કંપ, Palpitation, શૂન્યતાદિ.
(3) મળ : ઝાડો - મૂત્ર - પસીનો વગેરે મળો છે,
જે આપણા શરીરધારણમાં ભાગ ભજવે છે.
એના ક્રૈશથી પણ શરીરને બાધા - પીડા થાય છે.
(૪) અગ્નિ : કુલ ૧૩ પ્રકારના અગ્નિ છે,
તેમાં એક જઠરાગ્નિ - પાચકાગ્નિ અને બાકી સાત
ધાતુ અને પંચભૂતોના મળી કુલ ૧૩ અગ્નિ થાય છે.
જાઠરો ભગવાનગ્નિઃ ઈશ્વરોઽન્નસ્ય પાચકઃ ।
અર્થાત્ : જઠરાગ્નિ ભગવાન નામનો છે,
અન્નનો પાચક ઈશ્વર નામનો અગ્નિ છે.

અન્નને પ્રાણ માનેલ છે, કેમકે
પ્રાણીમાત્રના પ્રાણ અન્ન છે.
અન્નની પ્રતિષ્ઠા સાથે જઠરાગ્નિને પણ મહત્વ છે.
પક્વાશય અને આમાશય વચ્ચે રહેલું પિત્ત
ચાર પ્રકારનાં અન્ન - પાનને પચવે છે અને
આહારમાંથી રસ અને મળને છૂટા પાડે છે.
આ પિત્તને 'પાચકાગ્નિ' કહે છે.
યકૃત અને પ્લીહામાં (liver) રહે, તે રંજકાગ્નિ છે.
તે પિત્તને લાલ વર્ણવાળું બનાવે છે.
જે પિત્ત હૃદયમાં રહે છે, તે 'સાધકાગ્નિ' છે.
તે પિત્ત વાંછિત અર્થને સાધે છે.
દૃષ્ટિમાં રહે છે, તે 'આલોચકાગ્નિ' રૂપ ગ્રહણ કરે છે.
જે ત્વચામાં રહે છે, તે 'ભ્રાજકાગ્નિ' છે,
તે મર્દન - સેચન - અવગાહન - લેપનાદિમાં
પ્રયુક્ત દ્રવ્યોને પચાવે છે અને દેહકાંતિને વધારે છે.
અહીં પિત્ત એ જ અગ્નિ છે, તેથી
પિત્ત અને અગ્નિ - તે બે એક મનાયા છે.
ધાતુના સમ - વૈષમ્યને જાણવાનું સાધન ઇંદ્રિયો,
મન અને આત્માની પ્રસન્નતા - અપ્રસન્નતા છે.

યથા ચક્ષુસ્તથા મનઃ। જેવી આંખ, તેવું મન હોય.
યથા રૂપં તથા ગુણાઃ। જેવું રૂપ, તેવા ગુણ હોય.
મુખ જોઈને પરીક્ષા થઈ શકે છે.

ચક્ષુઃ પ્રધાનં સર્વેષામિન્દ્રિયાણાં વિદુર્બુધાઃ। અર્થાત્: 'સર્વ ઈંદ્રિયોમાં મુખ્ય આંખ છે' એમ જ્ઞાની પુરૂષો કહે છે.

સ્વાસ્થ્યને સારું બનાવી રાખવા અને ભવિષ્યમાં થનાર રોગોને રોકી શકે એવો યુક્તાહાર (વિહાર) Balanced diet અને પ્રજ્ઞાપરાધ ન થવા દેવો,
એ બન્ને સ્વસ્થ રહેવાના ઉપાય છે.
બુદ્ધિદોષથી વાયુપ્રકોપ થાય છે અને
ઋતુદોષ કફકારક મનાય છે.

સમ સુખ-દુઃખઃ સ્વસ્થઃ। સ્વે આત્મનિ સ્થિતઃ પ્રસન્નઃ।
સુખદુઃખમાં સમાન તે સ્વસ્થ. સ્વાત્મામાં રહે, તે પ્રસન્ન.
આત્મસ્થિર થાય, ત્યારે સુખ-દુઃખ નિવૃત્ત થઈ જાય છે.
ઋષિલોકો એને જ 'યોગ' કહે છે.

સાચું સ્વાસ્થ્ય એકલા ખાનપાનથી નથી સાંપડતું. મનને વશ કર્યા વિના, આત્મસ્થિત કર્યા વિના રજ-તમ ઉપર વિજય મેળવી શકાતો નથી, એટલે આહારની સાથે વિહાર-વિચારને પણ સ્વાસ્થ્યના અંગ તરીકે ગણાવેલ છે.

યુક્તાહાર, સારા વિચાર, મનનું વશવર્તીપણું,
ઇંદ્રિયગ્રામનો સંયમ, એ રીતે આંતર - બાહ્ય બન્ને
સ્વાસ્થ્યમાં ઉપકારક છે. અન્નમાંથી જ મન બને છે,
એટલે અન્ન (આહાર) અને ઇંદ્રિયજય - એ બંને રહે,
તો જ મનની પ્રસન્નતા તથા તનની સુખાકારી જળવાય.

સ્વાસ્થ્યની રક્ષા માટે જરૂરી છે કે:

દિનચર્યામાં બ્રાહ્મમુહૂર્તમાં જાગી જવું,
ઈશ્વરસ્મરણ કરવું, દિવાશયન કે દિવસે શયન વર્જવું,
સત્ય - અહિંસા - બ્રહ્મચર્ય આદિનું પાલન કરવું.
સ્વસ્થ અને સ્વાસ્થ્યની સાચી પરિભાષા એ છે કે:

स्वे आत्मनि स्थितिः, सुखं निर्विकारत्वेन,
अवतिष्ठते इति स्वस्थः, तस्य भावः स्वास्थ्यम् ।

સ્વસ્થ જીવન માટે જ્ઞાન, તપ, યોગમાં તત્પરતા,
બુદ્ધિની વિશદતા - પારદર્શકતા, અનાસક્તિ, હિતકારક
આહાર - વિહાર આવશ્યક છે. ચરક એ કહ્યું છે કે:

नरो हिताहार - विहारसेवी
समीक्ष्यकारी विषयेष्वसक्तः ।
दाता समः सत्यपरः क्षमावान्
आप्तोपसेवी स भवत्यरोगः ॥१॥

मतिर्वचः कर्मसुखानुबन्धं
सत्त्वं विधेयं विशदा च बुद्धिः ।
ज्ञानं तपः तत्परता च योगो
यस्यास्ति तं नानुपतन्ति रोगाः ॥२॥ (परिशिष्ट-६)

शम = शांति, सत्त्व = मनोबळ - स्ववश,
आप्तोपसेवा = आप्तपुरुषो करे तेम अनुसरण करवुं.

नित्य प्रभाते ऊठवुं, आळस मन ऊमंग,
धरवुं ध्यान परमेष्ठिनुं, करवुं निर्मळ अंग ...(१)
अग्नि फेरा जळ फरी, मांडवुं धी धरम,
अंतरवृत्ति ध्यानथी, परमातम प्रगटाय. ...(२)

'पदार्थज्ञाने प्रतिपक्षी निदानकः ।' आत्मज्ञान करवा अनात्मानुं ज्ञान आवश्यक छे तथा उपादेयनो निर्णय करवा हेयनो अने ज्ञेयनो पण निर्णय करवो जोईए.

0 आत्मानं सिद्धमाराध्य, प्राप्नोत्यात्मापि सिद्धतां ।
वर्तिः प्रदीपमासाद्य यथाऽभ्येति प्रदीपतां ॥१॥

0 यस्तु परैः श्रूयते स भाष्यः ।
उपांशुस्तु परैरश्रूयमाणोऽन्तर्जल्पः ।
मानसो मनोमात्रवृत्तिनिर्वृत्तः स्वसंवेद्यः ।

0 धर्मरागः चारित्रधर्मस्पृहारूपः । (परिशिष्ट-७)

આત્યન્તિક દુઃખક્ષય - કર્મક્ષય તે મોક્ષ છે, એનું સાધન
ઈંદ્રિય અથવા મનોનિગ્રહ છે, એનું સાધન યોગ છે.
ચિત્તની સ્થિર વૃત્તિ એટલે 'યોગ' છે. 'યોગાન્મુક્તિઃ ।'
'મોક્ષેણાયોજનાદ્યોગઃ ।' ધર્મયુક્ત અર્થોપાર્જન અને
ધર્મયુક્ત તેનો ઉપભોગ, તે અર્થ - કામ પુરુષાર્થ છે,

એનું મૂળ ધર્મ છે અને એનું ફળ મોક્ષ છે.

ધર્મનિરપેક્ષ અર્થ - કામ હેય છે નહીં,

ધર્મમૂલક અર્થ-કામ મોક્ષબાધક નહિ, કથંચિત્ સાધક છે.
યોગનો સંબંધ દેહની સાથે નહિ પણ ચિત્તની સાથે છે.
ચિત્તને આત્માભિમુખ કરી. આત્મજ્ઞાન માટે અનાસક્તિ,
વિવેક, વૈરાગ્ય, એકાગ્રતા વગેરે સદ્ગુણ આવશ્યક છે.
એકાંતમાં પ્રવૃત્તિનો અભાવ હોય છે, ત્યારે પ્રાણ ધીમે
ધીમે સૂક્ષ્મ થતો જાય છે. પ્રાણ અધિક સૂક્ષ્મ હોય,
ત્યારે ઈડા અને પિંગલા નાડીનો દબાવ ઓછો હોય છે.
તેના પરિણામે સુષુમ્ણાનો બંધ છૂટી જાય છે. સુષુમ્ણા
મૂલાધાર કુંડલિની ષટ્ચક્ર ભેદી સહસ્રારમાં પહોંચી જાય છે.
સુષુમ્ણા ખુલી જવાનું બાહ્ય ચિહ્ન - પરિણામ એ છે કે
નાસિકાદ્વાર સદૈવ એક સાથે ચાલે છે અને આંતરિક
ફળ એ છે કે મન અને પ્રાણ એકતાનતામાં શાંત રહે છે.

## એકાગ્રતા કેળવવા માટે બે શરત

એકાગ્રતા અર્થાત્ મનોનિગ્રહ અનિવાર્ય છે. તે માટે વિષયો પ્રત્યે વિરક્તિ પ્રથમ શરત છે અને નિર્વિકલ્પ ચૈતન્યતત્ત્વને પોતાનું સાચું સ્વરૂપ માની તેની સાથે અનુસંધાન કરીને તદાકારવૃત્તિની સ્થિતિ તેનો આસ્વાદ લેવો, એ બીજી શરત છે. માયા પર વર્ચસ્વ પ્રાપ્ત કરવાનો બીજો માર્ગ છે નહિ. બ્રહ્મવિદ્યાના નિરંતર અભ્યાસથી અને તજ્જન્ય વિવેકથી ચિત્ત તુરંત જ નિર્મળ થાય. બ્રહ્મવિદ્યાના અભ્યાસ માટે વૈરાગ્ય વિષયોનો અને અભ્યાસ ચેતનતત્ત્વનો જરૂરી છે. બ્રહ્મવિદ્યાના અભ્યાસ માટે એ બે વસ્તુ સતત undercurrent ચાલુ રહેવા જોઈએ.

જ્ઞાનીને આ સંસાર રમતસ્થાન છે અને અવિદ્યાગ્રસ્તને માટે આ સંસાર ભ્રમણસ્થાન છે. ધ્યાનમાં એકવાર એવો સમય આવે છે, જ્યારે મનુષ્ય સંસારને ભૂલીને એવા શાંતિમય પ્રદેશે પહોંચે છે, જ્યાં આત્મસ્વરૂપ સ્થિત રહે છે, પરમાત્માની નજીક રહે છે, ત્યારે અંતઃકરણની સર્વ વાસના વિલીન થઈ ઇંદ્રિયોની ચેષ્ટાઓ શાંત થઈ જાય છે, કેવળ ઈશ્વર જ રહે છે.

એક શુદ્ધ મન જે પરમાત્મામાં સ્થિત છે, તેનાથી પવિત્ર
બીજું કોઈ મંદિર નથી, બીજું કોઈ પવિત્ર સ્થાન નથી.

પરમાત્મામાં ઉંડતાં લાવો આમાપ છે. પવિત્રતા, શાંતિ
અને આનંદ દ્વારા જ તે અવસ્થા પ્રાપ્ત થાય છે.
આત્મદર્શન, પરમાત્મદર્શન, શાશ્વત શાન્તિ અનિવાર્ય છે.

આત્મા ઉદ્ગમસ્થાનથી અત્યંત નજીક રહે છે,
તે સમયે જ વ્યક્તિનો સ્રોત વિકસિત થઈ
એક મહાન શાશ્વગામી પ્રવાહરૂપે
સત્ય, સનાતન, ઈશ્વરપદ તરફ પ્રવાહિત થાય છે.

## ઈશ્વરહૃદયમાં શું રહે ?

ધ્યાનયોગીઓ મહાન પરમાત્માની મદદથી
દૈવી ગુણો કે જે જીવાત્માને સ્વાભાવિક જ છે,
તેને આકર્ષિત કરે છે : એ જ કે નિર્ભયતા, સત્યતા,
અમરત્વ વગેરે વસ્તુતઃ ઈશ્વરના હૃદયમાં જ રહે છે.
પોતાની અંદર તેને આકર્ષિત કરી,
સત્યની સાથે તે શાંત સમયનો સાથી અને
પોતાને સત્યનું તત્ત્વ તથા ઈશ્વરનો અંશ સમજો.

## સાધનાનાં ત્રણ પદ

સદ્ + ચિદ્ + આનંદ = અહિંસા, સંયમ અને તપ.

## ઉપાસનાના બે પક્ષ

નામ - રૂપ = નાદશ્રવણ અને જ્યોતિદર્શન.

'વિદ્યા'નો અર્થ સ્વાર્થ નહિ પણ પરમાર્થ છે.

## કાર્યસિદ્ધિનાં પાંચ ઉપાય

(૧) ઉત્થાન - પ્રમાદનો પરિહાર = ધ્યાન - દર્શન.

(૨) કર્મ - કર્તવ્યનો સ્વીકાર = પ્રણિધાન.

(3) બલ - સ્વીકૃત કાર્યમાં
મન - વચન - કાયાનો ઉપયોગ વ્યાપાર = પ્રવૃત્તિ.

(૪) વીર્ય - ઉત્સાહ, ઉમંગ = વિઘ્નજય.

(૫) પરાક્રમ - પરિષહસહન, ધીરતા = સિદ્ધિ.

## ધ્યાનયોગમાં વિસ્મયની ભૂમિકા - શિવસૂત્ર

વિસ્મયો યોગભૂમિકા । વિસ્મય = વિકસિત વદનકમલ. પુલક = પ્રફુલ્લિત થતી રોમરાજી. પ્રમોદ = ઉલ્લસિત આત્મવીર્ય. પ્રશાન્ત = સૌમ્ય અને સ્થિર બનેલ દૃષ્ટિ.

સંવેગ = શુભ પરિણામવિશેષ.

યથા સાતિશયાનન્દે કસ્યચિદ્ વિસ્મયો ભવેત્ ।
તથાઽસ્ય યોગિનો નિત્યં તત્તદ્વેદ્યાવલોકને ॥૧॥

અસાધારણ ઉત્કટ આનંદની અનુભૂતિ દ્વારા ઇંદ્રિયોનું સ્તંભિત થવું, તે 'વિસ્મય' છે.

જ્યાં જ્યાં ઉપયોગ છે, ત્યાં ત્યાં પરસ્પરતા રહેલી છે.

જીવનું લક્ષણ ઉપયોગ છે, તો

શિવનું લક્ષણ પણ ઉપયોગ છે.

જીવ જેમ શિવની પક્કડમાં છે, તેમ

શિવ પણ જીવની પક્કડથી દૂર નથી.

ઇન્દ્ર દશા એટલે...

સર્વનું હિત સાધવા સર્વ હાથોએ કામ કરવું, તે છે.

બૃહસ્પતિ દશા એટલે...

સર્વ મસ્તકોએ કામ કરવું, તે છે.

ચંદ્ર દશા એટલે...

સર્વ અંતઃકરણોની એકતા થવી, તે છે.

કામ વડે હાથ તથા પગને ગરમ - સદા ગરમ રહેવા દો,

માત્ર મગજ જ ઠંડું અને શાંત રાખો.

ફૂલ ખાવાની વાસના સૌ કોઈ રાખે છે, કિન્તુ
બાગ રોપવાની અને તેને પાણી પાઈને પોષવાની ફરજ
બજાવવા કોઈ જ તૈયાર હોતું નથી, એ આશ્ચર્ય છે!

જો જીવન અને મૃત્યુ ઉપરવાળાના હાથમાં છે,

તો ઉપરવાળો કોના હાથમાં છે?

એને અંતઃકરણપૂર્વક ભજનારા - પૂજનારાના હાથમાં છે.

## ન્યાયશાસ્ત્ર એટલે શું ?

પ્રમાણૈરર્થપરીક્ષણં ન્યાયઃ । પ્રમાણો દ્વારા પ્રમેયની
પરીક્ષા કરવાવાળા શાસ્ત્ર તે ન્યાયશાસ્ત્ર.
હેતુઓ દ્વારા અર્થની પરીક્ષા કરાય, તે ન્યાયશાસ્ત્ર.
એમ હેતુઓથી અર્થપરીક્ષા કરાય છે, તેમ
શબ્દથી અને પ્રત્યક્ષથી પણ અર્થપરીક્ષા કરાય છે.
'પદ - વાક્ય - પ્રમાણ પારાવારપારીણ ।'
આ વિશેષણમાં 'પદ' શબ્દથી વ્યાકરણનો બોધ,
'વાક્ય' શબ્દથી મીમાંસાનો બોધ અને
'પ્રમાણ' શબ્દથી ન્યાયશાસ્ત્રનો બોધ થાય છે.
આત્મા, પરમાણુ આદિ અતીન્દ્રિય પદાર્થોના સ્વરૂપનો
નિર્ણય કરવા હેતુઓના પ્રયોગને એમ 'ન્યાય' કહેવાય,
તેમ વાક્યનો અર્થ કરવા માટે પણ
જે હેતુઓનો પ્રયોગ થાય, તેને ય 'ન્યાય' કહેવાય છે.
એક એક પદને સંસ્કાર દે છે,
માટે તે ભાષા 'સંસ્કૃત' કહેવાય છે.

## દ્રવ્ય અને પર્યાય - શેના વિષય ?

પર્યાય એ બુદ્ધિનો અને દ્રવ્ય એ શ્રદ્ધાનો વિષય છે.
પર્યાય વર્તમાનકાલીન છે, દ્રવ્ય ત્રૈકાલિક છે.

## શબ્દશક્તિ કઈ રીતે અચિંત્ય ?

અહિંસા અને સત્યમાંથી અહિંસાનો 'અ' સત્યની આગળ ગોઠવવાથી એક અર્થનો અનર્થ થાય છે, તેમ 'God is now here' એ વાક્યને 'god is no where' એમ લખવાથી પણ અર્થનો અનર્થ થાય છે.

ઈશ્વર અત્યારે - અહીં જ છે,

તેમ હિંસા અને અસત્યમાંથી અસત્યનો 'અ' લઈને હિંસાની પહેલાં ગોઠવવાથી એજ શબ્દો અહિંસા અને સત્યનું રૂપ ધારણ કરે છે.

એ રીતે શબ્દશક્તિ અચિંત્ય છે.

To define God is to defy God.

સાબિત વસ્તુની થઈ શકે, અનંતની વ્યાખ્યા અશક્ય છે.

મનની સીમામાં તેને સાબિત કરી શકાય નહિ.

ધ્યાન વખતે શુદ્ધ, સૂક્ષ્મ, એકાગ્ર મનથી ફક્ત તેનો અનુભવ જ થઈ શકે.

Faith leads to realisation. It is the magnet that attracts Divine Grace. Refuge in Divine. Grace is the essence of Sadhana.

આત્માની અખંડતા તે ઊર્ધ્વતા સામાન્ય અને
આત્માની વ્યાપકતા તે તિર્યક્ સામાન્ય.
તેમાં આત્માની એકતા અને અમરતાનો સંદેશ છે,
વસુધાને કુટુંબવત્ નહિ, આત્મવત્ જોવાનો ઉપદેશ છે.
તે સાચી દૃષ્ટિ, ભક્તિ અને શક્તિ ત્રણેને પૂરી પાડે છે.
તત્ત્વજ્ઞાન કેવળ વાક્યોમાં નહિ, પરન્તુ
વૃત્તિ અને પ્રવૃત્તિમાં પણ ઉતરવું જોઈએ.
આત્માનું જ્ઞાન એટલે સ્વરૂપનું જ્ઞાન.
તે પોતા વડે પોતાનામાં જ થઈ શકે છે,
તેમાં બાહ્યનો પ્રવેશ થઈ શકતો નથી.
આત્મા વડે જ આત્માને આત્મામાં
જોઈ, જાણી અને અનુભવી શકાય છે.
પોતાની જાતને જાણવી અને ઓળખવી,
તે જ ખરું જ્ઞાન છે, બાકીનું જ્ઞાન ગૌણરૂપ છે.
પોતાનું મૂળ રૂપ અને સમગ્ર સંસારના મૂળ સ્વરૂપ
આત્મા - પરમાત્માને જાણવો, ઓળખવો, અનુભવવો,
એ જ ખરું જ્ઞાન છે.
ઓંકાર અને આત્માની એકતાને જે જાણી લે છે,
તે આત્મામય બની આત્મામાં પ્રવેશ કરે છે.

લય આત્મવિસ્મૃતિરૂપ છે, તે વડે પરમાત્મસ્મૃતિ પમાય.

અ = જાગ્રત, વૈશ્વાનર, આપ્તિ, પ્રાપ્તિ, આદિમત્ત્વ.

ઉ = સ્વપ્ન, તૈજસ, ઉત્કર્ષ, ઉભયત્વ.

મ = સુષુપ્તિ, પ્રાજ્ઞ, મિતિ, માપ, અપીતિ - લય.

તુર્ય = મન - વાણીથી પર.

ઇંદ્ર = આત્મા, પૂષા = મન, ગરુડ = પગ, બૃહસ્પતિ = બુદ્ધિ,

નાદ = શ્રુત - તેનું શ્રવણ, જ્યોતિ = કૈવલ્ય - તેનું દર્શન.

શ્રુત વડે કૈવલ્યની પ્રાપ્તિ અર્થાત્

નાદશ્રવણ વડે જ્યોતિદર્શન કરવું,

તે ઉપાસનાનું તત્ત્વ છે, પરમ રહસ્ય છે.

માનવજીવનનું ધ્યેય છે...

પરિવર્તનશીલ જગતમાં તે તત્ત્વનો અનુભવ કરવો.

માનવના આરોગ્ય માટે અધિકારની ભાવના હિતકર નથી.

તે માટે જોઈએ છે જવાબદારીનું જાગ્રત ભાન.

દૃશ્યજગતની પાછળ નામ - રૂપ - ભાવના - વિચાર,

આશા - ઇચ્છાની પાછળ સાક્ષી તરીકે દૃષ્ટા,

શિવ તરીકે ગુરુ, સ્વામી અને યોગી,

નિમિત્તશક્તિ તરીકે અપ્રગટ મહાત્મા રહે છે,

તે જ અમર સંત અને જાગ્રત સત્ત્વ છે.

પ્રભુપૂજામાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર

મંદિરનો ઘંટ ધ્વનિ વડે જ્ઞાન આપે છે,
દીપક પ્રકાશ વડે દર્શન કરાવે છે અને
પુષ્પો સુગંધ વડે સદાચારની સુવાસ ફેલાવે છે.
જેમ મંદિરમાં ધ્વનિ, પ્રકાશ અને સુગંધની જરૂર છે,
તેમ દેહમંદિરમાં બિરાજમાન આત્મદેવની પૂજા-ભક્તિ
માટે મહામંત્રનો ધ્વનિ, શાસ્ત્રજ્ઞાનનો પ્રકાશ અને
વ્રત-નિયમશીલ સદાચારની સુગંધ આવશ્યક છે.
પંચોપચાર પૂજા એટલે સુગંધ, દીપ, ધૂપ, પુષ્પ, નૈવેદ્ય.
મૌન = સુગંધ, નાદબ્રહ્મ = ઘંટ, જ્યોતિદર્શન = દીપક.
મનનું મૌન અને નાદજ્યોતિનું ધ્યાન કરવું.
પૂજાનાં મુખ્ય ૩ સાધન : ઘંટનાદ, દીપપ્રકાશ, શીલસુગંધ.
પુદ્ગલમાં મન-વચન-કાયાની અપ્રવૃત્તિ તે મૌન છે,
આત્મામાં મન-વચન-કાયાની પ્રવૃત્તિ તે ધ્યાન છે.
'નમો' મંત્રનું તાત્પર્ય એ જ છે કે:
ધ્યાન તે નાદ-જ્યોતિનું, મૌન તે મન-વચન-કાયાનું.
ધ્વનિ જ્ઞાન આપે, દીપ દર્શન કરાવે, સદાચાર સુવાસ આપે.
ઘંટ વડે શ્રુતજ્ઞાન, દીપ વડે સમ્યગ્દર્શન તથા
શીલસુગંધ વડે સદાચાર નિષ્પન્ન થાય છે.

મનુષ્યજન્મ એટલે મનુષ્યના આયુષ્ય કર્મનો ઉદય.
તેને સાર્થક કરવા માટે તે જન્મમાં આયુષ્યની સાથે
મળેલા નવ (૫) ઇંદ્રિય, (૩) બળ અને શ્વાસોચ્છ્વાસ
ઉપર સંયમપૂર્વક જીવવું, એજ મોક્ષમાર્ગ છે.
પાંચ ઇંદ્રિયના સંયમ માટે પાંચ સમિતિ અને
ત્રણ બળના સંયમ માટે ત્રણ ગુપ્તિ છે.
એ રીતે પાંચ સમિતિ - ત્રણ ગુપ્તિ સહિત જીવન વડે
શ્વાસોચ્છ્વાસમાં સંવાદિતા પ્રગટે છે, તે સમ બને છે
અને જીવન સહજ પ્રવાહમાં પસાર થાય છે.
શ્વાસોચ્છ્વાસરૂપી પ્રાણ ઉપર કાબુ મનનો છે અને
મન પર કાબુ ધ્યાનાભ્યાસથી આવે છે. મન વડે પ્રાણ
તથા પ્રાણ વડે મન વશ થાય છે. ધ્યાનાભ્યાસ = તપ.
આમ અહિંસા, સંયમ, તપ મળી જીવન મંગલમય બનાવી
માનવજન્મ અર્થાત્ મનુષ્યાયુને સાર્થક કરાવે છે.
યાંત્રિક વિકાસે માનવીના ચારિત્રનો ઘાત કર્યો છે,
આધુનિક શિક્ષણે શ્રદ્ધાના પાયા હચમચાવી નાંખ્યા છે.
શ્રદ્ધા અને ચારિત્રહીન એવા આજના
માનવીનું જીવન જાણે કે નારકીનું જીવન બન્યું છે.
તેને પલટવા ધર્મ એ જ એક તરણ - તારણોપાય છે.

માણસ બધું ગુમાવે તો ય તેનું મન, બુદ્ધિ, અંતઃકરણ તેના પાસે છે, ત્યાં સુધી તેને હતાશ થવાનું હોતું નથી.

ઈશ્વરમાં મન - બુદ્ધિ - અંતઃકરણને જોડવામાં આવે તો શરીર અને મનનું ગમે તેવું દુઃખ પણ સહન થઈ શકે.

દુઃખ - આફતનું જે વાવાઝોડું આવે, તે સહન કરી લ્યો. વહેલું - મોડું તે પસાર થઈ જ જશે. સંકટ સામે ઝૂઝતાં રહેવામાં પણ એક જાતનો સુખનો અનુભવ થાય છે, દુઃખનાં વાદળો વિખેરાઈ અંતે સુખનો સૂર્ય ઉદય પામે છે.

ઈશ્વરેચ્છા એક મોટું આલંબન છે.

લક્ષ્મી જેમ ચંચળ છે, તેમ કીર્તિ પણ ચંચળ છે. તેની પાછળ પડવા કરતાં આત્મસંતોષ માટે પ્રયત્ન કરવો, એ જ શાંતિ માટેનો ઉપાય છે.

જીવનમાં સુખ પામવા જેવું ઘણું ઈશ્વરે આપ્યું છે, તેનો નમ્રતાપૂર્વક સ્વીકાર કરી 'જીવન જીવવા જેવું છે' એમ શ્રદ્ધા અને અનુભવથી સ્વીકારવું.

જીવનમાં આકાશની વિશાળતા, નદીની પ્રસન્નતા અને સાગરની ગંભીરતા હોય, તો જ મન પ્રસન્ન રહેશે.

કાતર જેવા કર્તવ્યનિષ્ઠ, સોય જેવા જોડાણનિષ્ઠ તથા હીરા જેવા સાનુકૂળ અને બટન જેવા કસોટીનિષ્ઠ બનો.

## ધારણા કે એકાગ્રતા એટલે શું ?

એકાગ્રતા એટલે પોતાની શક્તિને જુદી જુદી દિશાઓમાં વહેતી અટકાવવી અને ઇચ્છિત દિશામાં લગાડવી, કર્મેન્દ્રિયો દ્વારા વહી જતી શક્તિને અટકાવી સ્થૂલ શરીરને શાંત કરવું, વૃત્તિઓ-લાગણીઓ દ્વારા વહી જતી શક્તિને અટકાવી હૃદયને શાંત કરવું અને વિચાર દ્વારા વહી જતી શક્તિને અટકાવી મનને શાંત કરવું. આ રીતે સ્થૂલ શરીર, હૃદય અને મનને શાંત કરવું, એનું નામ ધારણા કે એકાગ્રતા.

આવી એકાગ્રતા કેળવવાને મહાપુરુષોનું ધ્યાન કરાય, તો પ્રગતિને પંથે નડતાં બધાં અંતરાયો દૂર થાય છે.

દિવસના જ્યારે સમય મળે ત્યારે અથવા સવાર - સાંજ શરીર તથા મનને બિલકુલ શાંત કરવા કાયોત્સર્ગનો અભ્યાસ કરવો. જે ભૂત-ભાવિકાળના જિન છે અને પાપીની સાથે પણ મૈત્રી અનુભવીને, તેને પાપમુક્ત થવામાં સહાય કરી રહ્યા છે, જેઓ પોતાનાં બધાં તત્ત્વો અને કર્મો દ્વારા વિશ્વાત્માની કૃપાનો પ્રવાહ સર્વત્ર વહેવરાવી રહેલ છે, તેવા મહાપુરુષોનું ધ્યાન કરતી વખતે બની શકે,

તેટલી ઉચ્ચ સ્થિતિએ રહીને મહાપુરુષની વ્યક્તિનું નહિ
પરંતુ શક્તિનું પોતાના હૃદયમાં ધ્યાન કરવું.
આત્મભાવે ધ્યાન કરનાર મનુષ્યનો વિચાર એટલો
પ્રબળ બને છે કે તેનો ધ્યાન કરવાનો સંકલ્પ જ
મહાપુરુષની માનસિક ભૂમિકા પર સત્વર પહોંચે છે
અને તેઓના આશીર્વાદ તુરંત જ ઊતરી આવે છે
તથા તેઓશ્રીનું શુદ્ધિ - શાંતિ - શક્તિવાળું વાતાવરણ
તુરંત અનુભવાય છે અને તેની અસર સાધકના
ત્રણે શરીર ઉપર તથા જીવન ઉપર થવા લાગે છે.

## 'મહાપુરુષ' એટલે કોણ ?

જેમણે પોતાના અહંભાવને શુદ્ધ કરી આત્મભાવમાં
ઓગાળી દીધો છે, આત્મભાવને વિકસાવી વિશ્વભાવમાં
લય કરીને જેઓ વિશ્વભાવે રહી જીવન જીવી રહ્યા છે,
તે 'મહાપુરુષ' ગણાય છે. જેમના શરીરનું નહિ પરંતુ તેમાં
રહેલી આત્મશક્તિનું ધ્યાન કરવું. આપણા વિચાર,
કલ્પના અને શ્રદ્ધા જેટલી હદ સુધી જઈ શકે છે,
તેટલી જ હદ સુધી આપણો વિકાસ થઈ શકે છે.
મહાપુરુષોના નામ લેવાથી આપણામાં ગુણો આવે છે,
તેથી પ્રાતઃકાળે તે નામ લેવું જોઈએ.

आत्मा वारे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्य दृष्टव्यश्च।
एष लोके महामन्त्रः पंचानां परमेष्ठिनां।
त्रिभुवनस्वामिनी नाम पुण्यलभ्या महात्मभिः ॥१॥

ऋषिः: આત્મા સાંભળવા યોગ્ય,
મનન કરવા યોગ્ય, નિદિધ્યાસ કરવા યોગ્ય અને
જોવા ઉપરાંત અનુભવવા યોગ્ય છે.
આ લોકમાં પરમેષ્ઠિનો મંત્ર તે મહામંત્ર છે,
તેની અધિષ્ઠાત્રી ત્રિભુવન સ્વામીની દેવી
મહાપુરુષોને પુણ્ય વડે પ્રાપ્ત થાય છે.
પુરુષોત્તમ = પુરુષોને વિષે ઉત્તમ = મહાપુરુષ.
આરાધ્ય ભક્તિનાં ચારિત્ર સહિત તપ વડે જિનનામકર્મ,
ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ અને ઇંદ્રપણું -
વગેરે સર્વ મોટાં સ્થાનોની પ્રાપ્તિ થાય છે.

સમ્યક્ત્વ વિનાનું જ્ઞાન,
જ્ઞાન વિનાનું ચારિત્ર અને
ચારિત્ર વિનાનું તપ નિષ્ફળ છે.

કર્મોનો ક્ષય એટલે દેહનો વિલય અને આત્માનો ઉદય.
તેનો ઉપાય ત્રણનો સમન્વય:
નવકારનો જાપ, આયંબિલનો તપ તથા કાઉસગ્ગનો જપ.

## શ્રી જિનેશ્વર દેવો મહાપુરુષ શાથી ?

શ્રી જિનેશ્વર દેવના આત્માઓમાં ત્રીજા ભવે અતિ પ્રમાણમાં ભાવદયા પ્રગટે છે. તેઓ સાંવત્સરિક દાનમાં રોજ ૧ ક્રોડ આઠ લાખ સોનામહોરનું દાન કરે છે,

જેનું વજન ૫૬૨૫ મણ થાય છે,

એક સોનામહોર ૮૦ રતીની હોય છે. પ્રભુ એક વર્ષમાં ૨૫ મણનાં - ૨૨૫ ગાડાં ભરાય તેટલું સુવર્ણ દાન આપે,

જે જગતનું દારિદ્ર્ય દૂર કરે છે.

વરબોધિ = ઊંચામાં ઊંચું સમ્યક્ત્વ. તીર્થંકર નામકર્મ સર્વગુણો, સર્વ શક્તિઓ અને સર્વ ઐશ્વર્યનો ભંડાર છે.

ગણધર ભગવંતો આઠે પ્રહર અને સાઠે ઘડી સમતા, સંવર અને નિર્જરામય સમય વ્યતીત કરે છે. તે મહાપુરુષોના નામનું સ્મરણ, સાક્ષાત દર્શન અથવા ભક્તિ કરાયેલ વંદન મોટી નિર્જરાનું કારણ બને છે. મૂળ વિનાનું વૃક્ષ, મસ્તક વિનાનું ધડ, જળ વગરનું સરોવર, ચંદ્ર વિનાની રાત્રિ અને લૂણ વિનાનું ભોજન, તેમ ભાવ વિનાનાં દાનાદિ નિરસ, નિસ્તેજ, નિષ્ફળ છે.

૦ તાર્કિક શિરોમણિ શ્રી સિદ્ધસેન દિવાકરે ૮ વર્ષ લાગટ આયંબિલનો તપ કર્યો હતો.

જિનપ્રતિમા એ ધ્યાનનું કાર્ય અને સ્વરૂપનું કારણ છે.

જેમનાં નામસ્મરણ, દર્શન, જાપ, ધ્યાનથી ભવ્ય જીવો
નિર્મળ રત્નત્રયી પામે, તે સૌ પંચપરમેષ્ઠિ ભગવંતોને,
જિનોને, તીર્થોને અને પાદુકાઓને અનંતશઃ વંદના.

તિત્થયરત્તં સમ્મત્તં ખાઇગં સત્તમીઇ તઇયાએ ।
આઉં વંદણ એણં બદ્ધં દસારસીહેણ ॥૧॥ (પરિશિષ્ટ-૮)

## અંગુષ્ઠમાત્ર આત્મા છે...

'ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન તિષ્ઠતિ ।' ૧૮/
'અંગુષ્ઠમાત્રઃ પુરુષઃ જનાનાં હૃદયે સન્નિવિષ્ટઃ ।' ૬૧

'અંગુષ્ઠમાત્ર' એટલે આત્માનો અંશ કે જે
સૌની અંદર રહેલો છે, જેની કોઈ માત્રા કે માપ નથી.
તે નિર્ધૂમ જ્યોતિની જેમ કેવળ જ્યોતિરૂપ છે.
'હૃદ્દેશ'નો અર્થ કેન્દ્ર છે, જે પ્રકૃતિથી ઉપર-અવ્યક્ત છે,
છતાં પ્રત્યેક દેહમાં રહે છે તથા
એને લીધે જ આત્મા અને બ્રહ્મની સત્તા છે.

દ્વાવિમૌ પુરુષૌ લોકે ક્ષરશ્ચાક્ષર એવ ચ ।
ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ કૂટસ્થોઽક્ષર ઉચ્યતે ॥

પંચભૂતોની સંજ્ઞા 'ક્ષર' છે. એ ભૂતોના સમૂહમાં
રહેવાવાળાની સંજ્ઞા અક્ષર છે, એ અક્ષર જ જીવ છે.

પરબ્રહ્મ - ઉત્તમ ગુરુ - મહાપુરુષ

ગુરુને સાક્ષાત્ પરબ્રહ્મ કહ્યાં છે, તેનો અર્થ છે કે:
પરબ્રહ્મને સૌથી ઉત્તમ ગુરુ - મહાપુરુષ માન્યા છે.
મળ્યું છે, તે મહાન પુરુષોની કૃપાથી અને મેળવવું છે,
તે પણ મહાન પુરુષોની કૃપાથી જ પ્રાપ્ત થવાનું છે, તેનું
કદી વિસ્મરણ ન કરવું, તેથી પાત્રતા આવશ્યક રહે છે.
કૃતજ્ઞતાગુણનું પાલન એજ પાત્રતાનું પ્રથમ લક્ષણ છે.

પુરુષોત્તમ કોણ ?

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः । १५/१७
ક્ષર અને અક્ષરથી પર તે પુરુષોત્તમ - પરમાત્મા.

स्तुति चतुष्टक

स्वामीनामपि यः स्वामी गुरूणामपि यो गुरुः ।
देवानामपि यो देवस्तस्मै तुभ्यं नमो नमः ॥१॥
अद्य मे सफलं जन्म प्रशस्तं सर्वमंगलं ।
संसारार्णवत्तीर्णोऽहं जिनेन्द्र ! तव दर्शनात् ॥
अद्य कर्माष्टकं नष्टं दुःखोत्पादनकारणं ।(कं)
सुखाम्भोधिनिमग्नोऽहं जिनेन्द्र ! तव दर्शनात् ॥
अद्य मिथ्यान्धकारस्य हन्ता ज्ञानदिवाकरः ।
उदितो मच्छरीरेऽस्मिन् जिनेन्द्र ! तव दर्शनात् ॥

(પરિશિષ્ટ-૯)

## શાસ્ત્રમાં દીક્ષાની વ્યાખ્યા

श्रेयोदानात् अशिवक्षपणात् दीक्षेति उच्यते ।
दीयते परमं ज्ञानं क्षीयते पापपद्धतिः ।
तेन दीक्षेत्युच्यते शास्त्रे सर्वागमस्तानतः ॥ (परिशिष्ट-१०)

શ્રમ કરે - તપ કરે તે શ્રમણ. 'ક્ષમારૂપં તપસ્વિનાં ।'
તપસ્વીઓની શોભા ક્ષમા અર્થાત્ સહનશીલતા છે.
ઓછું ખાવું - વધુ ચિંતન, એ શ્રમણોની તપશ્ચર્યા છે.
અન્નમાંથી પ્રાણ અને પ્રાણમાંથી મન બને છે.
કેષાં વચનમમોઘં? યે ચ સત્ય - મૌન - સમશીલાઃ ।
જેની વાણીમાં સત્ય, મૌન અને
આચરણમાં શીલ અને સદાચાર છે, તેનું વચન
અમોઘ છે, પ્રતીતિજનક છે અને વિશ્વસનીય છે.
હંમેશા સત્ય બોલવું, બને તેટલું મૌન રાખવું,
અસત્ય ન બોલવું, ચિત્તની શાંતિ જાળવી રાખવી તથા
પરિષહો - વિપત્તિઓ સહેવા, એ શ્રમણોનું કર્તવ્ય છે.
જો તમે ન્યાયથી વર્તતા હો, તો ક્રોધની જરૂર નથી,
જો તમે અન્યાય કર્યો હોય, તો પછી ક્રોધ કરવો
બિલકુલ યોગ્ય નથી. મૌન વડે મનદોષ, ધ્યાન વડે
દૃષ્ટિદોષ અને જ્ઞાન વડે આવરણદોષનો નાશ થાય છે.

જીવ એ દ્રમક સદૈવ ભિખારી છે.
એની કાયા એક ભીખ માંગવાનું ઠામપાત્ર - ઠીકરું છે,
એમાં વિષયોરૂપી એંઠવાડ માંગીને ખાય છે.
એંઠવાડની જે ખાસિયત
એક તો કોઈનાં ખાધેલાં પછી એંઠું - જૂઠું હોય અને
વાસું એનાથી અજીર્ણ અને રોગ થાય.
અજીર્ણ કર્મનું અને રોગો રાગાદિના.
અશુભ કર્મનો સંચય એ બાદી છે,
એમાંથી અનેક વિકારો જાગે અને જીવ દુઃખી થાય છે.
વિષયભોગ વડે કર્મસંચયની બાદી થાય છે અને
તે જન્મ તથા મરણની પીડાઓ ઉત્પન્ન કરે છે.
જ્ઞાન કે તપનું અભિમાન
એ પણ વિષયરૂપ બનીને જીવને કર્મથી બાંધે છે.
आसवा ते परिस्सवा, परिस्सवा ते आसवा |
કર્મબંધનાં કારણ પણ જ્ઞાનીને કર્મનિર્જરાનાં કારણ
અને કર્મક્ષયનાં કારણ પણ અજ્ઞાનીને કર્મબંધનાં
કારણ બને છે. 'પરિસ્રવ' એટલે સંવર તથા નિર્જરા.
તૃષ્ણાની મૂર્છાથી પરિગ્રહરૂપી આસ્રવનું કારણ અને
વૈરાગ્ય વડે સદુપયોગથી સંવર - નિર્જરાનું કારણ.

વ્રત - નિયમ - તપ - જપને પણ અભિમાન અને
આસક્તિના વિષય બનાવવામાં આવે,
તો તે કર્મબંધનાં કારણ બને છે.

હૈયામાં વિષયરાગ હોય તો જિનશાસનમાં પ્રવેશ નહિ.
હૈયામાં જિનશાસન અને જિનશાસનમાં હૈયું -
એ બે એક જ વસ્તુ છે.

માથામાં પાઘડી કે પાઘડીમાં માથું, એ બેમાં કાંઈ ફેર નહિ.

'કર્મવિવર' એટલે રાગ - દ્વેષની તીવ્ર ગાંઠનું ભેદાવું.

એનાથી જે મિથ્યાત્વમોહનીયાદિ કર્મનો ક્ષયોપશમ આદિ થાય, તે કર્મવિવર ગણાય. વિવર = ગાબડું, બાકોરું.
કર્મમાં ગાબડું પડ્યું એટલે સમ્યગ્દર્શન થાય.

જિનશાસનરૂપી નગરમાં - રાજ્યમાં પ્રવેશ થાય, ત્યારે ત્યાં રહેલાં જ્ઞાન - દર્શન - ચારિત્ર રૂપી રત્નોના ઢગલાં દેખાય છે. ત્યાં ગણધરો- સૂરિવરોરૂપી દિવાનો છે,
મુનિવરો રૂપી સુભટો - લડવૈયા છે,
સિદ્ધાંતોનો અહીં ખજાનો છે, ધર્મસ્થાનો રૂપી મહેલાતો છે,
ધર્મબોધકર આચાર્ય એ manager છે,
ઉત્પાત - દાહને શમાવનારૂં તત્ત્વરુચિકર અમૃત છે,
નજરને સ્વચ્છ કરનાર વિમલાલોક અંજન છે,

જિનશાસનરૂપી નગરમાં ચારિત્રરૂપી પરમાન્ન છે,
તે રાગાદિ સર્વ રોગને દૂર કરી ભાવારોગ્ય અર્પે છે.
<u>સંસારશેરીઓમાં રહેલા વિષયોરૂપી એંઠવાડના ભિખારીને
જિનશાસનરૂપી મહેલમાં પ્રવેશ મળવો અતિ દુર્લભ છે.</u>
કોડીનું નિધાન જેને મળ્યું હોય, તેને ખાડો પૂરવાના
પત્થરના ટૂકડા વાંકાચૂંકા મળ્યા, એનું શું દુઃખ થાય?
અગાવડીનું દુઃખ નહિવત્ લાગે,
તો જિનશાસન પામ્યાનો આનંદ અનુભવ્યો ગણાય.
જો તમારે દુઃખને ભૂલવું હોય,
તો જૈનશાસનને પામ્યાનો અનહદ આનંદ અનુભવજો.
જિનશાસનને મહાનિધાન, મહાસમૃદ્ધિ, મહાશ્રીમંતાઈ માનો.
આંખથી દૂધપાક - એંઠવાડ વચ્ચેનો ભેદ ઓળખાય
તથા રોગ કંઈક શમે છે, તેથી જોવાની દૃષ્ટિ બદલાય છે.
વૈરાગ્ય એટલે...
વિષયો પ્રત્યે અનુકૂળતાની બુદ્ધિ ન હોવી તે.

पुण्यानामिह नाटकं शुभमतेर्भव्यस्य रुद् दायकं,
आनन्दस्य विधायकं सुमनसः खिन्नस्य चालापकं ।
षट्कायस्य च नाटकं रतिपतेः कुंठीभवत्सायकं ।
दूरत्रासितमायकं शुचितरं कुर्वीत सामायिकं ॥१॥

(પરિશિષ્ટ-૧૧)

दुःखितेषु दयाऽत्यन्तं - प्रेम
अद्वेषो गुणवत्सु च । - भक्ति
औचित्यासेवनं चैव - न्याय
सर्वत्रैवाऽविशेषतः ॥१॥ - धर्म

અપુનર્બંધક અવસ્થામાં આ લક્ષણ પ્રાપ્ત થાય - ભળે છે.
દુઃખીની દયા (કરુણા) અને ગુણીનો અદ્વેષ (પ્રમોદ)
તથા તે સિવાયના જીવો પ્રત્યે ધર્મ - માધ્યસ્થ્ય વડે
ઔચિત્યપ્રવર્તન - ન્યાયીઆચરણ ધર્મના મૂળમાં રહેલાં છે.

પહેલાં મનના બનો, પછી જિનના.

તત્ = ભક્તિયોગ, ત્વમ્ = કર્મયોગ, असि = જ્ઞાનયોગ.
સંસ્મરણ = શાંતિમિલન, વિસ્મરણ = મુક્તિ - મોક્ષમાર્ગ.
આત્માનું સ્મરણ - સંસારનું વિસ્મરણ.
ગઈકાલ = આજની યાદ. આજ = આવતીકાલનું સ્વપ્ન.
ભૂલવા જેવું બધું ભૂલી જવું, એ જ મુક્તિ.
પુણ્યના ઉદયે કોઈકને જ પ્રાપ્ત થાય...

पत्नी प्रेमवती सुतः सुविनयी भ्राता गुणालङ्कृतः ।
स्निग्धो बन्धुजनः सखाऽतिचतुरो नित्यं प्रसन्नः प्रभुः ।
निर्लोभोऽनुचरः परार्तिशमने प्राप्तोपयोगं धनं
पुण्यानामुदयेन संततमिदं कस्याऽपि संपद्यते ॥१॥
(પરિશિષ્ટ-૧૨)

મુક્તિના બે પંથ એટલે...

આચારમાં ન્યાય-નીતિ અને વિચારમાં પ્રેમ-ભક્તિ.

વિશ્વ ઉપર ખરેખર સામ્રાજ્ય જો વસ્તુનું છે:
કર્મનો ન્યાય અટલ છે અને પ્રભુનો પ્રેમ અચૂક છે.

ન્યાય - નીતિ એ માધ્યસ્થ્યનું લક્ષણ,
પ્રેમ-ભક્તિ એ મૈત્રી, પ્રમોદ અને કારુણ્યનું લક્ષણ છે.

દેહ અવિચારી છે, આત્મા વિચારશીલ છે.

માનવજન્મ સેવા લેવા નહિ પણ સેવા કરવા માટે છે.

દુઃખ સહવા અને સુખ વહેંચવા માનવજન્મ છે, પ્રમાદી થવા કે મિથ્યા વાતચિતમાં કાલક્ષેપ કરવા માટે નહિ.

બાહ્યમાં ઘોંઘાટ છે, ભીતર શાંતિ છે. મૌન રહી ધ્યાન કરો.

Be still and see that I am god.

'એક ચેતન જ સ્વાધીનતા ગુણને ધરાવે છે'
એવી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે.

સ્વાધીનતાનું સામ્રાજ્ય આત્મામાં છે. અનાત્મ પદાર્થ સ્વાધીન નહિ પણ પરાધીન છે, કેમકે તે જડ છે.

अचेतनं चेतनाधिष्ठितं कार्यं करोति,
न चेतना अचेतनाधिष्ठिता कार्यं करोति,
इत्याकारकं ज्ञानं सम्यग्दर्शनबीजभूतं ।

(પરિશિષ્ટ-૧૩)

જગતમાં દુઃખ વિનાનું કોઈ નહિ પણ
તે દુઃખ પ્રભુ પ્રીત્યર્થે સહવું જોઈએ.
બીજા કોઈ આપણું ધાર્યું ન કરે,
ત્યારે આપણે જ આપણો સ્વભાવ સુધારવો જોઈએ.
અપેક્ષાઓ ઓછી કરો એટલે દુઃખ ઓછું થવા લાગશે.
અપેક્ષાનો અંત આવશે એટલે દુઃખનો અંત આવી જશે,
જીવન હળવું ફૂલ જેવું બની જશે.
આ સંસારમાં અને બહારના વ્યવહારમાં જે વિવિધ
પ્રકારની અપેક્ષાઓ બીજાની પાસેથી રાખવામાં આવે છે,
તે જ મોટા ભાગે દુઃખનું મૂળ હોય છે.
ઇચ્છાઓ ઓછી રાખો, દુઃખ આપોઆપ ઓછું થશે.
કર્મની ગતિ વિચિત્ર છે, માટે
નિરંતર મૈત્રી - પ્રમોદ - કરુણા - ઉપેક્ષાભાવના રાખો.
અનંતકાળમાં કાં તો સત્પાત્રતા થઈ નહિ અને
કાં તો સત્પુરુષ મળ્યા નહિ.
સત્પુરુષ = જેમાં સદ્ગુરુત્વ, સત્સંગ, સત્કથા રહ્યાં છે.
જ્ઞાની પુરુષોને જે સુખ વર્તે છે,
તે નિજભાવમાં સ્થિતિનું વર્તે છે.
o મતિની ગતિ નહિ, ત્યાં વચનની ગતિ તો ક્યાંથી હોય?

બાહ્ય પદાર્થમાં તેમને સૂઝબુદ્ધિ હોતી નથી.
ભાવી કર્મના ઉદરમાં આપણે વર્તે છે, જ્યારે
ભૂતકાળની હર્ષ-વિષાદ આદિ અનુભવે છે.
વર્તમાનમાં જીવો અને સંતોષને અનુભવો.

આપણે જગતનું પરિવર્તન કરવા તૈયાર થયાં છીએ પણ આપણા વિચારોનું પરિવર્તન કરવા જરા ય તૈયાર નથી. આપણે માત્ર એકપક્ષીય રીતે આશા રાખીએ છીએ કે સામી વ્યક્તિ તેના વિચારોમાં પરિવર્તન લાવે અથવા બાહ્ય પરિસ્થિતિમાં ફેરફાર સર્જાય. બંને વસ્તુ જરૂરી છે એ સાચું પણ જ્યાં સુધી આપણે આપણા વિચારોમાં પરિવર્તન નહીં કરીએ, ત્યાં સુધી આપણું મન સ્વસ્થતા અનુભવશે નહિ. આપણે આપણા વિચારોના કારણે જ દુઃખી થઈએ છીએ, એ જાણવાનો કદી પ્રયાસ કર્યો છે ખરો? આપણા વિચારો અને માન્યતાઓને બદલવામાં આપણે જેટલાં કંજૂસ, એટલાં બાબત બાબતમાં ભાગ્યે જ હોઈશું! બાંધેલા એ માન્યતાઓ, પૂર્વગ્રહો અને વિચારો જ આપણને વધુ દુઃખી બનાવે છે. આપણી ખોટી માન્યતાઓ અને વિકૃત વિચારોને કદાચ કોઈ બદલાવવાનો પ્રયત્ન કરે, તો તરત જ આપણે આવેશમય બની જઈએ છીએ.

આવી સ્થિતિમાં આપણે કાં તો સમસમીને બેસી રહીશું, તેનું અપમાન કરીશું કે તેને ખોટો પાડવા પ્રયત્ન કરીશું. જે વ્યક્તિ આપણી હા માં હા મિલાવે અથવા આપણા વિચારો સાથે સંમતિ દર્શાવે, તેની પાછળ આપણે લટકીએ છીએ, તેમાં કાંઈ હરકત નથી, પરંતુ જે વિચારોને કારણે આપણે દુઃખી થતાં હોઈએ કે આપણા જીવનમાં નિરાશા આવી જતી હોય, તે વિચારો કે માન્યતાઓને આપણે સૌ પ્રથમ તિલાંજલિ આપી દેવી જ જોઈએ.

## આચાર મુખ્ય શાથી ?

આ કાળ એક એવો કાળ છે કે જેમાં 'આચાર' માટે સૌથી વધુ આગ્રહ રાખવો જરૂરી છે. ક્રિયા આચાર માટે છે, જ્ઞાન વિરતિ માટે છે. જાપ-ધ્યાન ચિત્તશુદ્ધિ માટે છે, તપ નિર્જરા માટે છે. એ ધ્યેય ભૂલી જવામાં આવે, તો ધર્મના નામે જ ધર્મની હાનિ થવાનો સંભવ છે, માટે આચાર જ મુખ્ય છે.

o

*Fame is vapour, popularity is an accident, riches take wings to fly off character. Character is the bundle of sound habits.*

જીવનના વર્તનમાંથી દોષો કાઢવામાં
જેટલી શક્તિનો વ્યય કરાય છે, તેટલી જ શક્તિ
પોતાનું વર્તન ઉચ્ચ બનાવવાને પૂરતી થાય તેમ છે.
ટીકા કે નિંદા કરવી, એ ઈશ્વરથી વિમુખ રહેવા જેવું છે.

મનુષ્ય પોતાના દુર્ગુણો જાણવા છતાં
પોતાને ધિક્કારતો નથી પરંતુ જીવનમાં
એ દુર્ગુણ જોઈ તેનો તિરસ્કાર કરે છે.

## પ્રાર્થના શેની કરવાની હોય?

પ્રાર્થના એ યાચના નહિ પરંતુ સમર્પણ છે.
નમસ્કાર એ યાચના નહિ પરંતુ સન્માનનું દાન છે.
ઈશ્વર આપણને આપણાં દુઃખો હિંમતથી સહેવાની અને
જીવનનાં દુઃખને પ્રેમથી દૂર કરવાની શક્તિ આપી,
એટલી જ પ્રાર્થના કરવાની હોય છે.

જીવનમાં દુઃખ આવે નહિ એ વાત અશક્ય છે, પરંતુ
તે સમજણે સહન કર્યું હશે તો કદી વ્યર્થ નહિ જવાનું.
દુઃખ વડે જ નવી દૃષ્ટિ મળે અને નવી કેડી ખૂલે છે.

## મનનું ભોજન તથા મનનું શિક્ષણ શું?

અતીતનું સ્મરણ એ મનનું ભોજન છે અને
અતીતનું વિસ્મરણ એ મનનું શિક્ષણ છે.

જીવનની મુખ્ય ચાલકરૂપ શક્તિ મન અને બુદ્ધિ નથી.
માનવનું મન - બુદ્ધિ તો અર્ધસત્યો અને અનિશ્ચિત
વસ્તુઓનું માત્ર એક કુંડાળું જ રચી શકે છે અને એ
સાવ અસંતોષકારક વર્તુળમાં જ ચક્કર લગાવ્યા કરે છે,
પરંતુ આપણા મન અને પ્રાણની અંદર,
આપણા બૌદ્ધિક, કલાત્મક, નૈતિક સ્વરૂપની અંદર,
આપણી ઊર્મિઓ, પ્રાણ અને શરીરની અંદર
એક મહાશક્તિ ગુપ્તપણે નિવાસ કરી રહેલી છે.
એ શક્તિ identity and intuition અર્થાત્
તાદાત્મ્ય દ્વારા તેમ જ સહજ જ્ઞાનની રીતે જોઈ શકે છે
અને પોતાના દર્શનમાંથી માનવની બુદ્ધિ, શાંતિ, નીતિ
આદિ જેટલું ગ્રહણ કરી શકે, તેટલું સત્ય મોકલી આપે છે
તથા તેઓ ગ્રહણ કરી શકે તેટલા
સુનિશ્ચિતતા અને સ્થિરતા તેમને આપે છે.
આપણને હમણાં હમણાં આ તત્ત્વની એક આછી ઝાંખી
થવા લાગી છે, દેખાવા લાગ્યું છે કે આપણા તમામ વિચાર
અને તર્કણાની પાછળ, આપણી સર્વ અન્ય પ્રવૃત્તિની
પાછળ કોઈ એક મહાગુપ્ત તત્ત્વ આવેલ રહેલું છે,
પરંતુ આ શક્તિ હજુ પોતાને ખાતર પ્રવૃત્ત થતી નથી.

એને મન અને શરીરની સાથે જ કામ કરવું પડે છે.
બુદ્ધિ માટે માનવ જે ગર્વ લે છે, તે એક
સાચો ગર્વ છે અને સાથે સાથે મિથ્યા ગર્વ પણ છે.
એ બુદ્ધિએ પણ તેનો આગળ વધવાનું છે અને
પોતાનામાં રહેલા ગૂઢતર પ્રકાશને
ખૂલ્લો કરવાનો છે, શોધી કાઢવાનો છે, મુક્ત કરવાનો છે.
આ આત્મતત્ત્વની સાધનાને જ તેણે
જીવનની પ્રધાન કે વ્યાપક પ્રવૃત્તિ કરી લેવાની છે.
આમ જ્યારે થશે, ત્યારે જ માનવ માટે આધ્યાત્મિક
પરમ માનવતામાં પહોંચવાનો માર્ગ ખૂલ્લો થશે. એ
માર્ગ ખૂલી ગયા પછી માનવનું તત્ત્વજ્ઞાન, તેની કળા,
વિજ્ઞાન, નીતિશાસ્ત્ર, સામાજિક જીવન, પ્રાણની પ્રવૃત્તિઓ-
એ કેવળ પ્રાણ અને મનની જ પ્રવૃત્તિ નહિ રહે,
એ બધું પોતપોતાને ખાતર,
એકના એક જ વર્તુળમાં નહિ ચાલ્યા કરે, કિન્તુ
મન અને પ્રાણની પાછળ રહેલાં
મહાન સત્યને શોધી લેવાના સાધન રૂપ બની રહેશે.
આમ થશે, ત્યારે આપણે આપણા સ્વરૂપમાં પહોંચવાના
સાચા માર્ગ ઉપર પગલાં ભરવાં લાગીશું.

આમ કરીશું ત્યારે...

પ્રકૃતિ માટેનો આપણો નિયમ પાળી શકીશું,
આપણા સાચા સ્વરૂપમાં અને આપણી દિવ્ય પ્રકૃતિમાં
આપણું સાચું - સંતોષપૂર્ણ જીવન ગાળવા લાગીશું.

## સ્વાર્થવૃત્તિ જીતવાનો ઉપાય

આ પૃથ્વી ઉપર રહેલી બધી જ વસ્તુઓ કરતાં
આત્માને શ્રેષ્ઠ ગણતાં શીખો.
અભિમાન અને સ્વાર્થવૃત્તિથી દૂર રહો.
તે અજ્ઞાન અને લોભમાંથી ઉત્પન્ન થાય છે.
અજ્ઞાનથી જ જીવાત્મા અભિમાની બને છે.
વળી તે લોભને પણ ઉત્પન્ન કરે છે અને
લોભ મનુષ્યને સ્વાર્થી બનાવે છે.
સ્વાર્થી મનુષ્ય ઠેરઠેર અપમાન - અનાદર પામે છે અને
તેથી જ જીવનમાં દુઃખ અને નિષ્ફળતા મેળવે છે.
તમારા જીવન અને વર્તણૂંકથી બાળકોને સુખ મળે,
તો જ સ્વાર્થ અને અભિમાનની વૃત્તિથી બચી શકાય.
પરાર્થવૃત્તિ એ જ સ્વાર્થવૃત્તિ જીતવાનો ઉપાય છે, તેના
જ્ઞાનની સાથે જ નિરભિમાની વૃત્તિ આવે છે તથા
નિરભિમાની વૃત્તિવાળાને જ્ઞાનની પ્રાપ્તિ સહજ બને છે.

જ્ઞાન અને ચારિત્રનો સંબંધ છે.
જ્ઞાન માટે વૃત્તિ વિનયી અને આનંદદાયી હોવી ઘટે.
અસત્ય અને અસત્ત્વ વૃત્તિ જ્ઞાનની પ્રતિપક્ષી છે.
સત્ય અને સત્ત્વ વૃત્તિ એ જ સરસ્વતી છે અને
એ જ સર્વ પ્રકારના જ્ઞાનનું મૂળ છે.

જીવનવિકાસ માટે કેવળ પ્રમાણિકતા અથવા સજ્જનતા બસ નહિ, સાથે સાથે શાસ્ત્રીયતા પણ જોઈએ. જો તમારો પ્રયત્ન અશાસ્ત્રીય હશે, તો પ્રગતિ નહિ થાય. તે સંપૂર્ણ શાસ્ત્રીય હોવો જોઈએ. કોઈપણ કાર્ય કરતી વખતે શાસ્ત્ર પ્રમાણોને અભ્યાસ કરી અને
તે મુજબ જ જીવનને ઘડવા પ્રયત્ન કરો.

આત્મવિકાસ અધ્યાત્મ છે અને અધ્યાત્મ એક શાસ્ત્ર છે. તેને અનુસરવાથી જ વિકાસનો માર્ગ સાધી શકાય છે.
સર્વ કાર્યોમાં શાસ્ત્ર એ જ અંતિમ પ્રમાણ છે.
અનુભવીઓનું વચન એ જ શાસ્ત્ર છે,
તેથી શાસ્ત્ર અનુસરવાથી જ અનુભવ પ્રાપ્ત થાય છે.

o

Man drinks the drink,
drink drinks the drink and
drink drinks the man.

આત્મજ્ઞાન માટે કહ્યું છે કે: 'Know Thyself.'

'જ્ઞાનાન્મુક્તિઃ ।' 'સા વિદ્યા યા વિમુક્તયે ।'

'વિદ્યયાઽમૃતમશ્નુતે ।' 'આત્માનં વિદ્ધિ ।'

ઇંદ્રિયોને મન વડે, મનને બુદ્ધિ વડે, બુદ્ધિને ધૃતિ વડે
વશ કરી ઉત્તમ સુખની પ્રાપ્તિ થાય છે.

સુખનો ઉપાય પ્રશાંત મન છે.

પ્રશાંત મન માટે રજોગુણનો વિજય આવશ્યક છે,
એ માટે તમોગુણનો વિજય આવશ્યક છે અને
એ માટે કૃતજ્ઞ બનવું આવશ્યક છે. કહ્યું છે કે:
બુદ્ધિ = હિતાહિતનો વિવેક, જાગ્રત મન. ધૃતિ = ધૈર્ય.

જેમ મોહાધીનને ધન વધે તો પાપ વધે,
V. Imp. તેમ બુદ્ધિ વધે તો બહુ પાપ જ વધે.

શાસનરાગ અને ભવદયામાંથી ઉત્પન્ન થયેલો કષાય
પ્રશસ્ત કષાય છે. ગુરુદ્વેષ કે વ્યક્તિદ્વેષમાં પરિણમતો
કષાય અપ્રશસ્ત છે. [illegible] નવા સંઘની સ્થાપના
એ ભગવાન મહાવીરના સંઘમાં અવિશ્વાસ ઉત્પન્ન
કરનાર છે. પ્રભુએ સ્થાપેલ સંઘ જ શાસનની રક્ષા કરશે.
આચાર, વિચાર, ઉચ્ચાર અને પ્રચારમાં શ્રી જિનાજ્ઞા
પ્રતિબદ્ધ બનવાથી જ શાસનની ઉન્નતિ શક્ય બનશે.

## બુદ્ધિ પર રચેલા પાંચ પ્રકારની શ્રદ્ધા

પ્રથમ શ્રદ્ધા કર્મના નિયમ ઉપર,
બીજી શ્રદ્ધા પુનર્જન્મના સિદ્ધાંત ઉપર,
ત્રીજી શ્રદ્ધા જીવનની શ્રેષ્ઠતા અને પવિત્રતા ઉપર,
ચોથી શ્રદ્ધા વિશ્વની બુદ્ધિપૂર્વકની વ્યવસ્થા/રચના ઉપર,
પાંચમી શ્રદ્ધા પ્રકૃતિના અનુભવ ઉપર. આ પાંચ વસ્તુઓ બુદ્ધિ પર છે, માટે શ્રદ્ધાથી જ સમજાય છે.

ज्ञाते वस्तुनि अज्ञानात् वस्तुस्वीकारात्
अनंतगुणिता श्रद्धा प्रवर्धते । श्राद्धवि:

વસ્તુ અજ્ઞાત હોય, તે કરતાં જાણી લીધા પછી તે વસ્તુ ઉપરની શ્રદ્ધા અનંતગણી વધી જાય છે. રત્નનું જ્ઞાન અને મૂલ્ય સમજ્યા પછી જ તેમાં શ્રદ્ધા અનેકગણી વધે છે, ધર્મરત્નનું પણ તેમ જ સમજવું. આસક્તિથી વ્યવહાર કરનાર વિનાશના શ્રીગણેશ કરે છે.

## આશાતનાનાં પ્રકાર

અવિનય, અનાદર, નિંદા - વિરોધ, અશ્રદ્ધા, શંકા, દ્રોહ, કૃતઘ્નતા વગેરે છે, તે સર્વથી બચવું જોઈએ.

પરને તો ઉપદેશવા, જગમાં મળે અનેક;
પણ પોતે તેવું કરે, વિરલા લાખે એક!

વૈશાખ સુ. ૮, સોમવાર, મુંબઈ મહાવીર, ૨૩-૪-૧૮

## પ્રભુપ્રતિષ્ઠા એટલે...

પ્રભુમૂર્તિમાં પરમાત્મતત્ત્વ આરોપણની પવિત્ર ક્રિયા. ત્રીજા ભવે જિનનામકર્મ નિકાચિત કર્યા પછી છેલ્લા ભવમાં પ્રભુ નિર્વાણ પદને પ્રાપ્ત કરે, ત્યાં સુધીના ભગવંતના સઘળાં ય મંગલમય પ્રસંગોનું સાક્ષાત દર્શન - ચ્યવન કલ્યાણક આદિ પાંચે કલ્યાણકોની ભવ્ય ઉજવણી દ્વારા બોધિની પ્રાપ્તિનો સુવર્ણ અવસર.

'જિન પ્રતિમા જિન સારિખી' એ વચનાનુસાર
અચેતન એવા પુદ્ગલ પરમાણુઓને પણ
સાક્ષાત દેવાધિદેવ રૂપે બનાવવા માટેની
મહામંગલકારી - અનોખી પ્રક્રિયા એટલે પ્રભુપ્રતિષ્ઠા.

## અંજનશલાકા એટલે...

તે તે ગામ-નગર-પ્રાંત-પ્રદેશમાં રહેનારી સમસ્ત પ્રજાને બાહ્ય-આંતર ઉભય પ્રકારની સુખ-શાંતિ-સમૃદ્ધિ પ્રાપ્ત કરવાનો કલ્યાણકારી અદ્વિતીય શુભ પ્રસંગ. આવા અંજનશલાકા સહિતના પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રસંગ અમૃતાનુષ્ઠાનનો અનુભવ કરાવે છે, તેથી સકલ સંઘને અતિબહુમાનપૂર્વક ઉજવવાનો આ પ્રસંગ ગણાય છે,

તેનો લાભ સૌએ અવશ્ય લેવો જોઈએ, તેથી
આ જિનશાસનની ઉન્નતિ સાથે
સ્વ-પર ઉભયને બોધિલાભની પ્રાપ્તિ થાય છે.

શ્લોક। स्याद्वादो वर्तते यस्मिन् पक्षपात न विद्यते ।
नास्त्यन्यपीडनं किंचित् जैनो धर्मः स उच्यते ॥१॥

<u>અર્થ</u>: જેમાં સ્યાદ્વાદ છે, પક્ષપાત નથી તથા જરાપણ
બીજાને પીડા અપાતી નથી, તે 'જૈન ધર્મ' કહેવાય છે.

ભગવાનનો સંઘ સર્વ ગુણોનો ભંડાર છે.
તીર્થંકર સમાન કહ્યો છે, આપણે તીર્થંકર સમાન એ
સંઘના અંશરૂપ છીએ, એટલે જવાબદારી મોટી છે.
સંઘમાં રહેલાં બધા સભ્યને સુખી જોઈને સુખી થવું.

પીપળ પાન ખરંતા, હસતી કુંપળીયા,
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડીયા !

દ્રુમપત્રીય = ડાળની ટોચ ઉપર પડેલું ઝાકળનું બિન્દુ,
તેના જેમ અસ્થિરતા જેની પાસે વધુ હોય, તેને
વધુ જાગતાં રહેવું પડે. જેમ - જો રૂપિયા હોય, તેને
ચિંતા નહિ પણ લાખ રૂપિયા કે લાખનું ઝવેરાત હોય,
તો જાગતાં રહેવું પડે.
ન રહે તો ખીસું કપાય, સંપત્તિ જાય અને મુશ્કેલીમાં ખપે.

મનુષ્યજન્મ, શ્રાવકકુળ, મુનિજીવન અને
અરિહંતનું શાસન વગેરે અતિ કિંમતી છે, તેની રક્ષા
અને સાર્થકતા માટે સતત જાગૃતિ - તે અપ્રમાદ.
આત્મહિતકર અનુષ્ઠાનોનું ચિન્તન અને સતતપણે
ચૌદ રાજલોકના વિચારમાં જગતસ્વરૂપ અને
૨૪ ગુણસ્થાનકના વિચારમાં આંતરિક સૃષ્ટિના સ્વરૂપની
તત્ત્વવિચારણા - એ શિવપદનું બાકી બધું પ્રમાદરૂપ.

કિંમતી વસ્તુ મળતાં પૂર્વની વસ્તુનો ત્યાગ:
ચાંદી માટે લોઢું, સોના માટે ચાંદી અને હીરા માટે સોનું
જે ન ત્યજે, તે અજ્ઞાની છે. જે ત્યજે, તે જ્ઞાની છે.

સાધુ ભણીને અને શ્રાવક સાંભળીને બહુશ્રુત થાય.
બહુશ્રુતની પદવી એ જિનશાસનનો અલંકાર છે. સાધુનો
મનોરથ હોય... કે ક્યારે હું સુગુરુની નિશ્રામાં વિનય-
વૈયાવચ્ચાદિ કરી સૂત્ર ભણી બહુશ્રુતપણું પામીશ !

સૂત્રરૂપી દોરાથી પરોવાયેલ જીવરૂપી સોય
આ સંસારચક્રમાં ફસાય નહિ.

સમજવા માટે દ્રવ્યાનુયોગ, આચરવા ચરણકરણાનુયોગ,
મનની સ્થિરતા - એકાગ્રતા માટે ગણિતાનુયોગ અને
બાળજીવોને પ્રતિબોધવા માટે કથાનુયોગ કહ્યો છે.

એકાગ્ર ચિત્તે ગાણું ભજતી વખતે પણ
આર્તધ્યાનની પરંપરા ભેદી છે,
વ્યગ્ર ચિત્તે થતી ધર્મક્રિયા પણ
ધર્મધ્યાનને ભાવનારી અને વધારનારી છે.
ક્રિયાદિ પ્રતિબંધ - ધ્યાનાદિ પ્રતિકૃત.
સંસ્થાનવિચય ધ્યાન એ ધર્મધ્યાનનો ચોથો પાયો છે
અને પૂર્વના કરતાં વધારે ગહનતર માન્યો છે.
એકની મુખ્યતામાં બીજાની ગૌણતા કેટલી?
બે પગ ચાલે તેમાં એક પગ કેટલો દૂર રહે?
વધારે દૂર રહે તો ન ચાલે, ઊલટો જ પાછળ રહે.
ધર્મશાસ્ત્રના શ્રવણ, અધ્યયન, ચિન્તનાદિથી
અનાદિની કુવાસના ટળે છે, જ્યારે
જ્ઞાન, ધ્યાન અને સંયમથી
પ્રશમજન્ય સુખનો આસ્વાદ અનુભવાય છે.

<u>જાણવા જેવો એક ક્રમ</u>

પ્રથમ માનવ, પછી ભક્ત (પ્રભુ - સંતના સેવક) બનવું,
એ પછી સંત બનવું, પછી જ્ઞાની અને યોગી બનવું,
પછી સદેહી પરમાત્મા બનવું અને
છેલ્લે વિદેહી પરમાત્મા - એ ક્રમ છે.

નિર્વિચાર - નિર્વિચાર તથા શૂન્ય અવસ્થામાં રહેવાનો
પ્રયત્ન પણ એક પ્રકારની વિશિષ્ટ સાધના જ છે.
શૂન્ય અને નિર્વિચાર મનથી જે ચિંતા ચાલે,
તે ધર્મની આનુવિકલ્પ છે.
એમ ગાઢ નિદ્રામાં નિઃસ્વપ્નાવસ્થા હોય છે અને
વિકલ્પ કે વિચાર જેવું કશું હોતું નથી, તેમ
જાગૃતિવેળાએ પણ એવી અવસ્થા રહેવી જોઈએ.
ફરક એટલો કે ગાઢ નિદ્રામાં કેવળ શૂન્યતા અને
જાગૃતિની શૂન્યાવસ્થા એટલે સાક્ષિત્વયુક્ત ગાઢ નિદ્રા.

ईश्वरप्रणिधानाद्वा । प्रणिधानाद्भक्तिविशेषावर्जित -
ईश्वरस्तमनुगृह्णात्यभिध्यानमात्रेण ।
तदभिध्यानमात्रादपि योगिन आसन्न-
समाधिलाभः समाधिफलं च भवतीति ।

<u>અર્થ</u> : અભિધ્યાન = જેમના ભાવનારૂપ સંકલ્પમાત્રથી
યોગીને સમાધિલાભ અને સમાધિફળ નિકટતમ
અર્થાત્ અત્યન્ત શીઘ્રપણે થાય છે, તે ઈશ્વર.

तस्यात्मानुग्रहाभावेऽपि भूतानुग्रहः प्रयोजनं ।
ज्ञानधर्मोपदेशेन कल्पप्रलय - महाप्रलयेषु संसारिणः
पुरुषानुद्धरिष्यामि । कारुण्याद् भगवान् प्रीत्याचेति ।

(પરિશિષ્ટ-૧૪)

## નામસ્મરણથી પામે આધ્યાત્મિક જન્મ

મંત્રદીક્ષા એ આધ્યાત્મિક જન્મ છે.

દુન્યવી મૃત્યુ તે આધ્યાત્મિક જન્મ.

પ્રેમ આંખોથી નહિ પણ હૃદયથી જુએ છે.

નામસ્મરણથી પ્રેમ ઉદ્ભવે છે, પ્રેમમાંથી ભક્તિ,
ભક્તિમાંથી ભાવ અને ભાવ એ સમાધિમાં પરિણમે છે.

પ્રેમ તલવાર વિના સત્તા ચલાવે - દોરડા વિના બાંધે છે.

સાક્ષાત્કાર એ ધ્યાનનું અંતિમ ફળ છે.

જગત એ કૃતિનો પાર્થિવ દેખાવ છે.

મંત્ર વડે મનનું બહિર્મુખ વલણ રોકીને
મનને અંતર્મુખ કરવાનું કાર્ય થાય છે.

શાશ્વત પામવાની ઇચ્છા હોય, તો ક્ષણભંગુર ત્યાગો.

સંતોષથી વધુ મોટો ખજાનો નથી અને
આત્માથી વધારે સારો કોઈ મિત્ર નથી.

પોતામાં જુઓ તો દિવ્ય શક્તિઓ દેખાશે.

'હું શરીર છું' એ અજ્ઞાન છે તથા
'હું વિશુદ્ધ ચૈતન્ય છું' એ જ્ઞાન છે.

આત્મા કે સ્વની વ્યાખ્યા શબ્દોમાં કરી શકાય નહિ પણ
તેનો અંતર્દર્શન દ્વારા અનુભવ શકાય.

ચરમાવર્તમાં સ્વરૂપાનુયાયી ચૈતન્યપરિણતિ પ્રગટ થાય છે.

પૂર્ણ પદાર્થના સમગ્ર ઉપયોગવાળો
આગમથી ભાવનિક્ષેપપૂર્ણ કહેવાય અને જ્ઞાનાદિ ગુણે
કરી પૂર્ણ તે નોઆગમથી ભાવનિક્ષેપપૂર્ણ કહેવાય.

પરમાત્મસત્તારૂપ સ્વસ્વરૂપમાં મગ્નતા તે ભાવમગ્નતા.

શ્રદ્ધા એ પ્રાર્થનાનો પ્રાણ છે.

દયા વિનતા આપે, નિર્દંભ સ્વભાવ પણ બનાવે છે.

'માનવમાં તત્ત્વતઃ ઈશ્વર છે' એવી અનુભૂતિ તે ધર્મ.

તૃષ્ણા = અપૂર્ણતા, ધર્મ = પૂર્ણતાને પામવાનો રાજમાર્ગ.

ઇચ્છા ઉણપદર્શક છે. ઇચ્છા એ અપૂર્ણતાનું ચિહ્ન છે.
સંસારી આત્માઓ ઇચ્છાયુક્ત હોવાથી ભોગ કરે છે,
સિદ્ધાત્માઓ પૂર્ણતાનો અનુભવ કરતાં હોવાથી નિરીહ છે.

એ રીતે શાંતરસના વિભાવ, અનુભાવ અને
સંસારી ભાવોની ચર્વણા શાંતરસને પેદા કરે છે.

દરેક આત્મા તત્ત્વથી પરમાત્મા છે. અંદર રહેલાં આ
પરમાત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરવો, એ સાચું ધ્યેય છે.

**ધર્મમાત્રનો એ સાર છે કે:**

આ ધ્યેયને સત્કર્મથી, ભક્તિથી, યોગથી કે તત્ત્વદર્શનથી,
એક અથવા અનેક સાધનો વડે સિદ્ધ કરવું.

સિદ્ધાંતો, માન્યતાઓ, ક્રિયાકર્મો, ધર્મગ્રન્થો, મંદિરો કે
વિવિધ પ્રતીકો આ ધ્યેયને સિદ્ધ કરનાર હોય,
તો તે સાર્થક છે, અન્યથા આભાસમાત્ર છે.

<u>અહિંસાનો પ્રારંભ એટલે...</u>

મધ્યસ્થ દૃષ્ટિ, સમન્વય દૃષ્ટિ, ન્યાય દૃષ્ટિ.

અનેકાન્તનો મર્મ = સત્યના અંતિમ છેડા સુધી પહોંચવું.

લક્ષ = ચિત્તનો ઉત્સાહ, વીર્યોલ્લાસ.

ઉપયોગ = તન્મયતા, સાવધાનતા, awareness.

<u>આત્મોન્નતિમાં બાધક કોણ?</u>

અસદાચાર - દુરાચાર - અનાચારાદિ.
મૃત્યુ કે નરક પણ સદાચારથી ડરે છે,
માત્ર વેષ અથવા આકૃતિથી નહિ.

<u>વ્યક્તિની પૂજા કેટલે હિતકર?</u>

કષાયથી પાછા હઠવાની ક્રિયાનું નામ 'પ્રતિક્રમણ' છે.
તે ક્રિયા પાપમોચિની - સર્વોદયસાધની છે.
વ્યક્તિ અથવા શાસ્ત્રપૂજાની અપેક્ષાએ
ગુણ કે આચારપૂજા વિશેષ હિતકારી છે.
જ્યાં જ્યાં સદ્ગુણ કે સદાચાર હોય,
તે વ્યક્તિની પૂજા પણ તેટલી જ હિતકર છે.

मनोऽप्रवृत्तिमात्रेण ध्यानं नैकेन्द्रियादिषु ।
धर्म्यशुक्लमनःस्थैर्य भाजस्तु ध्यायिनः स्तुमः ॥१॥

સ્ફૂર્તિ: મનની પ્રવૃત્તિઓનો પ્રવાહ અટકાવવો,
એમાં લાભ નથી, પરંતુ તેને સદ્ધ્યાનમાં પ્રેરવું,
તેમાં રમણ કરાવવું, તે આદરણીય છે.
એકેન્દ્રિય - વિકલેન્દ્રિયાદિમાં મન હોતું નથી,
પણ તેથી તેઓને લાભ નથી. મનને ઉપયોગમાં લેવાને
માટે મનમાં સ્થિરતા પ્રાપ્ત કરાવવી આવશ્યક છે,
ધર્મ એ ઔષધ છે, ગુરુ એ વૈદ્ય છે.
ઔષધ શુદ્ધ ત્યારે મળે, જ્યારે વૈદ્ય સાચો હોય.
સર્વજ્ઞભગવાન વૈદ્ય છે, આવશ્યક ક્રિયાઓ ઔષધ છે.
ભવપર્યટન એ રોગ છે,
તપરૂપી રસાયણથી કર્મરોગો નાશ પામે છે.
ત્રણ યોગને વશ કરવા માટે અષ્ટાંગયોગ સાધન છે.
જીવને પીડા ન આપવાથી ત્રણે યોગો શુદ્ધ થાય છે.
કામ - ક્રોધાદિથી આત્મપીડા થાય, તેથી તે ય ત્યાજ્ય છે.
વાંછારહિતતાથી અનુત્તર દેવોનું સુખ અહીં અનુભવાય.
દુઃખનું મૂળ મમતા અને સુખનું મૂળ સમતા છે.
સમતા = સ્વપર, શત્રુ - મિત્ર, સુખ - દુઃખ ઉપર સમભાવ.

નમસ્કાર એ સમતારસનો મહાસાગર, તેનું પ્રવેશદ્વાર.

સમતા એ જ શાસ્ત્રનો સાર છે,

તે રાગ-દ્વેષને તજવાથી પ્રાપ્ત થાય છે.

રાગદ્વેષનું મૂળ અજ્ઞાન છે, તે આત્મજ્ઞાનથી નાશ પામે છે.

તત્ત્વ = આત્મા, મૂળ કારણ.

તીર્થ = પરમાત્મા, નિમિત્ત કારણ.

કાર્યમાત્રનું ઉપાદાન તે તત્ત્વ છે, નિમિત્ત તે કરણ છે.

ઉપાદાનમાં વિશેષનું આધાન નિમિત્તને આધીન છે.

નિમિત્ત તે વ્યવહાર છે, ઉપાદાન તે નિશ્ચય છે.

ઉભય મળીને કાર્ય થાય છે. મુક્તિ તે કાર્ય છે,

તેનું ઉપાદાન જીવાત્મા છે અને નિમિત્ત પરમાત્મા છે.

પરમાત્મતત્ત્વની સેવા - ઉપાસનાદિ દ્વારા

ઉપાદાનમાં કારણતા પ્રગટે છે.

ફળ = જ્ઞાન + ક્રિયા.

આત્મજ્ઞાન - આત્મરમણતા વડે ફળનું સુખ અનુભવાય.

તમેવ સેવસ્વ ગુરું પ્રયત્નાદ્-

અધીષ્વ શાસ્ત્રાણ્યપિ તાનિ વિદ્વન્ ।

તદેવ તત્ત્વં પરિભાવયાત્મન્ !

યેભ્યો ભવેત્સામ્યસુધોપયોગઃ ॥ (પરિશિષ્ટ-૧૫)

સાચી સાધના ॐ સં. ૨૦૩૦, ચૈત્ર સુ-૫, ઘાણેરાવ

(૧) દેહાતીત, દેશાતીત, કાળાતીત અનંતચૈતન્યની અનુભૂતિ.

(૨) દેહ અને દેહાશ્રિત સંબંધના બધાં જ કાર્યોમાં અકર્મ, નિર્લેપ અને શાન્ત અવસ્થાની અનુભૂતિ.

(૩) દેહ, ઇંદ્રિય, પ્રાણ, મન અને બુદ્ધિ પર રહેલ ચૈતન્ય, અરૂપી, અનન્ત પ્રકાશની તાદાત્મ્ય - અનુભૂતિ.

(૪) જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ - એ ત્રણ અવસ્થાઓમાં રહેવા છતાં એ ત્રણેથી પૃથક્ દ્રષ્ટાસ્વરૂપમાં અવસ્થિતિ, તુર્ય અને તુર્યાતીતનો અનુભવ.

(૫) મનના રાગ-દ્વેષાદિ વિકારોમાં રહેવા છતાં પણ તે વિકારોથી પ્રકૃતિઃ અસંસ્પૃક્ત દશાનો જાગ્રત અનુભવ.

(૬) આત્માની અનન્ત જ્યોતિ તરફ પ્રયાણ અને આત્મસ્વરૂપની અનન્ત અનુભૂતિનું લક્ષ્ય.

(૭) વ્યક્તિમાત્રમાં રહેલ અનંત જ્યોતિનું દર્શન તથા અનુભવન.

(૮) વીતરાગ પ્રરૂપિત પરમ સત્યની સ્વયં સમજણ અને બીજાઓને તે સમજાવવા શક્ય પ્રયત્ન.

(૯) જૈન દર્શનનો મૂલાધાર સ્યાદ્વાદ અને અનેકાન્ત દૃષ્ટિની પ્રાપ્તિ તથા સમગ્ર વિચારધારાઓમાં રહેલ સત્યનું સમન્વયાત્મક દર્શન.

(૨૦) ઉપર્યુક્ત સાધનાઓ વડે મનમાં રહેલા વ્યક્તિગત સ્વાર્થ, રાગ, દ્વેષ, ઈર્ષા, અસૂયા, અહંકારાદિ ક્ષુદ્ર દોષોનું નિવારણ, આત્મગુણોનું આવરણારહિત અભિવ્યક્તીકરણ.

આજની અશાંતિનું મૂળ છે...

આચાર અને વિચારમાં ધર્મભાવનાનો અભાવ.

આચારમાં અહિંસા - વિચારમાં સાચું જ્ઞાન - આત્મજ્ઞાન

તથા સત્યની બધી બાજુઓનો સ્વીકાર છે.

તમે જે જાણતાં હો, તેટલું સત્ય અમલમાં મૂકો,

એટલે બાકીનું સત્ય આપોઆપ મળી આવશે.

અનેકાંતવાદ સૂક્ષ્મતમ અહિંસાનું પ્રતીક છે.

દુનિયા સુધારવાનો વિચાર = મિથ્યા અહંકાર - ભ્રષ્ટાચાર.

તેથી જ સદાચારનો મહિમા પ્રગટ થાય છે.

શારીરિક બળ કરતાં બુદ્ધિ બળ વધે છે, તેથી ય નૈતિક બળ વધે છે, તેના કરતાં ય આધ્યાત્મિક બળ ચઢીયાતું છે.

તે માટે મનઃશુદ્ધિ આવશ્યક છે અને

મનઃશુદ્ધિ માટે મૌન એ શ્રેષ્ઠ ઉપાય છે.

શાસ્ત્રોથી જેટલી હિંસા નહિ થઈ, તેથી વધુ તો અયોગ્ય આચાર - વિચારથી થઈ છે. આચાર અને વિચારમાં અહિંસાથી જીવનમાં શાંતિ - સુખ - પ્રસન્નતાની પ્રાપ્તિ છે.

મૌન અને ધ્યાન વડે યોગબળ કેળવાય છે.
યોગ મનુષ્યને દેવ બનાવે છે.

જ્યાં બુદ્ધિ બહેર મારી જાય, ત્યાં શ્રદ્ધા કામ કરી જાય.
ધ્યાનયોગ રૂપી ગંગા વડે માનસિક તનાવો દૂર થઈ ભાવાતીત સમાધિ મળે છે. ધ્યાનયોગ અનાદિકાળથી વિખૂટાં પડેલાં જીવ અને શિવનો યોગ કરાવે છે.

તીર્થંકર પરમાત્માઓને કેવળજ્ઞાન થાય, ત્યારે તીર્થંકર નામકર્મનો ઉદય થાય છે અને તેના પ્રભાવે દેવતાઓ તેમના અતિશય(૮) પ્રાતિહાર્યો પ્રગટાવે છે.
દયા, કરુણા, સહાનુભૂતિ, ઉદારતા, ત્યાગ, ક્ષમા તથા સહિષ્ણુતાએ માનવીને માનવ બનાવ્યો છે, પરન્તુ આ સર્વ ગુણોનો વિકાસ સમત્વમાં જ થઈ શકે છે.

<u>યોગનું પ્રયોજન એ છે કે:</u>

ચિત્તવૃત્તિઓને રોકવી, તેના ઉપર નિયંત્રણ મેળવવું અને ઈશ્વરની સાથે એકરૂપતાની અવસ્થિતિ મેળવવી.
ભક્તિમાં આલંબ પ્રત્યય, સમાધિમાં પ્રત્યયાલંબ અને અસંપ્રજ્ઞાતમાં વિરામ પ્રત્યય. આત્મસત્તા મેળવ્યા બાદ જીવનમાં તેની જે સહજ ધારા વહેવા લાગે છે, તેને 'અસંપ્રજ્ઞાત યોગ' કહે છે.

સંપ્રજ્ઞાત ધ્યાનમાં ક્લિષ્ટ વૃત્તિઓનો ક્ષય થાય અને
અસંપ્રજ્ઞાતમાં ક્લિષ્ટાક્લિષ્ટોભય વૃત્તિઓનો ક્ષય થાય છે,
તેથી તેને 'વિરામ પ્રત્યય' કહે છે.
અસંપ્રજ્ઞાત યોગને 'ધર્મમેઘસમાધિ' પણ કહે છે.

ઉદીરયિષ્યસિ સ્વાન્તાદસ્થૈર્યં પવનં યદિ ।
સમાધેર્ધર્મમેઘસ્ય ઘટાં વિઘટયિષ્યસિ ॥૧॥ (परिशिष्ट-१६)

આજ્ઞાવિચય ધર્મધ્યાન = જિનાજ્ઞાપાલનનો અધ્યવસાય.
'જેવા ભાવ તેવા ભવ' એ નિયમાનુસાર
આજ્ઞાપાલનભાવ ભવનો નિસ્તાર કરનારો ભાવ છે.

Imp ભવોદધિ તારે તે તીર્થ - તરવાનું સાધન તે તીર્થ.

હિંસાદિ પાપસ્થાનો અને ક્રોધાદિ કષાયો
જેનાથી દૂર થાય, તે પ્રત્યેક સાધનને 'તીર્થ' કહેવાય.
સ્થાવર તીર્થ વડે પણ હિંસાદિ - કામક્રોધાદિ દોષો ટળે,
તેથી તે ય તીર્થ કહેવાય છે. સ્થાવર તીર્થની ભક્તિ પણ
ધર્મની અને પાપત્યાગની પ્રેરણા જગાવે છે,
તેથી જંગમ તીર્થને પણ સ્થાવર તીર્થ પૂજ્ય બને છે.
દેવાધિદેવના દર્શનમાત્રથી પાપનાં પુંજ ભસ્મ થાય છે,
પૂજન - સેવનથી મનોવાંછિત પૂર્ણ થાય છે, ચિન્તન
અને જાપથી ભવાંતર લક્ષ્મી ઘરઆંગણે નૃત્ય કરે છે.

સં - 2030, ચૈ - સુ - ૧૦, કુપકલ્યાણકતીર્થ

પરપદાર્થની ઇચ્છા અને મૂર્છા છૂટી જવી, તે જ મોક્ષ.

નિર્ગ્રન્થતા તે મૂર્છાનો અભાવ અને
ઇચ્છાનો અભાવ તે વીતરાગતા છે.

ગુણચિંતન = જ્ઞાનયોગ, ગુણીની ઉપાસના = ભક્તિયોગ,
બુદ્ધિની સાત્ત્વિકતા અને અનાસક્તિ એ કર્મયોગ છે.

લક્ષ્ય અને આધાર

નિશાન અથવા લક્ષ્યબિંદુ બતાવે શબ્દ, તે લક્ષ્ય.
વસ્તુને દેખાડે, તે પણ લક્ષ્ય છે.
જે આધેયને ઉપાસના કરે, તે આધાર.

ભાવના = ભાવ્યતેઇતિ ભાવના । વિચારવું, વિચારેલી
વસ્તુમાં સત્ત્વને ગ્રહીને અસત્ત્વને છોડે, તે ભાવના.
તદર્થ ભાવનમ્ । તેના અર્થને વિચારે, ભાવે, ગ્રહે, પુનઃ
પુનઃ આદર કરે, ભક્તિભાવ જગાવે, તે ભાવન છે.

કરવા યોગ્ય તે કર્તવ્ય, આશ્રય કરવાલાયક તે આધાર.
અરિહંતાદિ પાંચ આધાર અને જ્ઞાનાદિ ચાર કર્તવ્ય છે.
યોગસિદ્ધિમાં ઉપાદાન આધાર આત્મા છે અને
નિમિત્ત આધાર દેવ છે.
મુખ્યાધાર શરીર, ગૌણાધાર શરીરના અવયવો છે.

બંધ - આવરણ - મુદ્રા યથાવત્ રાખી તે દ્રવ્યાધાર છે.
જે દ્રવ્યને કરે, તેનો ભાવ પ્રકટ થાય અને પ્રકટ
થઈને પશ્ચાત લય થઈ જાય, તે ભાવ આધાર છે.
આત્મા સ્વાધાર છે, દેહ અને ગૃહ તે પરાધાર છે.

બાહ્યને બતાવવું તે બાહ્યાધાર.

અંતરંગ ઇચ્છિત કરાય તે આભ્યંતરાધાર.

પ્રતિમા, ચિત્ર, બિંબ આદિ ઉપચરિતાધાર અને
તેના આલંબન વડે હૃદયમાં સાક્ષાત્કાર
આત્મસ્વરૂપની પ્રાપ્તિ થવી, તે અનુપચરિતાધાર છે.
વળી મૂલાધારથી આજ્ઞાચક્ર અને સુષુમ્ણાદિ નાડીને ભેદી
તેમાં સ્થિત થવું, તે પણ અનુપચરિતાધાર છે.
તીર્થંકરોના નામ નિક્ષેપ અને સ્થાપના નિક્ષેપ ભવ્ય
જીવોનો ઉદ્ધાર કરે છે. દ્રવ્ય - ભાવ નિક્ષેપ બાહ્યને
માત્ર બોધ છે, આલંબન નામ - સ્થાપના પરોપકારક છે.

બે પ્રકારના નાદ : એક આહત તથા બીજો અનાહત.

ઢોલ - કાંસી વગેરેનો આહત નાદ.

તે બે વસ્તુની અથડામણથી થાય છે.

કોઈપણ જાતની અથડામણ વિના આત્માના અસંખ્ય
પ્રદેશોમાં સતત ચાલી રહેલું ગુંજન, તે અનાહત નાદ.

મન, પ્રભુ અને આત્માની એકતા વખતે
અનાહત નાદ સંભળાય છે.
ધ્યાનની સાધના કર્યા પછી જ યોગી પુરુષોને
અનાહત નાદનું શ્રવણ થાય છે.

સમાધિના બે ભેદ : જડ - ચેતન.

ચેતનના બે ભેદ : પિપીલિકા - વિહંગમ.
વિહંગમના બે ભેદ : કુંભક - મુક્ત.
બાહ્યના વ્યવહારાદિ વૃત્તિને રોકવા, તે પિપીલિકા માર્ગ તથા
નિરાલંબપણે આત્મામાં સ્થિર થવું, તે વિહંગમ માર્ગ.

જડ સમાધિ એટલે...

કાષ્ઠ, પાષાણ અથવા શબરૂપે શરીર કરવું, શ્વાસને
કપાળમાં લઈ જઈ સુષુપ્તિ પેઠે જડરૂપે બનવું.
પહેલાં ષટ્કર્માદિ સાધે, પછી પ્રાણાયામ તથા કુંભક કરે
અને ઉપરાંત સાધક એકાંત બંધ મકાનમાં રહે.
શૂન્યાકાર બને છે, તેથી કાંઈ તૃષ્ણા મટતી નથી.
જડ સમાધિની અપેક્ષાએ
ઈશ્વરની ભક્તિથી ચિત્તશુદ્ધિ કરવી, એ શ્રેષ્ઠ છે.
ચિત્ત શુદ્ધ થવાથી રાજ્યઋદ્ધિ - ચેતનસમાધિ થાય છે.
નામથી અમર થઈ શકાય, દેહથી કદાપિ નહિ.

'ભાસમાન' થઈ રહેલ આ જગતનો આધાર
જ્ઞાનસ્વરૂપ પરમ ચૈતન્ય - બ્રહ્મ છે.

દેખાતું જગત મિથ્યા છે, અર્થાત્ જેવું દેખાય છે, તેવું નહિ અને તે નહિ, એમ પણ કહી શકાય નહિ, તેથી અનિર્વચનીય-પારમાર્થિક અંતિમ સત્ય તો બ્રહ્મ જ છે. આ જગતના મૂળમાં જડ દ્રવ્ય નહિ પણ ચેતના છે, શક્તિ છે, એમ માનવા સુધી તો આજે વિજ્ઞાન પહોંચ્યું છે, પરંતુ તે જ્ઞાનમય અથવા ચિન્મય શક્તિ છે કે કેમ, તે જાણી શકવાનું વિજ્ઞાનને હજુ બાકી છે. આજે માનવસમાજમાં શાશ્વત નૈતિક મૂલ્યોના ધ્વંસનો ચોમેર જે નાદ ચાલી રહ્યો છે, તેને ચૈતન્યવાદ ઉપર આધારિત થવાથી તે મૂલ્યોને પૂર્ણ પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે. જગતનું મૂળતત્ત્વ જડદ્રવ્ય નહિ પણ શક્તિ છે તથા તે શક્તિ ય જડ નહિ પણ ચૈતન્ય છે - જ્ઞાનમય છે, એટલું જ અંતર કાપવાનું હવે તો બાકી રહે છે. વિજ્ઞાન અને અધ્યાત્મ વચ્ચેનું આ અંતર હવે કપાશે, ત્યારે વિજ્ઞાન અને અધ્યાત્મની સીમારેખાનો અંત આવશે, ત્યારે અધ્યાત્મનું દર્શન ગણ્યાગાંઠી વ્યક્તિઓ સુધી સીમિત ન રહેતાં સર્વમાન્ય અને વ્યાપક થશે.

વિશ્વમાં એકમાત્ર ચૈતન્ય સિવાય અન્ય કાંઈ નથી. અન્ય જે કાંઈ ભાસે છે, તે વાસ્તવિક નથી પરંતુ બ્રહ્મ પરનો વિવર્તમાત્ર છે, એમ મનોવૈજ્ઞાનિક Kant Immanuel તથા Hegel, આદર્શવાદી McKenzie અને Thomas Huxley, વિજ્ઞાનશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રીઓમાં Einstein, James Jeans તથા Strasburger ઇત્યાદિ વિવર્તવાદીઓ કહે છે.

વિજ્ઞાનનો વિષય સ્થૂલતત્ત્વ અને તેની પદ્ધતિ બાહ્ય શોધખોળની, જ્યારે અધ્યાત્મનો વિષય આત્મતત્ત્વ અને તેની પદ્ધતિ અંતઃખોજની.

વિજ્ઞાન A-moral યાને નૈતિક મૂલ્ય નિરપેક્ષ છે. તે ન નૈતિક ન અનૈતિક છે, જ્યારે અધ્યાત્મમાં અનુમાન, આપ્ત આદિ પ્રમાણો ઉપર આધારિત જે બૌદ્ધિક ચિન્તનપ્રક્રિયા છે, તે વિજ્ઞાનને સૂક્ષ્મતર ક્રિયામાં પોતાનું કાર્ય કરવામાં પ્રેરણાદાયી બની શકે તેમ છે તથા વિજ્ઞાનની સંગતિ અન્વેષણ પદ્ધતિ અને પ્રત્યક્ષ પ્રમાણ ઉપર આધારિત નિષ્કર્ષો શોધવાની વૃત્તિ તે અધ્યાત્મક્ષેત્રમાં વિવેક અને નિષ્ઠાને દૃઢ કરવામાં સહાયભૂત બની શકે તેમ છે.

બ્રહ્મ-ચૈતન્ય એ જ એકમાત્ર સત્ તત્ત્વ છે. તેનાથી
અલગ-સ્વતંત્ર એવું દૃશ્ય કે જડ જેવું કોઈ તત્ત્વ નથી.
દૃશ્ય જડતત્ત્વ બ્રહ્મતત્ત્વને આધારે દેખાય છે, પરન્તુ
વસ્તુતઃ એ કેવળ ભાસ છે - આરોપણ છે.
આવા ભાસને 'અધ્યાસ' પણ કહે છે.

'સ્મૃતિરૂપઃ પરત્ર પૂર્વદૃષ્ટાવભાસઃ અધ્યાસઃ ।'

અગાઉ અન્યત્ર જોયેલ પદાર્થનું સ્મૃતિરૂપે પ્રગટ થવું,
તે અધ્યાસ. સત્ય એકમાત્ર પરમ ચૈતન્ય છે. પદાર્થમાત્ર
અવિદ્યાકલ્પિત - અવિદ્યાકૃત અને અવિદ્યાવિષય છે.
દૃશ્ય મિથ્યાભાસ નિમિત્ત છે,
જગતપ્રપંચ અનિર્વચનીય છે. તેને માત્ર વ્યવહાર
કાળ પૂરતી જ ભાસિત થતી વ્યાવહારિક સત્તા છે.
પારમાર્થિક સત્તા તો કેવળ બ્રહ્મની - ચૈતન્યની જ છે
અને તે જ આ દૃશ્ય જગતનું અધિષ્ઠાન છે.

Atomus = અવિભાજ્ય, atom.

Classical Era = પરંપરાપ્રધાન યુગ.

કાર્લ માર્ક્સને કોઈએ પૂછ્યું કે: 'આ જગત શું છે?'
જવાબમાં તેઓએ કહ્યું: 'જગત શું છે તે જાણવાની મને
પરવા નથી, મને તો રસ છે આ જગતને બદલવામાં.'

ભાસ્તોત્સે કહે છે કે:

વાસી ખાવું એટલે પૂર્વ પુણ્યથી મળેલું ભોગવવું અને ભૂખ્યા સુવું એટલે નવું પુણ્ય ઉપાર્જન કર્યા વિના સુવું.

લેનીનને જ્યારે પૂછવામાં આવ્યું કે:

'જડવાદ કે ચૈતન્યવાદ - એ બેમાંથી શું સાચું?'

ત્યારે તત્કાલીન વિજ્ઞાનની સંશયવાદી સ્થિતિની

અસર નીચે તેમણે જવાબ આપ્યો કે:

'આનો ફેંસલો હું વિજ્ઞાન ઉપર છોડું છું.' વિજ્ઞાને આ ફેંસલો મહદંશે આજે ચૈતન્યવાદની તરફેણમાં આપ્યો છે. આજે માર્ક્સ - લેનીનના કેટલાંક આગેવાન અનુયાયીઓ પણ કહેવા લાગ્યા છે કે: 'અમે ભલે કે ઈશ્વરમાં માનતાં નથી, પરન્તુ જેવા પ્રકારનો ઈશ્વર વેદાંત માને છે, તેવો ઈશ્વર માનવામાં અમને કોઈ આપત્તિ જણાતી નથી.'

વિજ્ઞાનવાદ ધર્મશ્રદ્ધાનો ઘાતક છે અને

યંત્રવાદ ધર્મના આચરણનો ઘાતક છે.

મૂળભૂત તત્ત્વો ૯૨ અથવા ૧૦૦ સુધી માનવામાં આવ્યા. આ ૧૦૦) તત્ત્વોના મૂળમાં પણ ફક્ત ચાર Oxygen, carbon, Hydrogen, nitrogen - એવો મત પણ ચાલ્યો.

## અષ્ટાવધાન એટલે...

ધ્યેય, ધ્યાન, ધ્યાતા, બ્રહ્મ, મન, મંત્ર, ધ્વનિ (નાદ) અને આત્મવૃત્તિ - એ આઠ વાતોને એક કરવી તે.

## યોગ અને ઉપયોગમાં શું ફેર ?

'યોગોપયોગૌ જીવસ્ય |' જે યોગ - તે ઉપયોગ.
ઉપ = આત્માની સમીપ જ્ઞાન - દર્શનગુણમાં રમવું તે.
યોગ - મન, વચન, કાયાના વ્યાપાર, તે આત્માથી દૂર છે, તે દૃષ્ટિએ ઉપયોગ અને યોગ વચ્ચે તફાવત છે,
બંને જીવનાં લક્ષણ છે.

યોગ વીર્યગુણનો - ઉપયોગ એ જ્ઞાનગુણનો વ્યાપાર છે.
વીર્ય જ્યારે બહિર્મુખ હોય, ત્યારે યોગ છે અને
તે અંતર્મુખ હોય, ત્યારે ઉપયોગ છે.

વીર્યગુણની જરૂર ઉભયત્ર છે. યોગ અને ઉપયોગની એકતા તે કેવળજ્ઞાન - કેવળદર્શનનું કારણ છે, તેને જ્ઞાન - ક્રિયાની એકતારૂપ સમત્વ કહી શકાય.

આપણા આગમોમાં નૈગમ અંશગ્રાહી, સંગ્રહ સત્તાગ્રાહી,
વ્યવહાર ક્રિયાગ્રાહી, ઋજુસૂત્ર પરિણામગ્રાહી,
શબ્દ ગુણગ્રાહી, સમભિરૂઢ અંશન્યૂનગ્રાહી તથા
એવંભૂત સંપૂર્ણ વસ્તુગ્રાહી છે.

## વૈરાગ્ય તથા સન્યાસ - સંયમ - ધ્યાન

અનિત્ય એવા ભોગની ઇચ્છામાંથી છૂટી જવું,
તે વૈરાગ્ય અને ભીતરમાં શાશ્વત એવા ભગવાનમાં
લીન થઇ જવું, તે સન્યાસ કે સંયમ અને ધ્યાન છે.
પાપ ધોવાના માર્ગ છે: સંયમ, તપ અને ધ્યાન.

## સંસારરૂપી અશ્વત્થ વૃક્ષ

ઊર્ધ્વમૂલમધઃ શાખં । એ ઉક્તિમાં 'ઉર્ધ્વ'નો અર્થ બ્રહ્મ
અથવા પરમ પુરુષ તથા 'અધઃ'નો અર્થ પ્રાકૃતિક જગત.
આ વૃક્ષ એ અવ્યય છે. યસ્તં વેદ સ વેદવિત્ ।
સંસારરૂપી અશ્વત્થ વૃક્ષનું મૂળ એ જ સાચું જ્ઞાન.
જ્યાં વૃક્ષ હોય, ત્યાં શાખા અને પાંદડા વિસ્તરવાનાં જ.

ત્રણ ગુણો અનુસાર

સત્ત્વગુણની શાખાઓ ઉપર અને તમોગુણની નીચે.
ઉપરનો અર્થ ચૈતન્ય પુરુષ અને નીચેનો અર્થ પ્રકૃતિ.
વિષયો તે પાંદડાં અને તે પાંચે વિષયોને
છેદવાનો ઉપાય તે અસંગ અને અનાસક્તિ.
એ માટેનો ઉપાય આદિપુરુષ પરબ્રહ્મના શરણમાં જવું તે.
ત્યાં પહોંચ્યા પછી પાછું ફરવાનું નહિ,
એજ મોક્ષનું સ્થાન અને પરમપદ છે.

દેવનાં પંચકૃત્યો એટલે...

શિવ, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને સ્વસ્તિ.

શિવકૃત્ય વડે અશુભ પ્રસંગોને ઉપસ્થિત થવા ન દે,
શાંતિકૃત્યથી ઉપસ્થિત લગ્ન - ઉપદ્રવોનું નિવારણ કરે,
તુષ્ટિકૃત્ય વડે મનના મનોરથ પૂરા કરી સંતોષ ઉપજાવે,
પુષ્ટિકૃત્ય વડે દેવી સૌના ચિત્તમાં ઉત્સાહ પ્રેરે અને
સ્વસ્તિકૃત્ય વડે ક્ષેમ કરે ઇ. ઇતિશં ।

શાન્તિ: = ક્ષુદ્રપનોદ - વૈરાગ્ય - જ્ઞાન.

તુષ્ટિ: = ભક્તિ - ચિત્તપ્રસાદ - દર્શન.

પુષ્ટિ: = અનુભૂતિ - આત્માનુભવ - ચારિત્ર.

० भक्तिः परेशानुभवो विरक्ति -
रन्यत्र एष त्रिक एक काले ।
प्रपद्यमानस्य यथाऽश्नतः स्युः
तुष्टिःपुष्टिः क्षुदपायोऽनुघासम् ॥१॥

रत्सुखं त्रिषु लोकेषु व्याधिव्यसनवर्जितं ।
अभयं क्षेमारोग्यं स्वस्तिरस्तु च मे सदा ॥१॥
यदर्थं क्रियते कार्य सप्रीतिनित्यमुत्तमम् ।
शान्तिकं पौष्टिकं चैव सर्वकार्येषु सिद्धिदं ॥२॥

(પરિશિષ્ટ-૧૭)

નાણાઈ અણંત ગુણીચેદં અરૂવમણાઇં ચલીગાપરિણાં ।
કત્તા ભોત્તા જીવં મન્નઈ સિદ્ધાણ તુલ્લમિણં ॥ અર્થાત્:
જ્ઞાનાદિગુણયુક્ત, અરૂપી, દોષરહિત, લોકપ્રમાણ, કર્તા,
ભોક્તા અને સિદ્ધના જેવો આ જીવ છે, એમ માનો.

સમ્યગ્ જ્ઞાન = જ્ઞેયનું યથાર્થ જ્ઞાન કરવું તે.

સમ્યક્ શ્રદ્ધાન = જાણેલા જ્ઞેયમાં હેય શું? ઉપાદેય શું?
તેનો વિભાગ કરવો અને હેયનું ત્યાગ કરવા તથા
ઉપાદેયનું ગ્રહણ કરવા સદા માટે તત્પર રહેવું તે.
શ્રદ્ધા એટલે જેના પ્રત્યે શ્રદ્ધા કરીએ, તે શ્રદ્ધેય મારું
કાર્ય કરશે કે નહિ કરે, એ રૂપ જે વિકલ્પ-સંશય,
તેનાથી રહિત બની મારું કાર્ય અવશ્ય કરશે જ,
એવા નિશ્ચય સાથે વિકલ્પરહિત થવું તે.
ઝેર મારશે જ, અગ્નિ બાળશે જ, પાણી ઠારશે જ,
અન્ન જીવાડશે જ, સૂર્ય તેનો પ્રકાશ આપશે જ,
અંધકારને દીપ હરશે જ, તેની જેમ પાપ ઝેરની જેમ
મારશે, પુણ્ય અન્નની જેમ જીવાડશે, ધર્મ અમૃતની
જેમ સંજીવન કરશે, દેવની ભક્તિ વડે મુક્તિ મળશે જ,
ગુરુની ભક્તિ વડે જ્ઞાન મળશે જ,
ઇત્યાદિ શ્રદ્ધા ઉત્પન્ન કરવી, તે સમ્યક્ શ્રદ્ધાન છે.

તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્ દર્શનમ્ । - તત્ત્વાર્થ સૂત્ર
તૃષ્ણાછેદક જીવતાં જ મોક્ષસુખનો અનુભવ કરાવે છે.
રાગ = ઇચ્છા, વીતરાગ = ઇચ્છામાત્રનો અભાવ.
સાધનાની પૂર્ણતા - સર્વજ્ઞતાનો ઉપાય વીતરાગતા છે
અને વીતરાગતાનો ઉપાય ઇચ્છારહિત થવું તે જ છે.
ઇચ્છારહિત થવા જ્ઞાનીઓની ઇચ્છા પૂર્ણ કરવી.

## સંસાર એટલે દુઃખપ્રધાન નવરસ

ધર્મના કારણે સંસાર મધુર છે, કર્મને લીધે અદ્ભુત છે,
સ્નેહના કારણે વાત્સલ્યસભર છે,
દુઃખપ્રચુરતાના કારણે સંસાર કરુણ છે, પાપપ્રચુરતાના
કારણે સંસાર રૌદ્ર છે, અજ્ઞાન અને મિથ્યાત્વની
પ્રબળતાના કારણે સંસાર ભયાનક છે, અવિરતિના
કારણે સંસાર બીભત્સ છે, પ્રમાદના કારણે સંસાર
હાસ્યાસ્પદ છે, સર્વ કષાયના કારણે સંસાર ક્રૂર છે,
ધર્મના કારણે સંસાર મધુર છે, અનાદિ એવા કર્મના
નિયમના કારણે સંસાર વિસ્મયકારક - અદ્ભુત છે.

અદુઃખભાવિતજ્ઞાનં ક્ષીયતે દુઃખસન્નિધૌ ।
તસ્માત્ યથાબલં દુઃખૈરાત્માનં ભાવયેન્મુનિઃ ॥૧॥
(પરિશિષ્ટ-૧૮)

સં. ૨૦૩૦, ચૈત્ર વદી ૭, રવિ, મહાવીરજી તીર્થ

જિનાલયમાં કરાતી અષ્ટપ્રકારી પૂજા શું કરે ?

જલપૂજા : ટાળે દાહ, તૃષા હરે, ગાળે મમતા રૂપી પંક.

ચંદનપૂજા : છીદે - ઘસે તો પણ શીતલતા - સુગંધ આપે.

પુષ્પપૂજા : મિથ્યાત્વદુર્ગંધ મિટાવી સ્વરૂપસુંદરતા આપે.

ધૂપપૂજા : જલીને પણ વાતાવરણ શુદ્ધ કરે, ઉપસર્ગ સહીને પણ વિરોધિ જીવોને ય શાંતિ - સમતા આપે.

દીપપૂજા : જલીને ય અંધકાર દૂર કરે, જ્ઞાનજ્યોતિ પ્રગટાવે.

અક્ષતપૂજા : શરીરરૂપી છાલકું દૂર કરી
અખંડ તથા ઉજ્જ્વલ આત્મસ્વરૂપ પ્રગટાવે.

નૈવેદ્યપૂજા : આત્માનંદની પ્રાપ્તિ - અણાહારી પદ આપે.

ફલપૂજા : મોક્ષફલ સિવાયની ઇચ્છા ન હોવી જોઇએ.

ગુરૂઆજ્ઞાકારી - આત્માર્થી - મોક્ષાભિલાષી
દહેરાસરજી જઇને આમ રટણ કરે કે :

'વાહ પ્રભુ વાહ' 'વાહ ગુરૂ વાહ'
'વાહ ભગવાન વાહ' 'વાહ દેવ વાહ'
'વાહ લીલા વાહ' 'વાહ લીલા વાહ'
'વાહ દેવાધિદેવ ભગવાન મહાવીર વાહ'
'વાહ દેવ વાહ' 'વાહ પ્રભુ વાહ'.

હજારો માઈલની યાત્રા એક જ ડગલાથી આરંભાય છે.
ભવસાગરના કિનારે બાંધેલું ભક્તિનું દિવ્ય મંદિર
શ્રદ્ધાના અત્યંત ઊંડા પાયા પર રચાયેલું હોવું જોઈએ,
પ્રભુપ્રેમના અમૂલ્ય આરસપહાણથી બંધાયેલું હોવું જોઈએ.

જેથી ભવસાગરમાં તુફાની ભરતી ચઢતાં
એ મંદિર તણાઈ ન જાય, તૂટી ન જાય. મોહ, માયા,
લોભ, તૃષ્ણા જેવાં મોજાઓનાં પ્રચંડ પ્રહારો સામે
પણ આ મંદિર યુગ-યુગાન્તરો સુધી અખંડ રહી શકે.
આ મંદિરનું રક્ષણ સ્વયં દાન, દયા, ધર્મ, સત્ય, તપ
વગેરે કરતાં હોય છે. ભક્તિનું આવું દિવ્ય મંદિર
કદી તૂટતું નથી, નાશ પામતું નથી, અખંડિત રહે છે.

'ધર્મ' એટલે વસ્તુસ્વભાવ.

આ જગતમાં ધર્મ છે, તે જીવોને ઉત્સાહ પ્રગટે છે.
કર્મ છે, માટે જગત અદ્ભુત છે. જડ છે, માટે જગત
સ્નેહથી ભરપૂર છે અને તેમાં શિવત્વ છુપાયેલું છે,
તે જીવોને પરમાનંદની પ્રાપ્તિ અનુભવાય છે.

સંસારના બે સ્વરૂપ છે: એક તેની વિનશ્વર બાજુ,
બીજી તેની સ્થિર બાજુ. વિનશ્વરતાની દૃષ્ટિએ વિષયો
ઈન્દ્રજાળ છે, સમાગમો સ્વપ્નવત્ છે,

સંસારની અવસ્થાઓ એક નાટક છે,
કર્મનું બંધન એ કેદખાનું છે,
જીવનું અવસ્થાન મુસાફરખાનું અને દેહ પાયખાનું છે.
ધર્મમાં આત્મા સૌથી પ્રધાન છે.
સારભૂતતાની દૃષ્ટિએ આત્માપ્રધાન કેવલીભાષિત ધર્મ
નાનો હોય, તો પણ તેનાથી શુભનું ઉપાર્જન,
અશુભનો ધ્વંસ, બંધનનો છેદ અને
સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રનું આરાધન થાય છે.
ત્રણ દદા વડે ચાર કકા જીતી શકાય છે.
દાન વડે કંચનનો, દમ વડે કામિનીનો, દયા વડે કીર્તિ
અને કાયાનો મોહ જીતાય છે. દાન વડે પરિગ્રહસંજ્ઞા,
શીલ દ્વારા મૈથુનસંજ્ઞા, તપ વડે આહારસંજ્ઞા અને
શાસ્ત્રોક્તભાવ કે શાસ્ત્રાજ્ઞાના પાલનથી ભયસંજ્ઞા જીતાય.
શ્રુત એ કષ છે, શીલ એ છેદ છે,
તપ એ તાપ છે અને દયા ગુણ એ તાડન છે.
यथा चतुर्भिः कनकं परीक्ष्यते
निघर्षणच्छेदनतापताडनैः ।
तथा हि धर्मो विदुषा परीक्ष्यते
श्रुतेन शीलेन तपो दया गुणैः ॥ (પરિશિષ્ટ-૧૯)

## અનુરાગ અને અનુગ્રહનું માહાત્મ્ય

ધર્મધ્યાનની સિદ્ધિ કદાપિ
પરમેષ્ઠિઓના અનુગ્રહ વિના થતી નથી.
અનુગ્રહને પ્રાપ્ત કરવાનું સર્વશ્રેષ્ઠ સાધન અનુરાગ છે.
પ્રતિક્ષણ પ્રવર્ધમાન, ગાઢ, અવિચલ અને
વિનયયુક્ત અનુરાગ હૃદયમાં રહેવો જોઇએ.
સ્તોત્ર અને જાપ વડે અનુરાગમાં વૃદ્ધિ થાય છે.
પરમેષ્ઠિઓના અનુરાગ અને અનુગ્રહથી ધર્મધ્યાન
માટેની પાત્રતા વિકસે છે અને ધ્યાનને અનુકૂળ
એવી સર્વ સામગ્રી કુદરતી રીતે ખેંચાઈ આવે છે.
જીવન એ વૃક્ષ, મન - અંતર કે હૃદય તેનું મૂળ છે.
મન, અંતર યા હૃદય જેવું હશે, તેવા જ વ્યાપારો
જીવનમાં થશે. મનરૂપી મૂળને શુભ - સુંદર બનાવવા
શુભ વિચારો કરવા જોઇએ અને તે માટે તપ, જપ
સ્વાધ્યાય અને ભાવનાદિનું આલંબન લેવું જોઇએ.
વ્યાવહારિક દૃષ્ટિએ આપણે જેને આપત્તિ કહીએ છીએ,
તે ઘણું ભક્તની દૃષ્ટિમાં ઈશ્વરનો અનુગ્રહ હોય છે,
કેમકે આવી આપત્તિઓ મનુષ્યને
ઈશ્વર તરફ લઈ જવામાં મદદરૂપ થઈ પડે છે.

# ધર્મની આરાધના અને ગુણની સાધના

કર્મના બંધ ઉપર નહિ પણ ભાવના યોગ, ઉપયોગ, લેશ્યા અને એની વિશુદ્ધિ ઉપર અવલંબે છે. ધર્મની રક્ષા શાસ્ત્રને અનુસરવાથી છે, યુગને અનુસરવાથી નહિ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો વિચાર ધર્મની રક્ષા કરવા માટે કરવાનો છે, ધર્મને ઢીલો કરવાને માટે નહિ. ધર્મરક્ષા માટે ધર્મક્રિયાની સાથે આત્મા પર બહુમાન, પાપનો ભય, વિષયવિરાગ, ભવનો ભય આવશ્યક છે. ધર્મનો મૂળ પ્રાણ જિનાજ્ઞાનુસારિતા, શાસ્ત્રાનુસારિતા, ભવભ્રમણનો ભય છે. અધ્યાત્મ કલ્પદ્રુમમાં કહ્યું છે કે:

दीपो यथाऽल्पोऽपि तमांसि हन्ति,
लवोऽपि रोगान् हरते सुधायाः।
तृण्यां दहत्याशु कणोऽपि चाग्नेः-
धर्मस्य लेशोऽप्यमलस्तथांऽहः॥ અધિ:

નાનો પણ દીવો અંધારાને, ટીપું અમૃત ઘણાં રોગને તથા અગ્નિનો કણ પણ ઘણાં કાષ્ઠને બાળે, તેમ અલ્પ પણ શુદ્ધ ધર્મ ઘણાં કર્મને હણે. મંત્ર-રસાયણ-રત્ન આદિ શુદ્ધ હોય, તો અલ્પ પણ મહાફળ આપે અને ઘણાં પણ અશુદ્ધ હોય, તો અલ્પ ફળ આપે છે.

## પુરુષાર્થનાં લક્ષણો

પુરુષાર્થ એટલે મન - વચન - કાયાનો શુભ વ્યાપાર,
તે કર્મની દયા પર નહિ, ધર્મના બળ ઉપર ટકે છે.
પુરુષાર્થ = મન - વચન - કાયાના યોગ કેવી રીતે વાપરવા
એ વિષયમાં જીવની રહેલી સ્વતંત્રતાનો સદુપયોગ.

વચનથી મૌન, વિચારથી શુભ ધ્યાન અને
કાયાથી સ્થિર આસન - એ પુરુષાર્થનાં લક્ષણો છે.

શરીરની સુખશાતાના વિચારની સામે
આત્માની સુખકારિતાનો વિચાર જ પુરુષાર્થપ્રેરક છે.

સારા વિચારો કરાવવાનું બળ કર્મમાં નથી, પરન્તુ
પુરુષાર્થમાં છે. મિથ્યાત્વમોહનીય કર્મના પુદ્ગલો પણ
શુભ વિચારો વડે શુદ્ધ કરી શકાય છે અને
એને જ 'સમકીત મોહનીય' કહેવાય છે.

સ્વતંત્ર શક્તિ કર્મની નહિ પણ જીવની છે.

કોરા શરીરસુખાકારિતાના વિચાર ઘોર અશાતાવેદનીય
કર્મ બંધાવે છે. રૂપ, બળ, સંપત્તિ, સત્તા - જેનો મદ,
આસક્તિ, ગૌરવ થાય, તેની જન્માંતરે હીનતા મળે.

કાયાની સુખશાતા ઉપર કાપ મૂકાય, તો જ
આત્માના હિત માટેના વિચાર આવે.

કાયાના હિત - સુખશાતા વિચારી આત્માનાં હિત ભૂલવાં,
એમાં જ બુદ્ધિમત્તા છે. ધન્ના - શાલિભદ્રાદિ મહામુનિઓ
અને આનંદ-કામદેવાદિ મહાશ્રાવકો એનાં ઉદાહરણ છે.
કષ્ટમય પણ ધર્મજીવન જીવવામાં ગુણવૈભવ મળે છે,
તપસમૃદ્ધિ વધે છે, સંયમસામ્રાજ્ય અને
મોક્ષ પર્યન્તનું સુખ મળે છે.
શરીરસુખાકારિતાના વિચારે તે બહુ ગુમાવવાનું થાય છે,
મલિનદૃષ્ટિ, રાગમૂઢતા, સત્ત્વહીનતા અને
પુદ્ગલની ગુલામી પુષ્ટ થાય છે.
આત્મસુખાકારિતાના વિચારમાં જ્ઞાનદૃષ્ટિ ઊભી રહે છે,
રાગદશા દબાય છે, મનનું સત્ત્વ વધે છે,
પરલોકદૃષ્ટિ કાયમ રહે છે અને
વિષયોની ગુલામીના ભોગ બનવું પડતું નથી.
માનવજીવનનો સાર સંયમ છે, મનુષ્ય ભવ સંયમ
માટે જ છે, સંયમથી જ સૌના જીવનો ઉદ્ધાર છે.
સુખ-દુઃખ વસ્તુમાંથી નહિ પણ રાગદ્વેષમાંથી જન્મે છે.
વસ્તુ પરથી તો માત્ર જ્ઞાન થાય, સુખ-દુઃખ નહિ.
પાંચ ભૂતમાંથી તો વિજ્ઞાનઘન એવો
આત્મા જ ઉત્પન્ન થાય, સુખ-દુઃખ નહિ.

## જૈનધર્મનો પ્રચાર નહીં, પાળો પ્રખર આચાર...

જો પ્રખર આચાર હશે તો પ્રચાર પોતાની મેળે થશે.
એ [illegible] આવશ્યકતા બીજાને જૈન બનાવવાની નથી,
પરન્તુ પોતે જૈન બનવાની, જિન બનવાની,
જિનેશ્વર બનવાની આવશ્યકતા છે.
એકવાર જિનેશ્વર બનવાથી સંપૂર્ણ વિશ્વ
ચરણોમાં આળોટશે અને જૈન બનશે.
સંખ્યાનો મોહ છોડી અને સામર્થ્યનો મોહ રાખો.
પ્રચારનો મોહ છોડી અને પ્રભાવ ઉપર ધ્યાન કરો.
ધર્મને માટે અને વિશેષે કરીને જૈનધર્મ માટે પ્રચારની
નહિ પણ આચાર-વિચારની સાત્ત્વિકી આવશ્યકતા છે.
'દેહદુઃખં મહાફલં |'
દેહદુઃખમાં કર્મક્ષય, પાપક્ષય, સત્ત્વાધિકય, અભિમાનનાશ
અને વિષયવિલાસ પર સંયમ, એટલાં પ્રત્યક્ષ ફળ છે.
એક ધર્મને જ નાથ માનવાથી દુઃખમાં સ્વસ્થ રહી શકાય.
'ધર્મ છે તો હું સનાથ છું, ધર્મ નથી તો હું અનાથ છું.'
આ વિચાર ચિત્તસમાધિને માટે પરમાવશ્યક છે.
જીવ જેનાથી સનાથ છે, એવા
અહિંસા, બ્રહ્મચર્ય આદિ ધર્મનું જ શરણ ઇષ્ટ છે.

'ખાન-પાનથી પોષેલું શરીર નહિ, કિન્તુ શરીરથી શક્ય
એટલો સાધી લીધેલો તપ - એ જ રક્ષણહાર છે.
ધન, યૌવન, આયુ, આરોગ્ય, સત્તા, સંપત્તિ, માન અથવા
આબરૂ રક્ષણહાર નથી પણ દાન, શીલ, તપ, વ્રત,
નિયમ, સંયમ, સત્ય, સદાચાર, ત્યાગ, તપ, દાન, દયા,
પરોપકાર, જિનભક્તિ, સાધુસેવા એ રક્ષણહાર છે.'
એવો વિશ્વાસ પેદા કરીને
શક્ય આરાધનામાં રક્ત રહેવું, તે શરણાગત છે.
દુર્ગતિમાં પડતાં જીવને ધારણ કરે, તે ધર્મ. જીવદયા,
તપ, ત્યાગ જ જીવનું દુર્ગતિમાં પડતાં રક્ષણ કરી શકે.
ત્યાગ - તપ, દાન - પરોપકાર વડે સાત્ત્વિક મૈત્રીભાવ
તથા પરમાત્મભક્તિ ઉપરાંત મહાન આચાર્યોના
સમાગમ વડે સાત્ત્વિક શુભ ધ્યાન સધાય છે.
ધર્મ વિના મોક્ષ અટકે છે, ધન વિના નહિ.
ધન એ ધોળી - પીળી માટી છે, નાશવંત છે અને
તે રાગ - દ્વેષનાં બીજ વધારનારી છે.
સાચું ધન તપ તથા ત્યાગ છે,
તે શાશ્વત છે અને રાગ-દ્વેષનાં બીજને બાળનાર છે.
ધર્મસંપત્તિ તારણહાર - ધનસંપત્તિ ભવમાં ભમાવનારી છે.

## પાપના ૪ પ્રકાર

આચરણનું પાપ તે યોગનું પાપ,
પાપનો અનિયમ તે અવિરતિનું પાપ,
પાપમાં વાંધો ન લાગે, તે મિથ્યાત્વનું પાપ અને
પાપ અંગે માન, મદ, માયા વગેરે થાય, તે કષાયનું પાપ.

'પાપ એ ત્યાજ્ય છે' એ ભાવ ટકાવવા માટે સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાય, યોગ વગેરે ભાવો જરૂરી છે. શુભ યોગની સાથે અશુભ યોગના ત્યાગની પ્રતિજ્ઞા પણ આવશ્યક છે. શુભ યોગ વડે આત્માની વિશુદ્ધિ થાય, અધ્યવસાય-પરિણતિ સુધરે, તે વાત કઈ રીતે ભૂલે? પૈસાની ભૂખને બદલે તત્ત્વની ભૂખ વધવી જોઈએ, રંગરાગને બદલે પ્રભુભક્તિ-સાધુભક્તિની કદર અને દુન્યવી સુખને બદલે મોક્ષસુખનું ચિંતન આવવું જોઈએ. દરેક વાતમાં ભદ્રદર્શિતા, કલ્યાણદર્શિતા, આત્મકલ્યાણ તરફ દૃષ્ટિ કરી પ્રસંગમાત્રને કલ્યાણદૃષ્ટિથી જોતાં થવું. દુઃખમાં આર્તધ્યાન નહિ - સુખમાં અભિમાન નહિ પણ બંનેમાં પુણ્ય-પાપ અને એનાં વિપાકનાં દર્શન કરવા. સુખ-દુઃખ એ મહત્ત્વનાં નહિ પણ બંને વખતે અધ્યવસાયની નિર્મળતા ટકે, તેમાં વડાઈ માનવી જોઈએ.

ભોગદર્શિતાના સ્થાને ભદ્રદર્શિતા હોય,
તો ત્યાગવૈરાગ્ય અને ભક્તિનાં કાર્યો વધે તથા
આત્માના લાભનો જ વિચાર કરાવે.

દીનતા એ ભવાભિનંદી જીવનો દુર્ગુણ છે.

મનને ઓછું આવે, હતાશા અથવા નિરાશા થાય, તે
આત્માની ઉજ્જ્વળતા નહિ પણ મલીનતા છે, ત્યાજ્ય છે.

દીનતામાં અભદ્રદર્શિતા - અકલ્યાણદર્શિતા છે.

અભદ્રદર્શિતા = શરીરની અનુકૂળતા-પ્રતિકૂળતાનો વિચાર.
ભદ્રદર્શિતા = આત્માને અનુકૂળ અને હિતકર વિચાર.
નમ્રતા, સહાનુભૂતિ, ભક્તિભાવાદિ ભદ્રદર્શિતાનાં લક્ષણો છે.
જેમાં આત્માના હિતાહિતનો વિચાર હોય, તે ભદ્રદર્શિતા.

અભદ્રદર્શી માનવ એટલે...

માત્ર શરીરની સુખાકારી જુએ - આત્માની ન જુએ તે.

પરિષહસહન એ સંવર ધર્મનો પ્રકાર છે.

'જ્ઞાતાધ્યયન'માં કહ્યું છે કે:

ताए पाणाणुकंपाए परित्तीकओ ते संसारी ।

સંસાર મર્યાદિત કરનાર કોણ?

જીવ પ્રત્યે દયાનો ભાવ, એ કરનાર કોણ?

ઉત્તર: જીવનો વિવેક અને પુરુષાર્થ.

ધર્મના ફળમાં કલ્યાણ જોવું, તે કલ્યાણદર્શિતા.
આત્માને ભૂલી માત્ર શરીરનું સુખ જ જોવું,
તે અકલ્યાણદર્શિતા - અનાત્મદર્શિતા.
શરીરનો રાગ એ મોટું પાપ છે,
એ પાપની ઓળખ, એનો પશ્ચાત્તાપ,
એને નામશેષ કરવાનો પ્રયત્ન - એ ભદ્રદર્શિતા છે.
આત્માનું કલ્યાણ શેમાં છે, તે જોનારો કલ્યાણદર્શી છે.

કલ્યાણદર્શિતાનાં બે લિંગ છે:
જયણા અને જિનાજ્ઞાપાલન.

પોતાની ભૂલનો એકરાર, ક્ષમાયાચના તથા ગુણવાનની પ્રશંસા - અનુમોદના, એ કલ્યાણદર્શિતાને આભારી છે. પાપનું પ્રાયશ્ચિત્ત, પ્રતિજ્ઞાનું પાલન, પરમાત્મભક્તિ, જિનાજ્ઞાપાલન વગેરેને અપનાવી લેવાની વૃત્તિ, તે કલ્યાણદર્શિતાને સૂચવે છે. માનવજીવનમાં લગન રાખવા જેવી કોઈ ચીજ હોય, તો તે તત્ત્વદૃષ્ટિ - પ્રભુભક્તિ છે,
તપ - ત્યાગ - સંયમ અને એની અનુમોદના છે.
એના બદલે પૈસા - ટકાની જ લગની રહી, તો નરક - નિગોદાદિ ભવભ્રમણનાં દુઃખ સિવાય બીજું શું છે?
પૌદ્ગલિક સુખ = સોજાની પુષ્ટિ, અંતે મરણને લાવનાર છે.

૭મા નરકમાં પાંચ નરકાવાસ છે,
તેમાં એક લાખ યોજનનો મધ્ય નરકાવાસ,
જંબૂદ્વીપ અને સર્વાર્થસિદ્ધ વિમાનનું પ્રમાણ સરખું છે.
ત્રસનાડી ૧૪ રાજ ઊંચી અને ૧ રાજ પહોળી હોય છે.
સ્થાવર જીવો ત્રસનાડીની બહાર પણ હોય.
૭મા નરક કરતાં અસંખ્યાત ગણાં અધિક જીવો
છઠ્ઠી નરકમાં, તે કરતાં ૫, ૪, ૩, ૨, ૧લા નરકમાં
પૂર્વ નરક કરતાં અસંખ્યાત ગુણા અધિક જીવો હોય.
સંમૂર્છિમ મત્સ્યો ૧લા નરકે અને
સંજ્ઞી મત્સ્યો તથા પુરુષ ૭મા નરકે જાય. સિંહ, વાઘ,
વરૂ ચોથી નરકે, સર્પ પાંચમા નરકે, સ્ત્રી છઠ્ઠી નરકે જાય.
નરકમાં દુ:ખ, તિર્યંચમાં ભૂખ, દેવમાં સુખ, તો...
મનુષ્યમાં શું અધિક ? એક ધર્મ, બાકી બધું પરિમિત.
દયા, દાન, દેવપૂજા, ગુરુસમાગમ,
રાત્રિભોજનનો ત્યાગ આદિ મનુષ્ય ભવમાં જ છે.
૨॥ દ્વીપમાં મનુષ્યનાં ૧૦૧ ક્ષેત્રો છે,
૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતર્દ્વીપ.
ભવસ્થિતિ એક ભવની અને કાયસ્થિતિ
એક જ પૃથ્વીકાયાદિ જાતિમાં ઉત્કૃષ્ટ સ્થિતિકાળ.

## મનુષ્ય ગતિમાં આવેલા જીવોના ત્રણ પ્રકાર

એક પૂર્વ જન્મમાં લાવેલી પુણ્યાઈને
મોજશોખ - વિષય - વિલાસમાં ઉડાવી દે છે.
બીજો લાવ્યો હતો, તે પુણ્યાઈને ટકાવી રાખે છે.
ત્રીજો દાન - ધર્મ વડે પુણ્યને ખૂબ જ વધારી દે છે.
ત્રીજો ઘરનો માલિક બને છે, બીજો ઘરમાં રહેવા લાયક છે
તથા પહેલો ઘર બહાર કાઢી મૂકાય છે.

'માર્ગાચ્યવનનિર્જરાર્થં પરિષોઢવ્યાઃ પરિષહાઃ ।'
ક્ષુધાદિ પરિષહોને સમ્યક્ પ્રકારે સહન કરવા જોઈએ.

વિનય વિનાના મહારાજનું જીવન, જેના કાન પણ સડી ગયા છે, એવા હડકાયા કૂતરા જેવું છે. તે જ્યાં જાય, ત્યાં હડહડ થાય. કોઈ તેને ઊભા રહેવા દેતું નથી.

o બહુશ્રુત ગીતાર્થ ગુરુઓ સૌથી વધુ કિંમતી છે.

o 'બળે તે મારું નહિ અને મારું તે બળે નહિ.'
મિહિલાએ ડજ્ઝમાણે ન મે ડજ્ઝઇ કિંચિવિ । સૂક્તિઃ
મિથિલાનગરી બળે, તેમાં મારા આત્માનું કાંઈ બળતું નથી.

જહા લાહો તહા લોહો, લાહા લોહો પવડ્ઢઇ । સૂક્તિઃ
જેમ જેમ લાભ વધે, તેમ તેમ લોભ વધે.
લાભ અગ્નિ સમાન છે, લોભ - લાલચ ઘી સમાન છે.

જેટલાં અંશે રાગ-દ્વેષ ઓછાં કર્યાં,
તેટલા અંશે જીવનની સાચી કમાણી સમજવી.
એક જન્માદિ પાંચ-પાંચ જન્માદિ આખું જીવન જાય.
જ્ઞાન એ ભવાહૃદિ પ્રીત છે, પરમોદિત છે,
પ્રભુ આજ્ઞાસાપેક્ષતા છે, આત્મસન્મુખતા અને
વિષય-કષાયાદિથી વિમુખતા છે, પાપભીરુતા છે,
એ સમ્યગ્જ્ઞાનનાં લક્ષણ છે.

## સુખ-દુઃખ આપવાની શક્તિ શેમાં?

સંયોગ-વિયોગ સંસારમાં સદા ચાલુ છે.
જેના સંયોગમાં આનંદ, તેના વિયોગમાં દુઃખ થવાનું જ છે.
સુખ-દુઃખ આપવાની શક્તિ પદાર્થોમાં નથી, પરન્તુ
પોતાની કલ્પનામાં છે. પરિવર્તનશીલ સંસારમાં જન્મ
પછી મૃત્યુ અને મૃત્યુ પછી જન્મ - એ નિયત છે.
અનંતા ભવોમાં ભમતા જીવે અનંતા સંબંધ બાંધ્યા છે
અને દરેક ભવમાં મને કે કમને -
એ સંબંધો તોડવા જ પડ્યાં છે.
દુઃખનું મૂળ કર્મ છે, કર્મનું મૂળ રાગ તથા દ્વેષ છે,
રાગદ્વેષનું મૂળ અજ્ઞાન અને અજ્ઞાનીનો સંસર્ગ છે.
પ્રવૃત્તિધર્મ પણ પરિણામધર્મમાં પરિણમે, તો ધર્મ છે.

'મિથ્યાજ્ઞાન સંસારનું કારણ છે' તેનો અર્થ જે
જ્ઞાન વડે રાગ-દ્વેષાદિ અને મમતાદિ અશુભ ભાવો વધે,
તે અજ્ઞાન અથવા મિથ્યાજ્ઞાન છે.
સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન મોક્ષનું કારણ છે, કેમકે તે વડે
રાગદ્વેષાદિ અશુભ ભાવોને રોકી શુભ ભાવો વધે છે.
વ્યવહાર જગતમાં કર્મોદયની મુખ્યતા છે,
અધ્યાત્મ જગતમાં પુરુષપ્રયત્નની મુખ્યતા છે.
કાળ, સ્વભાવ, ભવિતવ્યતા - બધાં સાધારણ કારણો છે.
પાપની ભયંકરતા ભયમાં બનાવવા માટે નહિ,
પરંતુ ભૂલમાં સજાગ બનાવવા માટે છે. બચાવનાર
બળ તે બળ છે, વિનાશ કરનારું બળ તે બળ નહિ.
મારવાની બહાદુરી વખાણવા લાયક નહિ,
બચાવવાની બહાદુરી તે ખરી બહાદુરી છે.
જન્મ - મરણની પરંપરા ટાળવા,
એ જ આ જીવનનું મુખ્ય પ્રયોજન છે.
એ પ્રયોજન માટે જીવાશે તો જીવ્યું સફળ છે,
અન્યથા આખું જીવ્યું નિષ્ફળ છે.
અર્થ - કામ ઉપર ધર્મની છાયા - તે આદરણીય છે,
ધર્મની છાયા વિનાના - તે અનર્થ છે.

V.V. Imp.

## ઘડાવું કોણે પડે ?

પાયામાં નાંખવા હોય, તે પત્થરોને ઘડવાની જરૂર નહિ.
જેમ ભીંત-સ્તંભમાં જડવા કે પ્રતિમારૂપ બનાવવા હોય,
તો તે પત્થરોને ઘડવા પડે, તેમ માણસે પણ
સારા સ્થાને જવું હોય, તો વધુ ઘડાવું પડે.
જેમ ગાયો આખો જંગલમાં જાય, ચરે-ફરે, પરન્તુ
સાંજ પડે ગામમાં આવી પોતપોતાના સ્થાને જાય, તેમ
માણસે પણ બધું વિચારીને આવવાનું ક્યાં? આત્મામાં.

### માણસ ઘેર આવ્યો ત્યારે જ કહેવાય...

કે જ્યારે તે પાપ અને તેના કારણોથી અટકે તથા
ધર્મ અને તેના કારણોને સેવે.
માણસ પાપની પ્રવૃત્તિ કરે શા માટે? સુખ માટે.
...અને પાપનું ફળ શું આવે? દુઃખ.
તેનો અર્થ એ થયો કે લેવા જાય સુખ અને આમંત્રણ
આપે દુઃખને, લઈ આવે દુઃખ! તે જ અજ્ઞાનતા.
માણસને આ કોણ સમજાવે અને કેમ હૈયામાં ઉતારે
કે...મમતા એ દુઃખનો ભંડાર, સમતા એ સુખનો ભંડાર!
દેવાય છે, તે પોતાનું થાય છે તથા બીજાનું કામ જે
કરાય છે, તે ખરી રીતે પોતાનું જ કામ કર્યું ગણાય છે.

ચાર પ્રકારનો ધર્મ શા માટે ?

વિષય અને કષાય જીતવા માટે તથા
ધન અને તનને સાર્થક કરવા માટે ભગવાને
ચાર પ્રકારનો ધર્મ ઉપદેશ્યો છે.

દાનધર્મથી ઉદારતા, શીલધર્મથી સદાચાર, તપધર્મથી
સહિષ્ણુતા અને ભાવધર્મથી સદ્વિચારની તાલીમ મળે છે.
દાનધર્મથી ધનની મમતા ટળે, શીલધર્મથી ઇંદ્રિયવિજય મળે,
તપધર્મથી તનના અને ભાવધર્મથી મનના મેલ ટળે છે.
સંસારનું કારણ કર્મ, કર્મનું કારણ રાગ-દ્વેષ અને
રાગ-દ્વેષના બાહ્યકારણ શરીર, સ્વજન, ધનયૌવનાદિ તથા
અંતરંગકારણ અજ્ઞાન-મિથ્યાત્વ-અવિરતિ આદિ છે.

સંસાર એક નાટક છે,
તેમાં નટ બનવું કે પ્રેક્ષક બનવું, તે પોતાને હાથ છે.
યાચક હલકો છે, ના પાડનારો તો તેથી પણ હલકો છે.

'લોકવિજય અધ્યયન'માં કહ્યું છે :
બહારના લોકનો નહિ, પરન્તુ અંતરંગ લોકનો વિજય
કરવાનો છે, કારણકે ખરો લોક તો અંદર ભર્યો છે.

જે કાયા માટીમાં મળી જવાની છે,
તેને અત્યારે જ માટીરૂપ જોઈએ તો મોહ ઊતરી જાય.

મોહની દૃષ્ટિમાત્રથી ભોગ - આસક્તિ અને
રાગ ઘટતો જાય, ઉદાસીનતા વધતી જાય, એટલે
પરિણામ નિર્મળ થાય તથા પુણ્યનો બંધ વધતો જાય.
દેવગતિ અને મનુષ્યગતિ સિવાય અન્ય ગતિઓમાં
જવાનું બંધ થાય. ઊંચી ગતિમાં સામગ્રી પણ સારી
મળતી જાય, વૈરાગ્ય વધતો જ જાય, ઉપરાંત છેલ્લે
મોક્ષમાર્ગનો પુરુષાર્થ કરી ભવનો અંત આવે.

ધર્મ કરાવવો હજુ સહેલો છે પણ
ધર્મ ગળામાં ઉતારવો, એ આજે ઘણું કઠિન છે.
પરલોકનો ભય અને આરંભ - પરિગ્રહ આદિ
પાપોનું ફળ સદ્દહવું, એ ઘણું કઠિન છે.
પરમનિધાન પ્રગટ મુખ આગળ, જગત ઉલ્લંઘી જાય,
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો અંધ પુલાય!

## સાધુનો ધર્મ અને સાધુતાનું લક્ષણ

દ્વાદશાંગી અને તેના સાર રૂપી નમસ્કાર મંત્ર - એ
રત્નનો દાબડો છે, તેને ઓળખી લોકોને ઓળખાવવો,
એજ સાધુનો ધર્મ અને સાધુતાનું લક્ષણ છે.
શ્રાવક સાધુ નથી તેમ અસાધુ પણ નથી, કેમકે
તેના અંતરમાં સર્વવિરતિની અભિલાષા છે.

અસાર સંસારમાં સાર એકમાત્ર શ્રી જિનધર્મ છે.
શ્રી જિનધર્મમાં પણ સાર આરંભની નિવૃત્તિ છે.
'શ્રાવક' એટલે નિરારંભ સાધુજીવનનો
સતત ઉમેદવાર અર્થાત્ સાધુજીવનનો અંતરથી ઇચ્છુક.
સાધુ થવાની આકાંક્ષામાંથી જ સાચું શ્રાવકપણું આવે,
તેનો અર્થ સકલસત્ત્વહિતાશયમાંથી જ
દાન, દયા, દેવપૂજા આદિ ધર્મકરણી પ્રગટે.
ગૃહસ્થાશ્રમમાં મુખ્યતા ધર્મની છે તથા ગૃહસ્થ ધર્મમાં
મુખ્યતા ધર્મની છે, કિન્તુ સાધુપણું સ્વયં ધર્મમય છે.
ધર્મહીન આજનો માનવ એ આવતીકાલનો પશુ છે,
ધર્મહીન આજનો શ્રીમંત તે આવતીકાલનો ભિખારી છે.
સફેદ વસ્ત્ર સૌમ્યતાને પોષે છે,
રંગીન વસ્ત્ર કામ-ક્રોધાદિનાં ઉત્તેજક છે.
પરમાત્માના રંગથી રંગાયેલા
આપણી ચેતના સ્વસ્વરૂપને પામે છે.
જોયું છે આપણી આંખે, છતાં સૂર્ય છે તો જ જોઈ શકાય,
તેમ સ્વસ્વરૂપ પામવાનું છે પોતાનું જ, પરંતુ
પરમાત્માના આલંબને રંગાયેલો આત્મા જ
સ્વરૂપની સન્મુખતા અને સ્થિરતાને પામે છે.

બાળકો પ્રત્યે વાત્સલ્ય - વડીલો પ્રત્યે વિનય, આ બે વસ્તુની મર્યાદા જેટલી જળવાય, તેટલી શાંતિ રહે.

સમતા અને શાંતિના પોષક કયા ગુણો ?

ભવનો ભય, પાપની અરૂચિ, તત્ત્વપ્રેમ, ધર્મક્રિયામાં દૃઢતા.

સંસાર એટલે દુઃખની ખાણ. પરિપૂર્ણ શાંતિનું સ્થાન મોક્ષ છે, તેના કારણભૂત જિનધર્મની ઉપાસના છે.

સંસારના બધા લાભો સંપત્તિ ધન, આરોગ્ય, પરિવાર, કીર્તિ, સત્તા વગેરે સર્વ કાંઈ ધર્મના જ આશ્રયે છે.

દેહ નાશ પામે પણ ધર્મ નાશ ન પામે.

દેહ મૂકીને જવું પડે, ધર્મ સાથે આવે. ધર્મ પાસે હોય, તો દેહની ભયંકર આપત્તિમાં પણ શાંતિ જ રહે.

પરમાનંદને દેનારા ઉત્તમ ગુણો એટલે...

આત્મલક્ષ અને પરમાત્મપક્ષ સાથે
પાપથી બચવાની કાળજી, ઉચિત ધર્મક્રિયામાં ઉદ્યમ.

બાહ્ય પ્રવૃત્તિ અને અંતરંગ પરિણતિ -
બંને સાથે મળીને વાસ્તવિક ધર્મ બને છે.

આત્માનું લક્ષ્ય વધે, તેમ પરિણામધર્મ વધે.

નાટક - સિનેમા લાખો રૂપિયા લઈ જાય છે,
સાથે આચારધનને પણ લઈ જાય છે.

અર્થ અને કામ એ અગ્નિ છે, તેને ચૂલામાં રાખીને ઉપર જો ધર્મનું ઢાંકણ હોય, તો એ અગ્નિ બાળે નહિ. અન્યથા ભડકો જ થાય અને બધાંને ભસ્મીભૂત કરે.

અમર્યાદિત પ્રવૃત્તિ એટલે ઉઘાડો અગ્નિ.

## શુભ પ્રસંગે ચાંલ્લો એ લેવડ-દેવડ ?

શુભ પ્રસંગે ચાંલ્લો લેવા-આપવાનો રિવાજ એકબીજાના વ્યાવહારિક અને ધાર્મિક સ્નેહને વધારવા-ટકાવવાના સાધન તરીકે હોય છે, તેનો કદિ નિષેધ ન થઈ શકે. અહીં લેવા તથા દેવાના પૈસાની કિંમત કરતાં તે તે ઉત્તમ કાર્યોની અનુમોદના, ઉત્સાહ અને પ્રેરણા મળે છે.

ચાંલ્લો એ સંબંધ તાજા કરવાના ઉપાયરૂપે છે.

આર્યદેશનાં સર્વ સંબંધોમાં વાત્સલ્ય અને સ્વાર્થના ત્યાગની ભાવના હોવાથી તે તે પગથિયે રહેલાં માનવીને વિકાસનાં સાધનરૂપ છે. આર્ય માનવની પ્રત્યેક કરણી પરંપરાએ મોક્ષમાર્ગસ્વરૂપ ધર્મની સાથે પ્રતિબદ્ધ છે, આનો સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરવો જોઈએ.

પ્રેમ એક એવો ભાવ છે કે જેમાં પોતે પોતાપણું વિસરી જઈ, જે પોતાનું ઇષ્ટ હોય, તે રૂપ જ બની જાય છે, તે ભાવનું નામ 'પ્રેમ' છે.

પ્રેમ એ સર્વવ્યાપી, એક અને અખંડ આનંદનું રૂપ છે.
મૈત્રી, સ્નેહ, ભક્તિ, વાત્સલ્યાદિ તેનાં જ નામાંતરો છે.
પ્રેમ અને સ્વાર્થ એક નહિ. પ્રેમ આપે - સ્વાર્થ માંગે.
પ્રેમ - અદ્વૈત - આત્મૌપમ્ય એ જ સંસારનો સાર છે.
પોતાપણું વિસરી જઈને પારકા માટે જીવવું, એ જ
ધર્મબોધ, નીતિબોધ અને સર્વ ગુણની પરાકાષ્ઠા છે.

'સામાને સદ્બુદ્ધિ મળો અને પાપથી પાછા હઠો'
એવી પ્રાર્થના પ્રભુને કરવાથી સામાને અસર કરે,
એવું શુભ કર્મ ઊભું થાય છે.

આપણી સદ્ભાવના અને કરુણાયુક્ત પ્રાર્થનાથી સામાને નહિ તો આપણને તો શુભ ફળ મળે જ છે અને તેની અસર સામા ઉપર પણ જો તેને નિકાચિત કર્મનો ઉદય ન હોય, તો અવશ્ય પડે છે. શુભ માટેની પ્રાર્થના કદી નિષ્ફળ જતી જ નથી. પોતે અહિત આચરણ કે વિચારણા છોડી હિતપ્રવૃત્તિ અને હિતવૃત્તિ રાખી રહ્યો છે કે કેમ? તેની જ એક કાળજી રાખવી જોઈએ. પ્રભુપૂજા - દર્શનનો સાચો ઉદ્દેશ ભવવૈરાગ્યની વૃદ્ધિ, સર્વવિરતિચારિત્રની તમન્ના છે. આપણું આદેય નામકર્મ વધારવું જોઈએ. અંતરાયક્ષય અને પુણ્યવૃદ્ધિ થતાં બધું શુભ બને છે.

ખરી આરાધનાનું થર્મોમીટર

મોક્ષરુચિ અને ભવનિર્વેદ જેટલો વધશે, તેના ઉપર છે.

ઇન્દ્રાદિના સુખો પણ કેદીને મળેલા મહેલ બરાબર છે.

'ધર્મદેશના' એટલે... પાપ ઉપર અરુચિ થાય અને
ધર્મ ઉપર રુચિ થાય, તેવો ઉપદેશ.

ભવાભિનંદી જીવોને ધર્મદેશના એ સિંહનાદ સમા છે.

અરિહંત પરમાત્માની વાણીનું આલંબન
એ મોટામાં મોટા દુ:ખોનું સાચું ઔષધ છે.

દશ પૂર્વધરની વાણી દુગ્ધપાન સમી લાગે છે.

'સંઘ' એટલે ગુણરત્નોનો રોહણાચલ.

જ્યોતિર્ધર વિશિષ્ટજ્ઞાની સાધુ સંવિગ્ન, ગીતાર્થ,
શમ - દમ આદિ યુક્ત જોઇએ, અન્યથા આશાતના.

બાહ્યધનને આપણે સાચવવું પડે, જ્યારે
ધર્મ રૂપી ધન આપણને સાચવે.

શુદ્ધ ઉપયોગ એટલે સ્વભાવ ધર્મ,
તેના હેતુ એટલે વ્યવહાર ધર્મ.

ક્ષાયિકભાવ એ ઘરનું ઘર, ક્ષયોપશમભાવ એ મિત્રનું ઘર,
ઔદયિકભાવ તે શત્રુનું ઘર. દશવૈકાલિકમાં કહ્યું છે:
भिन्दन्ति अष्टकर्माणीति भिक्षुः। ૮ કર્મોને ભેદે તે ભિક્ષુ.

'પૌષધ' એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા
દાન, દયા, ક્ષમાદિ ગુણોને પુષ્ટ કરે, તેવી ધર્મક્રિયા.
સાધુજીવનનો સાર સમતા, જો વૈરાગ્યેથી આવે, ટકે, વધે.
વૈરાગ્યવૃદ્ધિ માટે ભવભાવના, ઉપમિતિ, લોકપ્રકાશ,
આચારાંગ, સૂયગડાંગ ટીકા, ૧૦ પયન્ના,
ઉપદેશમાળા આદિનું વાંચન - મનન - ચિંતન કરવું.
મુનિજીવન પામવું દુર્લભ છે - પાળવું એથી વધુ કઠિન છે.
૨૧૦૦૦ શ્લોક પ્રમાણ 'લોકપ્રકાશ' ગ્રન્થ જુનાગઢમાં
રચનો ઉલ્લેખ છે, જેની પૂર્ણાહૂતિ સં. ૧૭૦૮માં થઈ હતી.
૦ મુક્ત આત્માઓ પાંચમે અનંતે,
(દિગંબર મતે ૮મે અનંતે)
સંસારી જીવો ૮મે અનંતે, અભવ્ય જીવો ૪થે અનંતે.
૦ કલહ ત્યાં કલિયુગ, સંપ ત્યાં સતયુગ.
સારાં કપડાંથી રૂપાળો દેખાય તે નટ અને
સારાં કર્મોથી રૂપાળો થાય તે નર.
મળે તો મહેરબાની નહિ, ન મળે તો ફરિયાદ નહિ.
થાળીમાં પડેલું નહિ, પેટમાં પડેલું ભોજન ભૂખ ભગાવે,
તેમ વાંચેલું અથવા ગોખેલું નહિ, પરન્તુ
જીવનમાં ઉતારેલું જ્ઞાન જ આત્માને અજવાળે.

## મૌન અને ચાર વાણી

મૌન એ વાક્શક્તિનો જ એક આવિષ્કાર છે.
વૈખરી અને તેનું સ્થાન કંઠ,
એ જેનો ઉપયોગ નહિ કરનારી વાક્શક્તિ તે જ મૌન.
કર્મ, ભક્તિ અને જ્ઞાન - એ ત્રિપુટી ક્રમશઃ વૈખરી,
મધ્યમા અને પશ્યંતી - એ ત્રિપુટીની સાથે સંલગ્ન છે.
ઉદ્ગાર - શબ્દોચ્ચાર એ વૈખરી કર્મ છે,
ભક્તિ એ મધ્યમાના સ્થાન હૃદયમાં સિદ્ધ થાય છે.
જ્ઞાન એ પશ્યંતી અવસ્થામાં રહેલી વાક્શક્તિ છે તથા
તેનું સ્થાન નાભિચક્ર છે કે જે ત્યાંથી પ્રગટ થાય છે.
દ્રષ્ટા એ જ જ્ઞાતા છે.
પરા એ નિર્ગુણ - નિર્વિશેષ તેજઃશક્તિ છે.
આપણે પરમાત્માનું નામ લઈએ છીએ અગર જાપ
કરીએ છીએ, ત્યારે ઉચ્ચારનું કર્મ વૈખરી વાણી કરે છે.
નામ વિષે ભક્તિ એ હૃદયસ્થ મધ્યમા વાણીનું કાર્ય છે.
પરમાત્મતત્ત્વ, ઇષ્ટ પ્રતીક મૂર્તિ વગેરેનું
સશાસ્ત્ર અને રહસ્યમય જ્ઞાન
એ નાભિસંસ્થિત પશ્યંતી વાણીનો જ પરિણામવિશેષ છે.
'સા ઇયં વાક્ સોઽયં અગ્નિઃ ।' - બૃહદારણ્યક

જેને આપણે વાણી કે વાક્ કહીએ છીએ,
તે એક પ્રકારનું તેજ છે, અગ્નિ છે.
પ્રત્યેક શબ્દ સ્ફુલિંગ છે, તેજ:શક્તિનો એક કણ છે.
આ વાક્શક્તિની ચાર શ્રેણીઓ છે:
પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી.
મૂલચક્ર એ પરાવાણીનું અધિષ્ઠાન છે,
પશ્યંતી વાણી નાભિસંસ્થિત છે,
મધ્યમા હૃદયસ્થાને છે અને વૈખરીનું સ્થાન કંઠ છે.
વાક્રૂપ તેજ:શક્તિ સૂક્ષ્મ અવસ્થામાંથી સ્થૂલ
અવસ્થામાં આવતાં સુધી આ સ્થાનોમાં ઊર્ધ્વગમન કરે છે,
ઉપર ઉપર આવે છે અને
ઉદ્ગાર, શબ્દ તથા અવાજના રૂપમાં વ્યક્ત થાય છે.
આ = આવ્યા, ગ = ગયા, મ = મન, થિ = સ્થિર.
આગમથિ = જતાં - આવતાં મનને સ્થિર કરવું તે.
આગમ = આપ્તવચનથી આવિર્ભૂત થયેલું
અર્થ સંવેદન - જ્ઞાન તે આગમ પ્રમાણ છે.
ઉપાધિ = કર્મસંયોગ, અન્ય દ્રવ્યનો સંબંધ.
આચરણ - પ્રાણાયામ એ આત્મધર્મ નથી, પરન્તુ
આત્મધર્મસાધનના પૂર્વ કારણ છે.

## સ્ત્રીનું ખરું કાર્ય શું ?

સ્ત્રી = સ્તૃ - વિસ્તાર - ફેલાવો કરવો.

દુનિયામાં પ્રેમ ફેલાવવો, એ સ્ત્રીનું કાર્ય છે.

પ્રેમની વ્યાપકતા સ્ત્રીઓ કરી શકશે.

## સ્ત્રીશક્તિનાં સાત નામ

સ્મૃતિ[1] મેધા[2], ધૃતિ[3], ક્ષમા[4], કીર્તિ[5], શ્રી[6], વાણી[7].

એક હજાર પિતા કરતાં પણ એક માતા શ્રેષ્ઠ છે,
કેમકે તે બાળક માટે જ જીવે છે.

મહિષી = મોટી, મહિલા = મહાન શક્તિશાળી સ્ત્રી

કામિની = કામસાધનાનો વિષય.

કામિની - એ શબ્દ માતૃશક્તિનું મોટું અપમાન છે.

મનુષ્યોમાં સ્ત્રીઓ ૨૭ ગુણી અને
દેવોમાં દેવીઓ ૩૨ ગુણી હોય છે.

## પિતાનાં ત્રણ લક્ષણ

(૧) પોતાની જાત કરતાં પોતાના બાળકો પર વધુ પ્રેમ.

(૨) બાળકોને સારી કેળવણી આપવી.

(૩) અંતમાં બધો કારભાર બાળકોને સોંપી દેવો.

ટ્રસ્ટીશિપ = પાલકવૃત્તિ, પિતા = પાલન કરનારો ટ્રસ્ટી.

પિતા ભૌતિક તથા ગૂઢ આધ્યાત્મિક વારસો આપે છે.

*most Important*

સુવિહિત મુનિ માટે અંત સમયે કરવાની

મરણ માધાંસા - શુદ્ધ આત્મસ્વરૂપની ભાવના

મરણ સમયે જ્યારે શરીરમાં વેદના વધી જાય છે,

ત્યારે સમર્થ ચિત્તવાળાનું મન પણ

શાસ્ત્રના સ્વાધ્યાયમાં લાગી શકતું નથી. તો તે વખતે કોઈ એક પણ પદ કે જે સંવેગને પેદા કરનારૂં હોય, તેને વિષે મન લગાડવું. સંવેગ અને સમતાને પેદા કરનારા કોઈ એક વાક્યમાં પણ મન અંત સમયે લાગી જાય અને તેનું જ ચિન્તન કરતાં કરતાં દેહ છૂટી જાય તો પણ તે આરાધક બની જાય છે. એ રીતે આરાધનામાં ઉપયુક્ત બનીને કાળ કરનારો સુવિહિત મુનિ ઉત્કૃષ્ટથી ત્રીજે ભવે સિદ્ધિ પામે છે. આમ છતાં કોઈ કારણે ચિત્ત સમાધિને ન જ પામે, તો વિચારવું કે: હું સાધુ છું. જીવનમાં મેં સર્વ પ્રકારે સંયમ પાળેલું છે. હું સર્વ વસ્તુને ત્રિવિધે - ત્રિવિધે વોસિરાવું છું, પછી મારે ભય પામવાની શી જરૂર છે? સદ્ગતિનો માર્ગ મેં આરાધ્યો છે, માટે મારે ડરવાની જરૂર નથી. મરણ સમયે જ્ઞાન - દર્શન - સમ્યક્ત્વ - ચારિત્રમાં ઉપયોગ મૂકે, તે સંસારથી અવશ્ય મૂકાય છે.

'મારો આત્મા જ મને આલંબનભૂત છે.
મારો આત્મા જ્ઞાનસ્વરૂપ, દર્શનસ્વરૂપ,
સમ્યક્ત્વસ્વરૂપ અને ચારિત્રસ્વરૂપ છે.
પચ્ચખ્ખાણ પણ મારો આત્મા છે અને
સંયમવ્યાપાર પણ મારો આત્મા જ છે.
મારો આત્મા શાશ્વત છે, જ્ઞાન - દર્શન સહિત છે.
બાહ્ય વસ્તુઓ સંયમ સંબંધિત મળેલા છે,
તેને હું ત્રિવિધે વોસિરાવું છું.
મારો આત્મા અનંત વચધાળો છે.
વિશ્વનો પ્રકાશક છે, સિદ્ધનો સાધર્મિક છે.
આ મારો આત્મા જ શક્તિથી સિદ્ધસ્વરૂપ છે.
આ આત્મા જ પરમ તત્ત્વ છે અને
આ આત્મા જ પરમ જ્ઞાન છે.
દ્વાદશાંગ શાસ્ત્રનો વિસ્તાર પણ આ આત્માને જ
જાણવા માટે છે. કલ્પનાજાળને દૂર કરીને ચિદાનન્દમય
આત્માને વિષે જો ભાવના કરવામાં આવે,
તો અભેદ રત્નત્રયની નિશ્ચય પ્રાપ્તિ થાય છે.'
આવા શુભ ધ્યાનરૂપી અગ્નિથી અત્યંત સાધવામાં આવે,
તો તે વ્યક્તિથી સિદ્ધસ્વરૂપ બને છે.

સમસ્ત કર્મબંધથી મુક્ત, અમૂર્ત, અતીન્દ્રિય એવા
આત્માને આત્મા વિષે જોવા માટે પ્રયત્ન કરવો.
તેથી આત્માને વિષે જ નિત્ય આનંદમય, શુદ્ધ,
ચિત્સ્વરૂપ, અવિનશ્વર, જ્યોતિર્મય, અક્ષય, અભેદ
એવા સ્વસ્વરૂપનાં દર્શન થશે.

ડરવાનું દુષ્કર્મથી, એ જ જીવનનો સાર,
મરવાથી ડરવું નહિ, મરવું એક જ વાર.
સુખમાં લીન અને દુઃખમાં દીન ન થવું,
તેવું જીવન જ સારું જીવન છે.

જીવન એ સ્વયં પૂર્ણતાના શિખરે પહોંચવા માટે છે,
આપણે પ્રસન્નતાપૂર્વક તેનો ભાર વહન કરવાનો છે.
મરણને શરણ જવાને બદલે મરણનો
અખંડ અનુભવ લેતાં રહી તેની મસ્તીમાં રહેવું સારું છે.
મરણનો પરિચય થયા પછી એવું લાગવા માંડે છે કે
મરણ પણ વિશ્વાત્માની એક સુંદર, પ્રેમાળ વિભૂતિ છે.
દુઃખમાંથી જ સુખ પ્રગટે છે, મૃત્યુમાંથી જ નવજીવન
પ્રાપ્ત થાય છે અને પાનખરમાંથી જ વસંત ખીલે છે.
મૃત્યુ એટલે જુનું વસ્ત્ર મૂકીને નવું વસ્ત્ર ધારણ કરવું
અથવા જુનું ઘર છોડી નવા ઘરમાં પ્રવેશ કરવો.

સમાધિ મરણ એટલે...

મરતાં ધર્મ યાદ આવે અને સંસાર યાદ ન આવે,
પરમાત્માનું સ્મરણ કરતાં કરતાં મરણ આવે તે.
તેને સિવાય Heart fail થશે, કેમકે શરીર
સિવાય બીજી વસ્તુના અસ્તિત્વનું તેને ભાન નથી.
રાજા કુમારપાળ: अनायासेन मरणं, विना दैन्येन जीवनं।
देहान्ते तव सान्निध्यं, देहि मे परमेश्वर ! ॥१॥
અર્થ: આયાસ વિના મરણ, દૈન્ય વિના જીવન
અને દેહના અંતે તારું સાન્નિધ્ય,
હે પરમેશ્વર ! મને આપો, આપો.

(૧) ઉપકારી, સ્વજન, પરિચિત અને
અપરિચિતના ઉપકારને વિચારે: 'अनायासेन मरणं।'
(૨) કર્મનો બંધ અહિત કરે છે પણ કર્મનો ઉદય
હિત કરે છે, એમ વિચારે: 'विना दैन्येन जीवनं।'
(3) દેહનો વિનાશ છતાં આત્માનો અવિનાશ છે,
એમ વિચારે: 'देहान्ते तव सान्निध्यम्।'
(૪) 'देहि मे परमेश्वर।'

આ પ્રાર્થના કરવાથી પ્રણિધાન બંધાય છે. પ્રણિધાન
પ્રવૃત્તિમાં, વિઘ્નજયમાં અને સિદ્ધિમાં સહાયક છે.

દુઃખ વખતે દુષ્કૃતગર્હા અને સુખ સમયે
સુકૃતાનુમોદના કરનાર જ સમાધિ જાળવી શકે છે.
દુષ્કૃતગર્હા વડે મૃત્યુ અનાયાસ - ત્રાસરહિત બને છે,
સુકૃતાનુમોદન વડે જીવન અદીન બને છે અને
શરણાગમન વડે મરણ મોક્ષ આપે છે, તેથી આ
શ્લોકમાં તે ત્રણે વસ્તુની પ્રાર્થના કરવામાં આવી છે.
હે પરમેશ્વર - પરમાત્મા, હું આપને પ્રાર્થના કરું છું કે
મને મરણ સમાધિવાળું, જીવન દીનતા વિનાનું આપો
અને દેહનો અંત તમારા સાન્નિધ્યને આપનારો થાઓ.

## સમાધિ મરણનો ઉપાય શું ?

સમાધિ મરણનો મુખ્ય ઉપાય દુષ્કૃતમાત્રની ગર્હા છે,
અદીન જીવનનો ઉપાય સુકૃતમાત્રનું અનુમોદન છે
અને પરમાત્મપ્રાપ્તિનો ઉપાય છે શરણાગમન.

## દેહાધ્યાસ તૂટ્યાં પછી શું થાય છે ?

દેહાધ્યાસ તૂટ્યાં પછી જીવમાત્ર પ્રત્યે
કરુણાભાવ પ્રગટી ઉઠે છે, કષાયો શાંત થઈ જાય છે,
ભવભ્રમણનું દુઃખ સમજાય છે અને
કેવળ મોક્ષ ઉર્ધ્વગમનની જ ઇચ્છા રહે છે.
આ રીતે દેહાધ્યાસ તૂટી જતાં આત્મપ્રતીતિ થાય છે.

સંયમની સ્થિરતા બે પાયા ઉપર છે:

વડીલોનો વિનય અને આશ્રિતો ઉપર વાત્સલ્ય.

સંયમમાં કષ્ટ છે પણ પાપ નહિ, એ કારણે એ
સ્થાન ઘણું ઊંચું છે, તેથી તેને પરમોચ્ચપદ કહે છે.

ક્રોડ પૂર્વનું સંયમ પણ માત્ર બે જ ઘડીના
અનંતાનુબંધી કષાયથી નિષ્ફળ થાય.

જિનશાસનના સહાયક એવા ક્ષમા, દયા, કરુણા, સમતા,
વાત્સલ્ય વગેરે બધા ગુણોનું મૂળ સ્વાધ્યાય છે.

સ્વાધ્યાયથી સંવેગ, નિર્વેદ તથા તત્ત્વજ્ઞાન તાજું રહે,
તે કારણે સાધુને આગમ આદિ પ્રકરણોનું
ચિન્તન-મનન-વાંચન-પૃચ્છના ફરી ફરી જરૂરી છે.

શ્રુત સામાયિક આત્માઓને પણ હોય.

પ્રકરણં = શાસ્ત્રૈકદેશપ્રરૂપકં ।

કષાયો-વિષયોને ટાળવા ઉપકારક બને તે સમ્યક્શ્રુત,
તેથી વિપરીત તે મિથ્યાશ્રુત.

જ્ઞાનના પર્યાય જ્ઞેયના આધારે છે.

જેટલાં જ્ઞેયના પર્યાય, તે બધાં જ્ઞાનના પર્યાય.

વીતરાગ જ્યારે જ્ઞેય બને,
ત્યારે જ્ઞાન પણ વીતરાગ પર્યાયવાળું બને.

સેયાકારીપયોગાકારસાનવાનાના |

જ્ઞાન - દર્શન ભવાંતરમાં સાથે આવે, ચારિત્ર નહીં.
૬ઠ્ઠું ગુણસ્થાનક પામેલાં પણ કાળધર્મ પામે, ત્યારે
ચોથે ગુણસ્થાનકે આવી શકે છે. વિરતિના કાળમાં
કષાયના હ્રાસરૂપી ચારિત્ર રહતું નથી, અવિરતિની સાથે
કષાયોનો પણ તેવા પ્રકારનો ઉદય થઈ જાય છે.

પ્રમત્ત ગુણસ્થાનકમાં 'પ્રમત્ત'નો અર્થ
સાધુપણામાં અતિચાર લગાડે તેવો પ્રમાદ સમજવો.)

સંજ્વલન કષાયનો ઉદય તે પ્રમાદ.

મુનિ જ્યારે ગુપ્તિમાં ન રહી શકે, ત્યારે સમિતિમાં રહે.

'નાણી તિહિં ગુત્તો |' 'અગુત્તે અન્નાણી |'

૩ ગુપ્તિએ ગુપ્ત તે જ્ઞાની, અગુપ્ત તે અજ્ઞાની છે.

જ્ઞાનનું ફળ મન - વચન - કાયાની ગુપ્તિ છે.

મંત્ર આપે તે ઉપાધ્યાય, જ્ઞાન આપે તે આચાર્ય.

યથાપ્રવૃત્ત = જેમ - તેમ પ્રવૃત્ત, કરણ = પુરૂષાર્થ.

અનિવૃત્તિકરણના છેલ્લાં સમય સુધી
૧લું ગુણસ્થાનક મિથ્યાત્વના પુદ્ગલો ઉદયમાં હોય.

અંતરકરણના પહેલાં સમયથી
સમ્યક્ત્વ સહિત ૪થું ગુણસ્થાનક.

## ૧૪ ગુણસ્થાનકોનું સંક્ષિપ્ત સ્વરૂપ

૧ મિથ્યાત્વ, ૨ સમ્યક્ત્વ, ૩ વિરતિ, ૪ કૈવલ્ય.
વિરતિના બે પ્રકાર : દેશવિરતિ અને સર્વવિરતિ.
સર્વવિરતિના બે પ્રકાર : પ્રમત્ત અને અપ્રમત્ત.
અપ્રમત્તના બે પ્રકાર : છદ્મસ્થ અને કેવળી.

### હંમેશાં હોનારા (૬) ગુણસ્થાનકો

૧-૪-૫-૬-૭-૧૩, બાકીના ૮ ગુણસ્થાનકોવાળા જીવો ક્યારેક હોય, ક્યારેક ન પણ હોય.

### પ્રથમના છ ગુણસ્થાનકોમાં

બાહ્યપ્રવૃત્તિ - બાહ્યદૃષ્ટિની મુખ્યતા છે, ત્યાર બાદનામાં ધ્યાનદશા, અપ્રમત્તતા અને આંતરદૃષ્ટિની મુખ્યતા છે. શાસ્ત્રોક્ત વિધિ - નિષેધપાલક આંતરદૃષ્ટિ પામી શકે.

વિધિ - નિષેધનું પાલન કરવા છતાં જો આંતરદૃષ્ટિ ઉપર લક્ષ્ય ન હોય, તો ન પામી શકે.

પ્રથમ ગુણસ્થાનકે દાન - દયાની મુખ્યતા,
ચોથા ગુણસ્થાનકે દેવપૂજા - ગુરુભક્તિની મુખ્યતા,
પાંચમે દેવ - ગુરુ ભક્તિની સાથે આંશિક વિરતિ-અણુવ્રતાદિનું પાલન, છઠ્ઠે પંચમહાવ્રત આદિનું પાલન તથા પ્રભુ આજ્ઞાપાલનના અધ્યવસાય છઠ્ઠા સુધી હોય, પછી મોહનો ઉપશમ - ક્ષય કરે.

સ્થિતિઘાત = લાંબા કાળની સ્થિતિને ટૂંકી કરે તે.
એમાં અપૂર્વગુણસ્થાનકે અપૂર્વ સ્થિતિઘાત - રસઘાત કરે.
અશુભ પ્રકૃતિનો રસ લીમડા જેવો કડવો તથા
શુભ પ્રકૃતિનો રસ ઈક્ષુકાન્ય સમાન મીઠો થાય છે.
ગુણશ્રેણિ = અબાધાકાળ પૂરો થયા બાદ નિષેકરચના
= કર્મદલિકોને ઉદયમાં લાવવા માટે તેની શ્રેણિ રચવી,
જેથી થોડા કાળમાં ઘણાં પુદ્ગલો ખપે.
ગુણસંક્રમ = અશુભ પ્રકૃતિઓને શુભમાં સંક્રમાવવી,
નવી બંધાતી કર્મપ્રકૃતિઓનો તેના વિરોધીમાં સંક્રમણ.
ઉદીરણાકરણ અબાધાકાળ
પૂરો થયાં પછી જ ગુણસંક્રમ થાય.
અપૂર્વ સ્થિતિબંધમાં અપૂર્વ એટલે કે
કાળસ્થિતિ પૂર્વની અપેક્ષાએ ઘણી ઓછી બંધાય.
પ્રથમ અપૂર્વકરણ સમ્યક્ત્વવિષયક,
દ્વિતીય અપૂર્વકરણ ચારિત્રમોહવિષયક. આ સર્વ એમાં
અનિવૃત્તિબાદર ગુણસ્થાનક રૂપ રણાંગણમાં આવવા
પૂર્વે વ્યૂહરચના જેવું છે. અપૂર્વ સ્થિતિઘાત વગેરે કરી
નવમે ગુણસ્થાનકે કર્મસુભટોનો પરાજય કરવાનો છે.
ઉપશમશ્રેણિ કરતાં ક્ષપકશ્રેણિમાં વિશેષ શુદ્ધિ છે.

નિવૃત્તિ = અધ્યવસાયોમાં ફેરફાર. એના અનિવૃત્તિ
ગુણસ્થાનકે પ્રથમ સમયે જે અધ્યવસાયશુદ્ધિ હોય,
તે કરતાં અનંતગુણી વિશેષ શુદ્ધિ બીજે સમયે હોય.
ક્રિયાની કિંમત વિશેષ વધારવા માટે ભાવદૃષ્ટિ છે.

અપ્રમત્ત રહેવા છતાં જે પ્રમાદ આવી જાય,
તે સ્વાધ્યાય રૂપી દોરી ખેંચવાથી અટકે,
તે અપ્રમત્ત - પ્રમત્ત અહીં હીંચોળાના ન્યાયથી હોય.
ગુણસંક્રમમાં અશુભ પ્રકૃતિઓ જે સત્તામાં રહેલી હોય,
તે પોતાની પ્રતિપક્ષ શુભ પ્રકૃતિઓમાં પલટાય છે.
દા.ત. અશાતા શાતામાં અને નીચ ગોત્ર ઉચ્ચ ગોત્રમાં.

ભાવમનમાં જે ભાવ ધ્યાન છે,
તેમાં દ્રવ્યમનની સહાય જરૂરી છે.

શ્રેણિનો પ્રારંભ મુખ્યત્વે ૭મા ગુણસ્થાનકથી
છતાં કેટલાંક ૪ - ૫ - ૬થી પણ પ્રારંભ માને છે.
ઉપશમશ્રેણિમાં પ્રથમ અનંતાનુબંધી ચારનો અને પછી
સમ્યક્ત્વ મોહનીયાદિ ત્રણનો ઉપશમ કરે,
પછી સ્ત્રી વેદ, પછી હાસ્યાદિ ષટ્ક, પછી પુરુષ વેદ-
ઉદયવેદ છેલ્લે શમાવે. દા.ત. પુરુષ, પુરુષવેદને અને
સ્ત્રી, સ્ત્રીવેદને છેલ્લે શમાવે.

સિદ્ધાંત તથા કર્મગ્રન્થના મતે ક્ષપકશ્રેણિ

સિદ્ધાંત મતે ઉપશમશ્રેણિવાળા
તે જ ભવે ક્ષપકશ્રેણિ ન માંડે, પરન્તુ
કર્મગ્રન્થના મતે તે ભવમાં ક્ષપકશ્રેણિ માંડી પણ શકે
અને એક ભવમાં ઉપશમશ્રેણિ બે વાર માંડી શકે
તથા બે વાર કરે, તે ક્ષપકશ્રેણિ ન કરે.

બારમું ગુણસ્થાનક - છદ્મસ્થ વીતરાગ - પૂર્વધરને
૭મે ગુણસ્થાનકે જ શુક્લધ્યાન હોઈ શકે.
શુક્લધ્યાન વડે તેઓ ક્ષપકશ્રેણિ માંડે.

જ્ઞાન સાથે આવશે, તપ - સંયમની ક્રિયા સાથે નહિ
આવે પણ તે વડે પ્રગટેલું અંતરંગ જ્ઞાન સાથે આવશે.

જિનવચનના આલંબને જ્ઞાનાવરણીયાદિનો ક્ષયોપશમ
કારણરૂપ બનીને મોહનીય કર્મનો ક્ષયોપશમ કરે છે.

પૂર્વભવની સાબિતી પરલોકને હૈયામાં ઉતારી અને
તે મુજબ જીવન જીવવા માટે છે,
નહિ કે જ્ઞાનની મોજ કરવા માટે.

મિથ્યાત્વ અવિરતિના સંસ્કાર વિનાના કષાય મંદ હોય,
અવિરતિના સંસ્કારથી તે પ્રબળ બને તથા
મિથ્યાત્વના સંસ્કારથી તે વધુ પ્રબળ બને.

મિથ્યાત્વ એ બંધના કારણોમાં પ્રધાન હેતુ છે,
તેનું કારણ તે પાપપ્રવૃત્તિ તો છે જ અને
વળી પ્રવૃત્તિમાં માન્યતા પણ વિપરીત છે, એટલે
પાપપ્રવૃત્તિમાં પાપની માન્યતા નથી, તેથી દૃઢ બંધાય છે.
મિથ્યાત્વ ગયા પછી અવિરતિના કારણે પાપપ્રવૃત્તિ
ભલે હોય પણ તેને પાપરૂપ માની ગર્હા પણ કરે
અને તે પાપપ્રવૃત્તિને ત્યાગવાની ઇચ્છા પણ કરે.

વચનયોગ અને મનોયોગ પણ
કાયયોગ વડે જ ગ્રહણ થાય છે. કાયાના વ્યાપારથી
ભાષાવર્ગણાના પુદ્ગલો ગ્રહણ વગેરે થયા બાદ
વચન વડે બોલવાની ક્રિયા તે વચનયોગ અને
મન વડે ચિંતવવાની ક્રિયા તે મનોયોગ.

ચક્ષુવિદ બોધિલાભ માટે થાય, તેમ અચક્ષુવિદ
બોધિદુર્લભ માટે ઉત્કૃષ્ટ કર્મની સ્થિતિ બંધાવે.

પર્યાપ્તિ, લબ્ધિ, શક્તિ તથા આહારના પુદ્ગલો વડે
શરીરપર્યાપ્તિથી શરીર બનાવે અને ઇંદ્રિયપર્યાપ્તિ
દ્વારા ઇંદ્રિયો બનાવે. પર્યાપ્તિનું કાર્ય ૧૦ પ્રાણો છે.

પમાયબહુલો જીવો । જીવો ઘણા પ્રમાદવાળાં છે.
સમયં મા પમાયએ । એક સમય પણ પ્રમાદ ન કરવો જોઈએ.

## ચારિત્રપદમાં કોનો સમાવેશ ?

સામાયિક - છેદોપસ્થાપનીયને ૬ - ૭ - ૮ - ૯ : એમ
ચાર ગુણઠાણાં હોય છે. પરિહાર વિશુદ્ધિને ૬ - ૭,
સૂક્ષ્મ સંપરાયને ૧૦મું ગુણસ્થાનક અને યથાખ્યાતને
૧૧ - ૧૨ - ૧૩ - ૧૪ : એમ ચાર ગુણઠાણાં હોય છે.

પહેલાં બે ચારિત્રમાં પુલાક, બકુશ અને
પ્રતિસેવાકુશલ નિર્ગ્રન્થો હોય છે.
પહેલાં ચાર ચારિત્રમાં કષાયકુશલ અને
છેલ્લાં ચારિત્રમાં નિર્ગ્રન્થ તથા સ્નાતક -
એમ પાંચ નિર્ગ્રન્થો હોય છે.
તપનો સમાવેશ ચારિત્રપદમાં થઈ જાય છે.

### સામાયિક રહસ્ય

असंतोषवतः सौख्यं न शक्रस्य न चक्रिणः ।
जन्तोः संतोषभाजस्य, चक्रिणोऽप्यधिकं सुखं ।
इहैव लभ्यते सुखम् ॥१॥

सामायिकं द्विघटिकं चिरकर्मभेदी । (परिशिष्ट-२०)

ગજસુકુમાલ, ચિલાતીપુત્ર, ઢંઢણ ઋષિ, મેતાર્ય મુનિ,
સુકોશલ અણગાર વગેરે સૌ પ્રાણાંત ઉપસર્ગોમાં પણ
સમભાવવાળાં રહીને આત્મકાર્ય સાધી ગયા !

જીવોના ૩ પ્રકાર: ભવાભિનંદી, પુદ્ગલાનંદી, આત્માનંદી.

શ્રુત સામાયિક : ૧લે ગુણઠાણે, સઘન રાત્રિ.

સમકીત સામાયિક : ૪થે ગુણઠાણે, સઘન રાત્રિ.

દેશવિરતિ સામાયિક : ૫મે ગુણઠાણે, સઘન દિન.

સર્વવિરતિ સામાયિક : ૬ થી ૧૪ ગુણઠાણા સુધી, સઘન દિન.

કાયોત્સર્ગથી ત્રણે યોગોની એકાગ્રતા સધાય છે.

પડિક્કમામિ = વિરેચન, નિંદામિ = કુપથ્ય ત્યાગ,

ગરિહામિ = પથ્યસેવન, વોસિરામિ = મકરધ્વજ.

જ્ઞાન વડે પાપનું પ્રતિક્રમણ, દર્શન વડે પાપની નિંદા,

ચારિત્ર વડે ગર્હા અને તપ વડે ત્યાગ આચરાય છે.

'અઈયં નિંદામિ, પડુપન્નં સંવરેમિ, અણાગયં પચ્ચક્ખામિ ।'

અર્થાત્: ભૂતકાળની આલોચના,

વર્તમાનની ઘૃણા અને ભવિષ્યની (અકર્મબંધની) પ્રતિજ્ઞા.

કર્મબંધના ૪ પ્રકાર: સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત તથા નિકાચિત.

અનિચ્છાએ, ઇચ્છાએ, વિષયભોગથી, રસપૂર્વક ભોગથી,

ઇષ્ટ - વિયોગાર્ત, અનિષ્ટ - સંયોગાર્ત,

રોગચિંતાર્ત, અગ્રશોચાર્ત રીતે કર્મબંધ થાય છે.

તેની સમતા, શાંતિ, સમાધિ, સમાનતા ઇત્યાદિ રાખીને

રાગ-દ્વેષના અભાવપૂર્વક સમપણે નિર્જરા કરવી.

कत्थवि जीवो बलिओ कत्थवि बलिआइं कम्माइं।

અર્થ: ક્યાંક જીવ બળવાન છે, ક્યાંક કર્મ બળવાન છે.

વૈરાગ્ય એ શાંતરસનો જનક છે.

પાપની પ્રવૃત્તિનો ત્યાગ તે મૌન.

જેની જીભ લાંબી, તેનો સંસાર લાંબો.

પાણીની સેર હોય, ત્યાં કૂવો ખોદાય.

જ્યાં રૂચિ અને ઈચ્છા હોય, ત્યાં જ ઉપદેશ અપાય.

બાવળના વનમાં કાંટો ન વાગે, તે બને નહિ.

સંસાર બાવળનું વન છે, મખમલની શય્યા નહિ.

જગત તરફ દૃષ્ટિ છે, ત્યાં સુખ દુઃખનો પાર નહિ, તે દૃષ્ટિ આત્મા-પરમાત્મા તરફ વાળી, તો સુખનો પાર નહિ.

મન પરમાત્મામાં રમતું થઈ જાય પછી સુખ જ સુખ છે.

ભગવાનને વળગ્યાં, તે રહ્યાં સાજા,
ભગવાનથી વેગળાં, તેના હાડકાં થઈ ગયાં ખોખરાં.

સરસ્વતી મોટી કે લક્ષ્મી?

સરસ્વતી: મહાપુરુષને સમજવું - સમજાવવું, મારાથી જ થાય.

લક્ષ્મી: તમારી કિંમત સમજુ પાસે, જ્યારે મારી કિંમત તો નાના - મોટા, સમજુ - અણસમજુ, એમ બધા પાસે.

કિંમત કળાની નહિ, કળાના યોગ્ય સ્થાને સદુપયોગની છે.

## મુનિજીવન સરલ...

સંપૂર્ણ અહિંસા, નિર્મળ સંયમ, ઉત્તમ તપની આરાધના.
પ્રથમ દાખલાએ જીવવાત્સલ્ય અને પ્રભુભક્તિ,
પછી વૈરાગ્ય, તેના ફળરૂપે વીતરાગ તથા કેવળજ્ઞાન.
શુદ્ધ સમકીત અને નિર્મળ આગમજ્ઞાન - એ બન્ને
ઉત્કૃષ્ટ ચારિત્રપાલનમાં સહાયક બને છે.

## સંયમસાધનાનું મૂળ - વિનય

વિનયવાળા જીવોને બધી રીતે લાભ જ થાય છે.
ભક્તિ વડે ભક્ત પ્રભુની નજીક જઈ શકે, ભક્તિ વડે
વૈરાગ્ય દૃઢ કરી તત્ત્વજ્ઞાનના અધિકારી બની શકાય છે,
આગળ વધવાના મનોરથો પ્રાપ્ત ભૂમિકાને દૃઢ બનાવે,
શુદ્ધિ વધારે, ભક્ત-ભગવાન વચ્ચેનું અંતર ઓછું કરે.

આસનજય એ પણ 'સંલીનતા'
નામના બાહ્યતપનો જ એક પ્રકાર છે.

## ઝઘડાનું મૂળ શું ? સમાધાનનું મૂળ શું ?

એકને આપવું નથી અને બીજાને લીધા વિના રહેવું નથી.
રૂનો ઓરડો અને અગ્નિનો કણિયો !
એક કહે : મારે જોઈએ નહિ અને બીજો કહે કે
તમને આપ્યા વિના રહું નહિ, ત્યાં ઝઘડો સમાપ્ત થાય.

## આઠ કર્મ ઉપર વિજય મેળવવાની પ્રક્રિયા

સમ્યગ્જ્ઞાન આત્મામાં નમ્રતા પ્રકટાવે છે.
નબળા બનીને નહિ, નમ્ર બની જવામાં મહાન લાભ છે.
સમ્યગ્જ્ઞાનમાં જ્ઞાન શબ્દથી જાણવું.
બુદ્ધિ બાદ આત્મસ્વરૂપમાં ઝૂકવું તે વિજ્ઞાન અને ઝૂકી
જ સમ્યગ્જ્ઞાન વિજ્ઞાનથી વિરત થઈને સંવિરત બનવું,
તે સમ્યગ્જ્ઞાનનું ફળ છે, એનું મૂળ નમ્રતા છે.
નમ્રતાનું મૂળ વિનય - વિનયનું મૂળ ૮ કર્મનું વિજ્ઞાન છે.
વિનયથી નમ્રતા, નમ્રતાથી જ્ઞાન, જ્ઞાનથી વિજ્ઞાન અને
વિજ્ઞાનથી વિરતતા, વિરતતાથી સંવિરતતા, કર્મ ઉપર વિજય.
આઠ કર્મ ઉપર વિજય મેળવવાની આ પ્રક્રિયા છે.
સમ્યગ્જ્ઞાન એ અનેકાંતવાદનો પર્યાય છે,
સમ્યગ્દર્શન એ આત્મવાદનો પર્યાય છે અને
સમ્યક્ચારિત્ર એ કર્મવાદનો પર્યાય છે.
આત્મા, કર્મ અને તે બેના પરસ્પર સંયોગ-વિયોગનું
યથાર્થ જ્ઞાન સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રમાં
પરિણમીને મુક્તિનો માર્ગ બને છે, માટે જ કહ્યું છે કે:
'સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ ।' ત્રણે
એકમાં મળે, ત્યારે તે માર્ગ બનીને મુક્તિ અપાવે છે.

આ બધાનું મૂળ વિનય, નમ્રતા કે લઘુતાનું ભાન છે, જે પ્રભુતાનું પ્રથમ પગથિયું છે. શંકરાચાર્ય, રામાનુજ, મધ્વ અને વલ્લભાચાર્ય તથા તુલસી, કબીર, રામદેવ, નામદેવ આદિ ભક્તોએ ભક્તિવાદમાં ગાયું છે કે:

'તું તો રામ સુમર, જગ લડવા દે. હાથી ચલત હૈ...
અપની ગત મેં, કુત્તર ભૂંકતા કો ભૂંકવા દે.'

## જૈન ધર્મના પ્રાણ

વાણીમાં સાપેક્ષવાદ, વિચારમાં અનેકાન્ત તત્ત્વજ્ઞાન અને આચારમાં અષ્ટપ્રવચન માતા - એ જૈનધર્મના પ્રાણ છે. મનુષ્ય પોતાનું જીવન શુદ્ધ - નિર્મળ - પવિત્ર બનાવે, તેને આ જગતમાં મોટામાં મોટી સમૃદ્ધિ કહી શકાય. જે કાંઈ છે, તેનો સર્વોત્તમ ઉપયોગ કરો. 'આમ હોય તો સારું - આમ ન હોય તો સારું' એવી ફરિયાદ ન કરો. કારણમાં કાર્ય - કાર્યમાં કારણ અસંદિગ્ધ રૂપે રહેલાં છે. તમે જે કાંઈ કરશો, તેની પ્રતિક્રિયા તમારા ઉપર અવશ્ય થશે જ. કર્મના અટલ નિયમને કારણે જ સમતા અને ધીરતા જળવાઈ રહે છે.

વિચાર, વાણી અને વર્તનથી કોઈને પણ દુઃખ ન પહોંચે, એવું સદ્ભાવપૂર્ણ જીવન જીવવું એ જ ધર્માચરણ છે.

પાંચ પ્રકારના ચિત્તમાં સુસ્થિત ચિત્ત

(૧) એકાગ્રચિત્ત : નિસ્તરંગ મહોદધિ જેમ યા
નિર્વાતસ્થાન પ્રદીપવત્ સ્થિર હોય છે.

(૨) નિરુદ્ધચિત્ત : તે સચ્ચિદાનંદ રૂપ અથવા
નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિસ્વરૂપ હોય છે,
ત્યારે સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રની એકતા હોય છે
અથવા પ્રજ્ઞા - શીલ તથા સમાધિની એકતા હોય છે
અથવા ઉપશમ, વિવેક, સંવરની એકતારૂપ હોય છે.

પાંચ પ્રકારના ચિત્તમાં દુસ્થિત ચિત્ત

(૧) મૂઢચિત્ત : તે કામ - ક્રોધાદિવશ, કર્તવ્યવિમુખ હોય છે.
(૨) વિક્ષિપ્તચિત્ત : વિષયોની પ્રાપ્તિ થાય, તે વખતે
ક્ષણવાર માટે સ્થિરતાવાળું હોય છે.
(૩) ક્ષિપ્તચિત્ત : વિષયવાંછારૂપ પવન વડે ધ્વજની જેમ
આવા પ્રકારનું ચિત્ત ચંચળ હોય છે.

ચિત્તને નિર્ભયતા આપનાર શાસ્ત્રવાક્ય

'દ્વૈતતઃ પરમાત્મા એવ જીવાત્મા ।'
એ શાસ્ત્રવાક્યનું સ્મરણ નિર્ભયતા આપે છે.
સંસાર ઇચ્છારૂપ હોવાથી લીલાસ્વરૂપ છે,
દિલ પરમાત્મસ્વરૂપ હોવાથી સદા પરિપૂર્ણ છે.

## પ્રભુ પાર્શ્વનાથની ભક્તિ શા માટે?

૨૩મા તીર્થંકર સૌના વહાલાં એવા
પાર્શ્વનાથ પ્રભુ સમાધિના દાતા છે,
માટે એમની ભક્તિ હું ખૂબ કરું,
તેથી હૃદયમાં શ્રદ્ધા વધે છે,
મનને સમાધિ મળે છે, ઉપરાંત
જીવનના સંઘર્ષો ટળે છે, તેથી આખો માનવજન્મનો
સમય લેખે લાગે છે, વળી એ સમજણ આવી છે કે:
બીજાઓ પોતાના ગુણ ગ્રહણ કરે, ત્યારે લાજ પામવી
અને પોતાના દોષ ગ્રહણ કરે, ત્યારે લાભ માનવો.
'સમત્વં યોગ ઉચ્યતે |' સાધકો જેટલો વધારે
દુઃખ હોય, તેટલાં આપણે વધુ શાંત રહેવું જોઈએ.

## ચાતુર્માસિક લોચના વિધાનની પાછળ રહેલાં ગંભીર રહસ્યો

લોચ વખતે ધ્યાનની સૂક્ષ્મતા અનુભવાય છે,
બ્રહ્મરંધ્રના વાળનું લુંચન કરતી વખતે
નિર્વિકલ્પ - નિરાકાર ધ્યાન સહજ બને છે,
આત્મપ્રદેશોની સૂક્ષ્મતા અનુભવાય છે તથા
બ્રહ્મરંધ્ર અર્થાત્ સહસ્રાર ચક્રનું ઉદ્ઘાટન થાય છે.

## ત્રણ પેઢીમાં ઉત્તરોત્તર પરિવર્તન

આજથી ત્રીજી પેઢી ઉપર દયા - પ્રેમની બોલબોલા હતી.
બીજી પેઢીમાં અર્થની મુખ્યતા હતી અને
આજે વર્તમાન પેઢીમાં કામની મુખ્યતા છે.
પહેલામાં સંતશાહી, બીજામાં લોકશાહી અને
ત્રીજામાં સામ્યવાદી મુખ્ય છે.
રસ્તો ક્યાંય જતો નથી, માણસો આવે અને જાય છે.
બુદ્ધિ એ શક્તિ છે તથા ભાવના એ ભક્તિ છે
બંનેના સમન્વયમાંથી જ ઈશ્વર સર્જાય.
બુદ્ધિ સમૃદ્ધિને ચાટે છે, હૃદય શુદ્ધિને શોધે છે.
બીજાની આંતરડી ઠારે, તેના પર પ્રભુની આંખડી ઠરે.
ભૂલ બોધપાઠ છે, stepping stone છે.
ક્યાંય ન શકો, તો મોટાઈ ખાડો - પાતાળ કૂવો છે.
o નિત્ય પ્રવાસી બે - સૂરજ અને ચંદ્ર,
ક્ષણભંગુર બે - યૌવન અને ધન,
રાજા બે - ઈંદ્ર (મેઘ) અને યમ,
ક્ષમાવાન બે - ધરતી અને માતા,
પરદેશી બે - જીવન અને પાંદડાં,
હારેલ બે - દેવાદાર અને દીકરીનો બાપ.

# થોડી હિતશિક્ષા

સૌ પહેલાં નિયમશીલ બનવો,
પછી સંયમશીલ અને છેલ્લે ક્રિયાશીલ બનવો.
બાલ્યકાળમાં સંસ્કાર અને વિદ્યાને ગ્રહણ કરવો,
યૌવનકાળમાં સત્સંગ અને સેવા કરવો,
વૃદ્ધાવસ્થાને દાન અને દયાથી દીપાવવો.
વ્યાધિથી દૂર રહેવું હોય તો આહારશુદ્ધિ અને
ઉપાધિથી દૂર રહેવું હોય તો વ્યવહારશુદ્ધિ કરવો.
ઊઠે તે પડે અને સંયોગ ત્યાં વિયોગ.
જન્મને અંતે મૃત્યુ નિશ્ચિત છે, તે યાદ રાખવો.
દુઃખમાંથી સુખનાં બીજ શોધી શકે તે આશાવાદી,
સુખમાં દુઃખની પ્રતીતિ કરે તે નિરાશાવાદી.
પાપ કરવું સહેલ છે પણ
પાપ કર્યા પછી તેના વિપાક ભોગવવા કઠિન છે.
સંસાર છે સુખ-દુઃખનો સરવાળો. સાવધ સંસારમાં
પણ સુરક્ષિત અને ગાફેલ ગુફામાં પણ ગોથા ખાશે.
પ્રત્યેક પળે ભલાં થવો, પ્રત્યેક પગલે ભલું કરવો. પ્રત્યેક
વ્યક્તિને ચામડાની આંખે નહિ પણ અંતરની આંખે જોવો.
પ્રભુની ઘંટી ફરે છે ધીમા, પરન્તુ દળે છે ખૂબ બારીક.

જોઈએ પંચશાસ્ત્રનો સહયોગ
જનશાસ્ત્ર, સજ્જનશાસ્ત્ર, વિદ્વદ્જનશાસ્ત્ર,
મહારાજશાસ્ત્ર અને શાસનશાસ્ત્ર.
આજનો વિદ્યાર્થી એ વિદ્યાર્થી નહિ, પરન્તુ
પરીક્ષાર્થી અથવા પૈસાર્થી છે.
કોમ્યુનીસ્ટ = કામા, કેપીટેલીસ્ટ = લોભી,
ફાસીસ્ટ અને નાઝી = ક્રૂર અને નિષ્ઠુર.
અસરકારી કાર્યો જ અસ્ખ્ર - કારક થઈ શકે,
સરકારી કાર્યો એટલાં અસ્ખ્રકારક ન બની શકે.
ન્યાયમાં હેતુ - અનુમાન મુખ્ય છે,
તેથી અનુમાનને 'તર્ક' પણ કહે છે. અતીન્દ્રિય અર્થના
નિર્ણયમાં તર્ક અસમર્થ છે, તેથી વ્યાસે બ્રહ્મસૂત્રમાં કહ્યું છે:
तर्काऽप्रतिष्ठानात् । अतर्कावचरा धर्माः ।
तर्कः कर्कशविचारपदप्रचारः
तर्क्यन्ते प्रतिपाद्यन्ते इति तर्काः
द्रव्यादिपदार्थाः तेषां संग्रहः तर्कसंग्रहः ।
તર્કનો રૂઢ અર્થ ન્યાયશાસ્ત્ર થાય છે. જૈન તર્ક તર્કપદ્ધતિ
પ્રમાણનય તથા નિક્ષેપને ગ્રહણ કરે છે, જે તત્ત્વજ્ઞાનનાં
બે રૂડાં સાધનો છે. प्रमाणनयैरधिगमः । - तत्त्वार्थाधिगम

## 'અર્હં' મંત્રાક્ષરનું માહાત્મ્ય

'અર્હં' મંત્રાક્ષરમાં...

अकारः सर्व वर्णाग्र्यः । प्रकाशः परमः शिवः ।
हकारः अन्त्यकलारूपो विमर्शाख्यः प्रकीर्तितः ॥१॥

અર્થાત્: સર્વ વર્ણોમાં અગ્રણી એવો
'અ'કાર પ્રકાશસ્વરૂપ પરમ શિવ છે અને
છેલ્લી કલારૂપ 'હ'કાર તે વિમર્શ શક્તિરૂપ છે. (૧)

अक्षराणामकारोऽस्मि ।
तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम् ।

શ્રી જિનેશ્વર ભગવંતની ભક્તિ કેવી છે?

તે મહામંગળને કરનારી, વિઘ્નોને શમાવનારી, ચિત્તને પ્રસન્ન કરનારી, ભવસમુદ્રથી તારનારી અને શ્રી તીર્થંકરપદ સુધીના મહાભાગ્યોને અપાવનારી છે.

बलिभद्र - तपोवने, हस्तीतुण्डी महातीर्थे ।
प्रणमामि पद्मवर्णं, वर्धमानं जिनेश्वरं ॥१॥
यस्य यशो विजयते विश्वविद्वज्जनस्थले ।
तं बहुश्रुततरं वंदे श्री दर्भावतीमंडले ॥२॥
प्राचीनपुडलक्षेत्रे प्रथमं धर्मनायकं ।
आदिभगवंतं वंदे मंगलं ऋषभेश्वरं ॥३॥

(પરિશિષ્ટ-૨૧)

દુનિયામાં બે ચીજની જરૂર છે: શાંતિ અને સમૃદ્ધિ.

ચિત્તને માટે શાંતિ તથા પેટને માટે સમૃદ્ધિ.

ત્રણ વસ્તુ મારફત તે મળે:

વેદાંત (અધ્યાત્મ), વિજ્ઞાન અને વિશ્વાસ.

વિશ્વાસ બહુ મોટી શક્તિ છે.

અહિંસા - સત્યાદિ આત્માના ગુણ છે અને
તે સર્વવ્યાપક છે, તેથી હવાની જેમ દેખાતાં નથી.

અહિંસા - સત્યાદિ આત્માના ગુણનો
જ્યારે જ્યારે સમાજમાં ભંગ થાય છે,
ત્યારે ત્યારે તેની જાહેરાત થાય છે.

આજ હિંસા, અસત્ય, ચોરી આદિના સમાચાર આવશે,
પરન્તુ અહિંસા, પ્રેમ, કરુણા, ન્યાય, નીતિ,
સદાચારની જાહેરખબર નહિ આવે,
કેમકે તે સહજ આત્મગુણ છે.

સંપુન્નચંદવયણો સીહાસણસંઠિઓ સપાડિહારો |
ઝાએવ્વો રે જિણિંદો કેવલનાણુજ્જાલો ધવલો ||

અર્થાત્: પૂર્ણ ચંદ્ર સમાન મુખવાળા, સિંહાસન ઉપર બેઠેલા,
પ્રાતિહાર્યોથી યુક્ત, કેવળજ્ઞાનથી ઉજ્જ્વળ એવા
શ્વેત વર્ણે જિનેશ્વરોનું ધ્યાન કરવું.

સૂત્રથી જ્ઞાન થાય છે, અર્થથી ધ્યાન થાય છે.
ધ્યાન માટે જેમ જ્ઞાનની જરૂર પડે છે, તેમ
સૂત્રથી થયેલાં જ્ઞાનને પરિપક્વ કરવા ધ્યાનની જરૂર છે.
ધ્યાન વડે જ્ઞાન પરિપક્વ થાય છે અર્થાત્
પરોક્ષ જ્ઞાન એ અપરોક્ષ બને છે.
જાણેલું જ્ઞાન પોતાનું બનાવવાની કળા ધ્યાન છે.
જો પદોનું મહત્ત્વ હોય, તો
પદાર્થોનું તો તેથી ઘણું વધારે મહત્ત્વ માનવું જોઈએ.
એ પદાર્થ પ્રથમ આકૃતિરૂપ છે,
પછી દ્રવ્યરૂપ અને એ પછી જ ભાવરૂપ છે.
જો પદની શક્તિ છે,
તો આકૃતિની શક્તિ તેથી ઘણી અધિક છે
અને એ આકૃતિ જો દ્રવ્ય - ભાવની છે,
તેની શક્તિ તો અપરંપાર છે.

શુદ્ધ ધર્મથી પુણ્ય પુણ્યાનુબંધી બંધાય.
ધર્મ એ જિનાજ્ઞા સાથે સંકળાયેલો છે.
એ જિનવચનનો સ્વીકાર અને પાલન એ જ ધર્મ છે.
શુદ્ધ ધર્મ કરવો હોય, તેણે પ્રાપ્તમાં સંતોષ કેળવવો.
પ્રાપ્તમાં અસંતોષ એ આશંસાનું મૂળ છે.

ભાવજિનેશ્વર તથા દ્રવ્યજિનમાં શું ફેર ?

ભાવજિનેશ્વર એટલે...

જેમનાં ચાર કલ્યાણક થયાં છે, પાંચમું બાકી છે તે.

દ્રવ્યજિન એટલે...

જેમનાં પાંચ કલ્યાણક પૂર્વે થયાં છે, ભવિષ્યમાં થવાનાં છે અને હમણાં જે છદ્મસ્થપણે વિચરે છે, તે.

અરિહંતાદિ સામાન્ય નામ - ઋષભાદિ વિશેષ નામ છે.

આત્માનું સાચું સ્વરૂપ વીતરાગ દશામાં છે.

વીતરાગના બિંબના વારંવાર દર્શન કરવાથી અનંત-કાળથી ખોવાયેલું આત્માનું સાચું સ્વરૂપ ઉપલબ્ધ થાય છે તથા રાગ - દ્વેષ અને મોહ શાંત થાય છે.

સુરત શહેર અને પરાઓમાં ૫૦) જિનાલયો છે.

અમદાવાદમાં ૨૫૦) જિનાલયો અને ૨૦૦૦૦) બિંબો છે.

ખંભાતમાં ૫૫) જિનાલયો અને ૨૫૦૦) પ્રતિમાજી છે.

રાધનપુરમાં ૨૫) મંદિરો અને ૨૫૦૦) પ્રતિમાજી છે.

પાટણમાં ૨૦૦) મંદિરો અને ૫૦૦૦) પ્રતિમાજી છે.

જેસલમેરમાં ૯ મંદિરો, બિંબો ૬૦૦૦)થી ય અધિક છે.

સમ્યક્ત્વ અને જ્ઞાન એ આત્મપક્ષ છે,

ચારિત્ર અને તપ એ આત્મરક્ષક છે.

જે વસ્તુ જેમ હોય જોઈએ, તેમ
સાક્ષાત્ અર્થમાં અનુભવાય, તે 'ભાવનિક્ષેપ' કહેવાય.
વસ્તુમાત્ર વિચાર કરવાથી ભાવ-અભાવનું કારણ બને છે.
જે તન્મયપણું પામે, તેને તત્કાલ ભાવ થાય છે.
તીર્થને કરે તે તીર્થંકર, યોગક્ષેમંકર, નાથ જે સ્વામી છે.

## ગુરુ સરલ સાધક

૨૪૦૦ વર્ષમાં ૪૩ યુગપ્રધાનો થયા.
છેલ્લાં આર્યમિત્રસૂરિ, પછીના ૨૨૦૦ વર્ષમાં થયા નથી.
હવે પછીના પાંચમા આરાના છેડા સુધી કુલ ૨૯૫૨
યુગપ્રધાનો થવાના છે, તેમાં છેલ્લાં દુષ્પ્રસહસૂરિ છે.
મહાવીરની પાટપરંપરામાં વિજયહીરસૂરિ ૫૮મા પાટે,
૬૨મા પાટે સિંહસૂરિ અને તે પછી ૬૨ થી ૭૨ સુધી
પંન્યાસ સત્યવિજયજી પંન્યાસ મહિમાવિજયગણિ દાદા છે.
દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ - ૪૦મા પાટે થયા છે.

## સુધર્માસ્વામી પછી પ્રભુ મહાવીરની પાટપરંપરા

જંબૂ - પ્રભવ - શય્યંભવ - યશોભદ્ર - સંભૂતિવિજય -
ભદ્રબાહુ, સ્થૂલભદ્ર - આર્ય મહાગિરિ - આર્ય સુહસ્તિસૂરિ.
૮ પાટ લગી નિર્ગ્રંથગચ્છ. સુસ્થિત - સુપ્રતિબદ્ધ, ઈંદ્રદિન્ન,
દિન્ન, સિંહગિરિ, વજ્રસ્વામી, વજ્રસેન - અહીં લગી કોટિકગણ.

પછી ચંદ્રસૂરિ - ચંદ્રગચ્છ. સામન્તભદ્ર - વનવાસીગચ્છ.
તેમના પટ્ટે વૃદ્ધદેવ, પ્રદ્યોતનસૂરિ, માનદેવસૂરિ, માનતુંગ,
વીરાચાર્ય, જયદેવ, દેવાનંદ, વિક્રમસૂરિ, નરસિંહસૂરિ,
સમુદ્રસૂરિ, માનદેવ બીજા, વિબુધપ્રભ, જયાનંદ, રવિપ્રભ,
પ્રદ્યુમ્નદેવ, માનદેવ, વિમલચંદ્ર, ઉદ્યોતન, વડગચ્છ -
બૃહદ્ગચ્છ. સર્વદેવ, દેવસૂરિ, સર્વદેવ, યશોભદ્ર,
નેમિચંદ્ર, મુનિચંદ્ર, અજિતદેવ, વિજયસિંહસૂરિ,
સોમપ્રભ - મણિરત્ન, જગચ્ચંદ્રસૂરિ - તપગચ્છ.
દેવેન્દ્રસૂરિ, ધર્મઘોષસૂરિ (પેથડ પ્રતિબોધક),
સોમપ્રભ, સોમતિલક, દેવસુંદર, સોમસુંદર, મુનિસુંદર,
રત્નશેખર (શ્રાદ્ધવિધિકાર), લક્ષ્મીસાગર, સુમતિસાધુ,
હેમવિમલ, આનંદવિમલ (ક્રિયોદ્ધારક), વિજયદાનસૂરિ,
હીરવિજયસૂરિ - વિજયસેનસૂરિ,
વિજયતિલકસૂરિ, વિજયાનંદસૂરિ, વિજયરાજ,
વિજયમાન, વિજયઋદ્ધિ, વિજયસૌભાગ્ય,
વિજયલક્ષ્મીસૂરિ (પ્રેમવિજય ગઢુલાઈ) જન્મ સં. ૧૮૪૩.
હીરહર્ષ જન્મ - ૧૫૮૩, દીક્ષા ૧૫૯૬, સૂરિપદ - ૧૬૧૦,
સ્વર્ગગમન - ૧૬૫૨, ભાદ્રપદ સુદ ૧૧ના દિવસે
મણમંત્રનું સ્મરણ કરતાં દેહ છોડ્યો, કુલ આયુ ૬૯ વર્ષ.

સમ્યક્ત્વના પાંચ અંગો

'શમ' એટલે કષાયોનું પૂર્ણ શમન.

'સંવેગ' એટલે ઊર્ધ્વગમનની જ માત્ર ઇચ્છા.

'નિર્વેદ' એટલે સંસારભાવ પ્રત્યે પૂર્ણ વૈરાગ્ય.

'અનુકંપા' એટલે જીવમાત્ર પ્રત્યે કરૂણા દૃષ્ટિ અને

'આસ્તિક્ય' એટલે આત્મદર્શન - આત્મપ્રતીતિ,

પોતાના મૂળ સ્વરૂપ પ્રત્યેની પૂર્ણ આસ્થા.

આ પાંચે લક્ષણ પ્રગટે, ત્યારે એ પ્રબુદ્ધ આત્મા-સમ્યગ્દૃષ્ટિ પુરુષ કહેવાય છે, એ પછી આત્મા સ્થિર બુદ્ધિ બનીને આત્મરમણતામાં રમમાણ રહે છે.

સકલ વિશ્વ તેને શૂન્યરૂપ લાગે છે.

કૃત્ય પોતે જ એક માત્ર દૃષ્ટા તરીકે રહે છે.

પ્રભુચિન્તન દ્વારા એ છેવટે પરમેશ્વર જ બની રહે છે.

જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ રત્નત્રયની ત્રિપુટીને પ્રાપ્ત કરી શાશ્વત સુખ-શાંતિનું એ પોતે જ ધામ બની જાય છે.

ૐ નમઃ સ્વરૂપોઽહં । મંત્રમાં

'નમઃ' પદ એ પંચ પરમેષ્ઠિરૂપ છે.

નાદ = સાધુપદ, બિન્દુ = ઉપાધ્યાયપદ, કલા = આચાર્યપદ,

અમૃત = સિદ્ધપદ, જ્યોતિ = અરિહંતપદ.

## આધ્યાત્મિક જીવન એટલે...

મન - બુદ્ધિ પર રહેવું અને નિજાનંદમાં મસ્ત રહેવું
અર્થાત્ શાંતિમય તથા શાશ્વતતામાં જીવાતું જીવન છે.
ત્યાં જીવનની હળવાશ - દિવ્યતા છે.
અહીં જન્મ નહિ, મરણ નહિ, ફક્ત જીવન છે.
હરહંમેશ આત્મામાં સ્થિત રહેવું શાશ્વત જીવન.
એ એક સહજ સ્થિતિ છે, અહીં ક્ષણેક્ષણ
જીવવાનો રસ છે, કેમકે એ પોતે જ જીવન છે.

## સાચું દર્શન બનાવે ધનવાન

ધનવાન હોવા છતાં વધુ ધન મેળવવાની ઇચ્છા
જેની શાંત નહિ, તે ધનવાન નહિ પણ ગરીબ જ છે.
માનવદેહ એ અણમોલ રત્ન છે, તેનો
કાચના ટુકડાની જેમ સમજ જેઓ દુરુપયોગ કરે છે,
તેમને ફરીવાર આ દેહ મળવો દુષ્કર છે.
અનેક જન્મો બાદ આ માનવનો દેહ પ્રાપ્ત કર્યો છે,
તેનો સદુપયોગ કરી, મનના સંકલ્પ-વિકલ્પો છોડી,
ઇંદ્રિયોનું દમન કરી, સત્સંગમાં સદા રહી,
પ્રભુભજનમાં જીવને પરોવી, પાપ કરવાથી દૂર રહી,
થોડું પણ સાચું દર્શન કરી.

## કેવું સ્વરૂપ ભૂલ અને શુદ્ધ ગણાય ?

નવતત્ત્વનું સ્વરૂપ, ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યનું સ્વરૂપ,
સ્યાદ્વાદન્યાયનું સ્વરૂપ, નિશ્ચય - વ્યવહારનું,
વ્રત - નિયમનું, ઉપાદાન - નિમિત્તનું, સાધ્ય - સાધનનું,
દ્રવ્યાનુયોગ - ચરણકરણાનુયોગનું, ગુણસ્થાનકનું,
સાધક - બાધકભાવનું સ્વરૂપ, મુનિની દશાનું સ્વરૂપ
તથા સમ્યક્ત્વનું અથવા કેવળજ્ઞાનનું સ્વરૂપ - એ બે
મોક્ષમાર્ગને પોષનારૂં, ભૂલ અને શુદ્ધનો સ્પષ્ટ વિભાગ
કરનારૂં ઉપરાંત જડ - ચેતનના ટુકડાં કરનારૂં હોય,
તો તે સમ્યક્ અને ન્યાયયુક્ત છે તથા જે તે
સ્વરૂપરસિકતાને કેળવનારૂં હોય તો શુદ્ધ - આદરણીય છે.

તમે કોઈ ઉપર મહેરબાની કરો, તે ભૂલી જજો પણ
કોઈ તમારા ઉપર મહેરબાની કરે, તે યાદ રાખજો.

કસરતથી જે લાભ શરીરને મળે છે,
તે લાભ વાંચનથી મગજને મળે છે.

સદ્ભાગ્ય અને સદ્બુદ્ધિ એક સાથે ભાગ્યે જ મળે છે.

સદ્ધર્મ ઉપદેશની વસ્તુ નહિ - આચરણની વસ્તુ છે.
ઉપદેશમાં અહંકાર છે, આચરણમાં આનંદ છે.

તમારી જાતના તમે જ દીપક બનો. 'अप्प दीवो भव।'
- ગૌતમ બુદ્ધ

## મોક્ષપુરુષાર્થ કોને કહેવાય ?

ચાર પુરુષાર્થમાં પ્રથમ અર્થ અને કામ સાધક બને છે,
એ પછી ધર્મ સાધક બને છે અને
ધર્મ માટે અંતિમ સાધક જ્ઞાન બને છે.

જીવનનું અંતિમ લક્ષ્ય એટલે...

અજ્ઞાનથી છૂટકારો મેળવવો અને સમ્યક્જ્ઞાન દ્વારા
જગતનું અને પોતાનું સ્વરૂપ ઓળખવું તે.
એને જ 'મોક્ષપુરુષાર્થ' કહે છે.
જેમજેમ જ્ઞાન વધતું જાય છે, તેમ તેમ
પરિસ્થિતિઓને પોતાને વશ કરવાનું સામર્થ્ય વધે છે.
પૂર્ણ જ્ઞાની જ પૂર્ણ શક્તિમાન બની શકે છે.
'મને શું લાભ મળશે' કે 'મને એથી શું આનંદ થશે?'
એવા સર્વ વિચારોને ભૂલી જઈને એમ વિચારો કે:
'મારાથી કેટલું ઉપકારનું કાર્ય થઈ શકશે ?'
'હું બીજાના સુખમાં કેવી રીતે ઉમેરો કરી શકું ?'
'બીજાનાં દુઃખો કઈ રીતે ઓછાં કરી શકું ?'
'હું આ સૃષ્ટિનું સાચું જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરી શકું?'
'સત્ય શું - અસત્ય શું છે? નિત્ય શું - અનિત્ય શું છે?'
આ નિર્ણયો બુદ્ધિથી કરવા વિવેકશક્તિને જાગ્રત કરો.

એ એક મહત્ત્વની વાત છે કે આધ્યાત્મિક જીવન
તમને તમારા જીવનના ધ્યેયની નજીક લઈ જાય છે.
'દુરિત વિના દુઃખ આવે નહિ' એમ જાણ્યા પછી
'દુરિત કરવું પડે નહિ એવો હું ક્યારે બનું?'
એ વિચાર ઊગે જ અને તે ઊગે એટલે
વીતરાગપણાની અને સાધુપણાની ઇચ્છા થાય જ તથા
જેઓ વીતરાગ અને નિર્ગ્રન્થ બન્યાં,
તેમના પ્રતિ ભક્તિ - બહુમાનભાવ પ્રગટે જ.
જો ન પ્રગટે, તો એમ માનવું જોઈએ કે:
'દુઃખનું મૂળ દુરિત છે' એવી શ્રદ્ધા ઊગી નથી.
કષ્ટ આવી પડતાં જ્ઞાનીપુરુષ ખેદરહિત મનથી એવો
વિચાર કરે કે: 'હું જ આ બધાં કષ્ટોથી પીડિત નથી,
પરન્તુ દુનિયામાં ઘણાં બધાં પીડિત છે.'
o સત્ તે છે, જેનો કદાપિ નાશ નથી.
'અધિષ્ઠાન' એટલે જેમાંથી વસ્તુ ઉત્પન્ન થઈ,
સ્થિર રહી અને જેમાં લય પામી જાય તે.
o સમ પરિણામનો લાભ જેનાથી થાય, તે સામાયિક.
'આત્મા સામાયિક છે' એનો અર્થ છે: આત્મસ્વરૂપની
પ્રાપ્તિ તે સામાયિક છે. સમ = રાગ - દ્વેષરહિત મધ્યસ્થ.

સામાયિક આત્મશક્તિનો પ્રકાશ કરનાર છે,
સમ્યગ્જ્ઞાન - દર્શનનો ઉદય કરનાર છે,
સમાધિભાવમાં પ્રવેશ કરાવનાર છે તથા નિર્જરાનો
માર્ગ ખોલી દેનાર છે. આર્તરૌદ્ર તથા સાવદ્યવ્યાપારનો
ત્યાગ જેના - જેનાથી થાય, તે સામાયિકના પરિણામ છે.
સુખને પચાવનાર સંયમ છે, દુઃખને પચાવનાર તપ છે
અને ધર્મને પમાડનાર અહિંસા છે.

## વિશ્વપ્રેમ એ જ મોક્ષનું દ્વાર

પ્રેમ એ જીવન છે અને પ્રેમનો અભાવ એ મૃત્યુ છે.
પ્રત્યેક વિફળતા સફળતા તરફનું પ્રવેશ કે દ્વાર છે.
દુનિયાને ડહાપણની જરૂર નથી તેટલી પ્રેમની જરૂર છે.
બ્રહ્મચર્ય અને ક્ષમા દ્વારા કામ અને ક્રોધનો નાશ કરો.
જ્યાં દૃઢ ઈચ્છા છે, ત્યાં અનુકૂળ માર્ગ મળી જ આવે.
સર્વમાં રહેલ પરમ તત્ત્વ - પરમાત્મા પ્રત્યે પ્રેમ
કેળવવો, એ એક જ સત્ય છે અને એ જ એક
સત્કર્મ છે. તેના માટે તર્ક કરવાનો પ્રયાસ નિરર્થક છે.
જે વસ્તુ મનથી પર છે, તેને જાણવા માટે
મનુષ્યે તર્ક ઉપર નિર્ભર ન રહેતાં
શ્રુતિ અને તેના સંતો ઉપર નિર્ભર રહેવું જોઈએ.

## સંસાર કેવો ભયંકર ?

વિષવૃક્ષ જેવો, અંધારા કૂવા તથા ભયંકર અટવી જેવો,
રાક્ષસો અને ચોર લોકોનો વસવાટ જેમાં હોય તેવો,
શત્રુના સમુદાય જેવો, ભયંકર દુષ્કાળ જેવો તથા
કાંઠા અને નાવ વિનાના સમુદ્ર જેવો.

ઋતેન સત્યં સિઞ્ચામિ । ઋતં ચ સત્યં ચ ।
આર્હન્ત્ય એ માર્ગરૂપ છે, આચારસ્વરૂપ છે,
સત્યને પમાડનાર ઋતસ્વરૂપ છે.

સમ્યક્ત્વ એ મુક્તિબીજ - દિદૃક્ષા એ ભવબીજ છે.

## સમકીતનાં બીજાં નામો

તત્ત્વશ્રદ્ધા, તત્ત્વસંવેદન, તત્ત્વરુચિ, દુઃખાંતકર, સુખારંભ.

## સમ્યક્ત્વને અપાયેલ ઉપમાઓ

ધર્મવૃક્ષનું મૂળ, ધર્મનગરનું દ્વાર, ધર્મમહેલનો પાયો,
ધર્મઅમૃતનું ભાજન, ગુણરત્નોનો ભંડાર,
ગુણસમગ્રનો આધાર - એવી ઉપમાઓ અપાયેલ છે.

સમ્યક્ત્વથી શુદ્ધ તત્ત્વની ગવેષણા પ્રગટે છે.
શ્રુતજ્ઞાનની પિપાસા જાગે છે, ઉપાસનામાં તન્મયતા
આવે છે અને સર્વ સમર્પણનો ભાવ જાગે છે.
દેવ-ગુરુ-ધર્મ એ જ આત્માનું સર્વસ્વ સમજાય છે.

સમ્યક્ત્વથી બધા પ્રકારની સાધના આત્મલક્ષી બને છે,
ગુણ - ગુણી પ્રત્યેનો ઉપેક્ષાભાવ ટળી જાય છે,
ગુણાનુરાગ જાગે છે, પરલોકપ્રધાનતા આવે છે અને
પ્રવૃત્તિમાત્ર આત્માનુલક્ષી બને છે.

વળી તદુપરાંત અનુબંધ હિંસા, ભવાભિનંદિતા,
કૃષ્ણાદિ લેશ્યાઓ અને રૌદ્ર પરિણામો રહેતાં નથી.
'ભવાભિનંદિતા' એટલે કેવળ સંસારની જ ઓળખાણ.
આત્મા - શરીર જુદા છે, એ વિચાર આવે જ નહિ,
કોઈ સમજાવે તો પણ ગળે ઉતરે નહિ.

'ભવાભિનંદિતા' એટલે સંસાર જ સારો લાગે,
સંસારનું દુઃખ પણ સુખ લાગે, ચારિત્ર પણ દેવ-
મનુષ્યોનાં સુખો મેળવવા માટે પાળે, મોક્ષ માટે નહિ,
તેથી ચોરાસી લક્ષયોનિઓમાં ભમ્યા કરે.

'અનુબંધ હિંસા' એટલે કેવળ હિંસાનાં જ પરિણામ.
જેનું ધ્યાન રૌદ્ર હોય, તેના લેશ્યા, અશુભ હોય.
કસાઈ કે માછીમાર નિદ્રામાં હોય,
તો પણ પરિણામ હિંસાનાં જ હોય, તેના જેમ.
સિંહ, વાઘ, બિલાડી, બાજ, સમડી અને બલિ લેનારા
એવા દેવોમાં હિંસાના પરિણામ ચાલુ જ રહેતાં હોય છે.

## અનુબંધ હિંસા એટલે...

આત્મામાં અલ્પકાળ માટે કે દીર્ઘકાળ માટે
સ્થિર થનારાં હિંસાના અધ્યવસાયો અર્થાત્
સંકલ્પપૂર્વક હણવાની બુદ્ધિએ જીવને હણવો તે.
૧। વસાની દયા અનુબંધ હિંસા નિરનુબંધસ્વરૂપ હોય છે.

પદાર્થબોધક જ્ઞાન એ સામાન્યથી જ્ઞાન છે,
પરંતુ જે આત્મતત્ત્વની ઓળખાણ કરાવે,
વિષય - કષાયોની હેયતા સમજાવે,
રત્નત્રયીની ઉપાદેયતા સમજાવે, તે સમ્યગ્જ્ઞાન છે.
નાસ્તિ જ્ઞાનમિત્યજ્ઞાનં । કુત્સિતં જ્ઞાનમિત્યજ્ઞાનં ।
આત્મપોષક જ્ઞાન તે જ્ઞાન છે,
પુદ્ગલપોષક જ્ઞાન તે અજ્ઞાન છે. મિથ્યાત્વ, અવિરતિ,
પ્રમાદ અને કષાય સહચરિત જ્ઞાન એ અજ્ઞાન છે.
બધા વ્યવહારો શ્રુતજ્ઞાનની સહાયથી જ થઈ શકે છે.
પૂર્વોનું જ્ઞાન વિશાળ, મહાઅર્થવાળું, મંત્ર, વિદ્યા, લબ્ધિ
ગર્ભિત, ઘણા શક્તિઓ - સામર્થ્યથી ભરપૂર હોય છે.

સંક્લેશશક્તિ રહે જ કર્મવૃદ્ધિ.

अन्नं पानं च वस्त्रं च आलयः शयनासनम् ।
शुश्रूषा वन्दनं तुष्टिः पुण्यं नवविधं स्मृतम् ॥१॥
(પરિશિષ્ટ-૨૨)

Principle of indeterminatibilityને
ગુજરાતીમાં અનિર્વચનીયતાનો સિદ્ધાંત કહેવાય છે.
જગતના શાશ્વત નશ્વર જેવા દેખાતાં ચીજો જડ પદાર્થો
જેમના વડે વ્યવહાર અને રાગ-દ્વેષ આદિ
અનેક ભાવો નિષ્પન્ન થાય છે,
તે વાસ્તવમાં જેમનું સ્વરૂપ નિશ્ચિત ન થઈ શકે,
તેવા અનિર્વચનીય શક્તિના માત્ર તરંગો જ છે.

<u>શંકરાચાર્યના શબ્દોમાં કહીએ તો:</u>

स्वप्नमरीच्युदकसमत्वाद् दृष्टनष्टस्वरूपो हि
अविद्याकल्पित मिथ्याज्ञान निमित्तं
अनिर्वचनीय स्वरूपमिति । <u>અર્થાત</u>:

જે દેખાય છે, તે ખોટું હોવા છતાં
મિથ્યાજ્ઞાનનું નિમિત્ત બને છે અને
તેનાથી વ્યવહાર થાય છે, માટે તેને વ્યાવહારિક સત્તા છે.
માણસ દેશ-કાળથી મર્યાદિત છતાં
વિરાટ આ વિશ્વનો જ એક અંશ છે.
માણસ પોતાને જુદો અનુભવે છે પણ
તેના ઇંદ્રિયોએ ઊભો કરેલો તે એક ભ્રમ માત્ર છે.
આ ભ્રમ જ માણસ અને વિરાટ વચ્ચેની દિવાલ છે.

## કઈ રીતે ભાવના - ભવનો અંત કરનારી ?

જેનું જીવન ભાવનામય બની જાય,
ભાવનાનો એકે અંશ જેમના જીવન સાથે એકરૂપ
બની જાય, એ ભગવાન અને જે કેવળ ભાવનાથી જ
પ્રેરાઈને ભગવાન ઉપર શ્રદ્ધા - આસ્થા રાખે,
એમની પૂજા - ભક્તિ - ઉપાસના કરે, તે 'ભક્ત'.
આવા ભગવાન અને આવા ભક્ત વચ્ચે
આપમેળે જ અંતરની એકતાનતા સધાવા લાગે અને
એ એકતાનતા આગળ વધતી વધતી
એવા ઉન્નત ભૂમિકાએ પહોંચે કે જ્યાં ભગવાન
અને ભક્ત વચ્ચેના ભેદો ભૂંસાઈ જાય અને બંને
એકરૂપ બની જાય અર્થાત્ ભાવનાપૂર્વક ભગવાનને
ભજતો ભજતો ભક્ત પોતે જ ભગવાન બની જાય છે.
ભાવના ભવનો અંત કરનારી છે.
આવા ભાવનાનું નૈવેદ્ય લઈ ભગવાનના દ્વારે જનાર
ભક્ત ભવનો અંત કરી પરમપદપ્રાપ્તિને અવશ્ય વરે.

## પરમપદપ્રાપ્તિ માટે પુરુષાર્થી બનીએ

શ્યામ રાતને પૂંછડે ઉજ્જવળ પ્રભાત બંધાયેલું છે,
પુરુષાર્થીને માટે વિશ્વમાં કાંઈ અશક્ય નથી.

આધોઈ, ચૈત્ર વદી ૯, સં. ૨૦૩૦

પ્રભુનો સાક્ષાત્કાર કરાવે ધ્યાનકી

પરમાત્માનું ધ્યાન કરી સમ્યક્ત્વાદિ ગુણયુક્ત હોવાથી
સાધક તેમાં તન્મય બની પરમાત્માનું
દર્શન અને મિલન પ્રાપ્ત કરે છે.
આ પ્રમાણે ધ્યાન એ સાત રાજ દૂર રહેલાં
સિદ્ધ પરમાત્મા અને મહાવિદેહક્ષેત્રમાં રહેલાં - વિચરતાં
અરિહંતાદિ પરમેષ્ઠિઓનો સાક્ષાત્કાર કરાવી શકે છે.

પ્રશ્ન : સાધુને પણ આ ભવમાં
અશાતા - રોગાદિ કેમ આવી પડે છે?

ઉત્તર : શ્રી આચારાંગવૃત્તિમાં આ પ્રમાણે ખુલાસો છે કે:
સાધુને પ્રમાદથી અનિચ્છાએ પણ
થતી સ્ખલનાઓ દ્વારા જે કર્મ બંધાય છે,
તેની સ્થિતિ આ ભવ પૂરતી હોય છે.
સ્વાધ્યાય માટે 'જ્ઞાનસાર સ્વોપજ્ઞ ટબો'માં
આત્માનુભવની અદ્ભુત રહસ્યમય વાતો બતાવી છે.
લોચ વખતે બ્રહ્મરન્ધ્રના પ્રદેશથી
સંપૂર્ણ આનંદની અનુભૂતિ જરૂર બનકમાં દશકી,
એવી શ્રદ્ધા છે.

પંચવસ્તુ - ગાથા ૨૫૯/૨૬૩ પ્રમાણે

દીક્ષા અંગીકાર કરનારને ધર્મકથનની વિધિ

મોક્ષ સાધવાનો પંદર ભાગવાળો ઉપાય

જીવોમાં ત્રસપણું, તેમાં પણ ઉત્કૃષ્ટ પંચેન્દ્રિયપણું,
તેમાં પણ મનુષ્યપણું, તે મળ્યાં છતાં આર્ય દેશ,
તેમાં શ્રેષ્ઠ કુળ, તેમાં ઉત્તમ જાતિ, તેમાં પણ સારું રૂપ,
તેમાં પણ અત્યંત બળ, તેમાં પણ દીર્ઘ આયુષ્ય,
તેમાં હેયોપાદેયનો વિજ્ઞાન, તેમાં પણ સમ્યક્ત્વ,
તેમાં પણ વિરતિની પ્રાપ્તિ, ક્ષાયિકભાવ અને કેવળજ્ઞાન,
એ સર્વ અનુક્રમે દુર્લભ - દુર્લભતર - દુર્લભતમ છે.
કેવળજ્ઞાન થયા બાદ પરમ ઉદયવાળો મોક્ષ પ્રાપ્ત થાય છે.
એ રીતે મોક્ષ સાધવાનો ઉપાય પંદર ભાગવાળો છે,
તેમાં ઘણું પ્રાપ્ત થયું છે અને થોડું જ પામવું બાકી છે.
આ જગતમાં વ્રતને આરાધિક અધિકું કાંઈપણ નથી.

જિનાજ્ઞાહિત અને કલ્યાણરૂપ પણ આવ્યું,
આ લોક - પરલોકમાં ઉત્કૃષ્ટ સુખ દેનારું,
તીર્થંકર - ગણધર - પૂર્વધરોએ આ ચરિત વ્રત સેવ્યું છે,
તેથી તેને પ્રમાદરહિત સેવવું જોઈએ અને
સંસારનું ભયંકર નિર્ગુણપણું વિચારવું જોઈએ.

શ્રુતપંચમી, જુન્નર, 2000

(૧) અપાદ = એક કીર્તિનો ત્યાગ.
અવાદ = એક કીર્તિનું ગ્રહણ.

(૨) નેત્રોમાંથી કિરણો નીકળીને પદાર્થ પર પડે છે: નૈયાયિક
પદાર્થમાંથી કિરણો નીકળીને આંખ પર પડે છે: વૈજ્ઞાનિક
પદાર્થમાંથી વર્ણાદિ વિકાર પરિણત છાયા નીકળે છે: જૈન
તે ચક્ષુ પર પડે છે પરંતુ ચક્ષુ તેને દેખતી નથી, કિન્તુ
સ્થૂલ પદાર્થને જ દેખે છે, તેથી ચક્ષુ અપ્રાપ્યકારી છે.

(૩) સિદ્ધ કરવાની ચાહના તે સાધ્ય. અબાધિત અને
અસિદ્ધ અકિંચિત્કર હેત્વાભાસ છે. સિદ્ધ સાધન અને
બાધિત વિષય. અસિદ્ધ અને અબાધિત વિશેષણ સાધ્યના
સાર્થ રખાય, તો અકિંચિત્કર હેત્વાભાસ નિરર્થક કરે,
હેત્વાભાસને માનીએ, તો સાધ્યના વિશેષણો નિરર્થક કરે.

(૪) ધર્મો પ્રમાણસિદ્ધ જ જોઈએ,
કેવલ અસ્તિત્વ કે નાસ્તિત્વ સાધ્ય બની શકતું નથી.
તે દેશ અને કાળની અપેક્ષા રાખે છે.
ઉભયસિદ્ધ ધર્મો નાસ્ત્યાત્મક હોય છે તથા
પ્રમાણસિદ્ધ ધર્મો અસ્ત્યાત્મક હોય છે.
શાસ્ત્રોક્ત ઉપદેશ અને સુવિહિત મુનિવરોના આલંબનમાં

શ્રાવક જીવન ટકવું કોઈ પણ કાળમાં મુશ્કેલ છે, તો પછી આવા વિષમકાળમાં તો ક્યાંથી જ ટકી શકે? આજે જેઓને સ્વ અને પરહિતનું શ્રેય સાધવા માટે ધર્મોપદેશકપણાંના ગુણનો આવિર્ભાવ કરવા ઈચ્છે છે, તેઓએ સુવિશુદ્ધ સદ્ગુરૂઓની નિશ્રામાં સુવિશુદ્ધ ભાવે રહી એકાંતે સંયમની સાધના સાથે શ્રુતજ્ઞાનરૂપી સુધાનું અવિરત પાન કરવામાં જ સજ્જ બનવું જોઈએ. એ અપૂર્વ આરાધનાનાં યોગે એ અનુપમ ગુણનો આવિર્ભાવ થાય અને હૃદયના ઉલ્લાસથી સદ્ગુરૂઓ અધિકાર સમર્પે તથા તે પછી જો એ સ્વપર શ્રેય-સાધક કાર્યનો આરંભ થાય, તો આ કાળમાં પણ એવા પુણ્યાત્માઓ આજે પણ પ્રભુના શાસનનો પ્રભાવ ખૂબ ખૂબ વિસ્તારી સ્વપરનું સાચું શ્રેય સાધી જાય.

મોક્ષમાર્ગને સાધવા પ્રભુના શાસનની
આ જ એક સુવિશુદ્ધ પ્રણાલિ છે.

એવા ગુણ જોગો ક્ષયોપશમ જેઓને ન નિપજે,
તેઓ પણ આત્મા (વિ)શુદ્ધ માર્ગના પાલનથી
જરૂર સાચું શ્રેય સાધી શકે છે.
સાચો શિષ્યભાવ એ સર્વ શ્રેયનું મૂળ છે.

### ૭ ગૌણ રસ એટલે...

હાસ્ય, વીર, કરુણ, અદ્ભુત, ભયાનક, બીભત્સ અને રૌદ્ર.

### ૭ મુખ્ય રસ એટલે...

હાસ્યાસક્તિ : સેવક - સ્વામી.

સખ્યાસક્તિ : મિત્ર - મિત્ર.

વાત્સલ્યાસક્તિ : સન્તાન - પિતા.

કાન્તાસક્તિ : પત્નિ - પતિ તથા અનુયાયી - નેતા.

ગુણકીર્તનાસક્તિ : પ્રશંસક - અનુયાયી.

આત્મનિવેદનાસક્તિ : ઈશ્વરપ્રણિધાન - ભગવદ્‌ભાવ - નિમગ્ન હૃદય - સમર્પણ - શરણાગત.

તન્મયાસક્તિ : અભિન્ન - પરાભક્તિ - સમાનતા - રાગાત્મિકા.

સર્વસ્વ સમર્પણ ભાવથી અહંકારનો મૂળથી નાશ કરી પૂર્ણ સત્તાને ભૂલી જવું, તે તન્મયભાવ છે.

દાસ = શરીર - મન - પ્રાણ - આત્મા દ્વારા સેવા કરે છે.

મુનિગણ સમાધિમાં અને નદીઓ સમુદ્રમાં પોતાના પૃથક્ નામ - રૂપથી ચ્યુત થાય છે, તે તન્મયભાવ છે.

જેવી રીતે જ્ઞાન - દર્શન - ચારિત્ર પરસ્પર મળેલાં છે, તેવી રીતે મળી જવું અથવા જેવી રીતે જ્ઞાનમાં ચારિત્ર અને ચારિત્રમાં જ્ઞાનનું મળી જવું.

સમાધિ એટલે...
ધ્યાતા - ધ્યાન - ધ્યેય રૂપ ત્રિપુટિનો નાશ (ઐક્ય).
પરાભક્તિ એટલે...
'સ્વરૂપદ્યોતકત્વાદ્ પૂર્ણાનન્દદા પરા' અર્થાત્
દેહ-મન આદિની સાથે અભિમાન - અધ્યાસનો અભાવ.
સર્વ ભૂતમાં - પ્રાણીમાં - જીવમાં સમદર્શીપણું.
ભક્તિ અથવા ઉપાસના એ યોગનો પ્રાણ છે.
ચેષ્ટા બે પ્રકારે છે : સ્થૂર (સ્થૂલ) તથા સૂક્ષ્મ.
સૂક્ષ્મના બે ભેદ છે : અભિસંધિજ તથા અનભિસંધિજ.
દ્રવ્યસ્તવ એ સમ્યક્ત્વની કરણી છે.
સમ્યક્ત્વ એ ભાવધર્મ છે,
તેથી દાનાદિ ધર્મોથી પણ દ્રવ્યસ્તવ વધે છે.
સ્તુતિ બે પ્રકારની છે:
પ્રણામરૂપ = સ્વાર્થસંપદભિધાયિની તથા
અસાધારણ ગુણોત્કીર્તનરૂપ = પરાર્થસંપદભિધાયિની.
સદુપદેશથી શું મળે ?
સ્થાવરપણું : આર્યદેશ - રૂપ - તત્ત્વનિશ્ચય - શાંતિકભાવ.
ત્રસપણું : આર્યજાતિ - બળ - સમ્યક્ત્વ - કેવળજ્ઞાન.
પંચેન્દ્રિયપણું : આર્યકુળ - આયુ - વિરતિ - મોક્ષ.

## ૭ ચક્ર અને દલ એટલે શું ?

શરીરમાં રહેલી નસોની ગ્રન્થિનો સુષુમ્ણા નામની મુખ્ય ગ્રન્થિ સાથે સંબંધ છે, એ નસોના સમૂહનું ગુંચળું બને છે, એને 'ચક્ર' કહે છે - કેટલાક એને 'કમળ' પણ કહે છે. આ નસોનાં ઝીણાં ઝીણાં તાંતણાંને 'દલ' કહેવાય છે.

**ચતુર્દલ ચક્ર - આધાર ચક્ર (અધિપતિ : ગણપતિ)**

આ ચક્ર ગુદાસ્થાન અને જનનેન્દ્રિયની મધ્યમાં આવેલું છે.

**ષટ્દલ ચક્ર - સ્વાધિષ્ઠાન ચક્ર (અધિપતિ : બ્રહ્મા)**

નાભિસ્થાન નીચે લિંગના પશ્ચિમ ભાગ પર આવેલું છે.

**દશદલ ચક્ર - મણિપૂરક ચક્ર (અધિપતિ : વિષ્ણુ)**

આ ચક્ર શરીરના નાભિસ્થાનમાં આવેલું છે.

**દ્વાદશદલ ચક્ર - અનાહત ચક્ર (અધિપતિ : શંકર)**

આ ચક્ર શરીરના હૃદયસ્થાને આવેલું છે.

**ષોડશદલ ચક્ર - વિશુદ્ધિ ચક્ર (અધિપતિ : રુદ્ર ભગવાન)**

આ ચક્ર શરીરના કંઠના સ્થાને આવેલું છે.

**દ્વિદલ ચક્ર - આજ્ઞા અથવા બિંદુસ્થાન**

આ ચક્ર શરીરના ભ્રુકુટિસ્થાનમાં આવેલું છે.

**સહસ્રદલ ચક્ર - બ્રહ્મચક્ર**

આ ચક્ર મસ્તકમાં છે - સચ્ચિદાનંદ પરમાત્મા રહે છે.

## મણિપૂરક ચક્રનું માહાત્મ્ય

મણિપૂરક ચક્ર એ શરીરના સર્વ જ્ઞાનતંતુઓ,
મનોવિકાસ અને જીવનનું મૂળ છે.
મણિપૂરક ચક્રના સંકોચ અને વિકાસથી
ત્યાં જીવનતત્ત્વનો સંચય થાય છે.
મણિપૂરક ચક્ર એ ઉર્જા અને શક્તિનું પ્રભવસ્થાન છે.

## લોમવિલોમ યા મલશોધક પ્રાણાયામ

ઈડા અર્થાત્ ડાબી ચંદ્રનાડી વડે પ્રાણવાયુ પૂરવો
અને શક્તિ મુજબ તેને શરીરમાં ધારી રાખવો.
પછી પીંગળા અર્થાત્ જમણી નાડી વડે ધીરે ધીરે છોડવો.
પ્રથમ ઈડાથી પૂરક અને પીંગળાથી રેચક કરવો,
પાછો પીંગળાથી પૂરક અને ઈડાથી રેચક કરવો.
જે નાડીથી રેચક કરવો, તે જ નાડીથી પૂરક કરવો.
જે નાડીથી પૂરક કરવો,
તે જ નાડીથી ક્યારેય રેચક કરવો નહિ.
અધિકારી નિયમ મુજબ નિત્ય કરે, તો
ત્રણ માસે નાડી શુદ્ધ થાય છે તથા વ્યાધિ થતો નથી.
નસકોરાં એ વાયુને ગાળવાની ગળણી છે.
ઈડામાં ચંદ્રતત્ત્વ અને પીંગળામાં સૂર્યતત્ત્વ છે.

## <u>શ્વસનક્રિયાનું વિજ્ઞાન</u>

(૧) ડાબા નસકોરાં દ્વારા ધીમેથી શ્વાસ કાઢી નાંખવો.
(૨) જમણા નસકોરાંથી પાંચ વખત શ્વાસ લેવા માંડવો.
(3) દશ વખત ૐ શાંતિનો મનોમય ઉચ્ચાર થાય, ત્યાં સુધી શ્વાસને અંદર જ રોકવો.
(૪) શ્વાસ લેવા કરતાં શ્વાસને રોકવામાં બમણો સમય અને કાઢવામાં ચાર ગણો સમય લેવો.

## <u>આવા શ્વસનક્રિયાના ફાયદા</u>

(૧) સર્વ અવયવોને કસરત મળે છે. (૨) જઠર અને પાચનક્રિયા બગડતી નથી. (3) અજીર્ણ તથા બંધકોશની ફરિયાદ રહેતી નથી. (૪) ભૂખ બહુ બમણી ઉઘડે છે. (૫) સળેખમ - દમ - ક્ષય વગેરે રોગો મટી જાય છે. (૬) સ્વચ્છ લોહી વધે. (૭) ચહેરો ગુલાબી રંગનો થાય.

## <u>પદમાવર્ત (પદ ગણતી વખતે કરવાના આવર્ત)</u>

પ્રથમ પદ : બ્રહ્મરંધ્ર - મસ્તક.
બીજું પદ : લલાટ - ભ્રકુટિ.
ત્રીજું પદ : કંઠપિંજર - ચક્ષુ.
ચોથું પદ : હૃદય - અવલૂ.
પાંચમું પદ : નાભિકમલ - મુખ.

## રસ્તામાં ચાલતાં કરવાનો પ્રાણાયામ

૮ ડગલાં ચાલીએ, ત્યાં સુધી શ્વાસ ઊંચે ચઢાવવો. પછી
૮ ડગલાં ચાલીએ, ત્યાં સુધી શ્વાસને રોકી રાખવો.
પછીના ૮ ડગલાં સુધી શ્વાસ ધીરે ધીરે બહાર કાઢવો.
મુખ વાટે ક્યારેય પણ શ્વાસ લેવો નહિ, કારણ કે
નાક વાટે હવા સાફ થઈને શરીરમાં જાય છે.
નાક વાટે ધૂળ વિગેરેના રજકણો, અદૃશ્ય રજકણો અને
અન્ય સ્થાનને યોગ્ય રજકણો આવી જાય, તો
કુદરત તુરત જ તેને છીંક દ્વારા બહાર કાઢી નાંખે છે,
જ્યારે મુખ વાટે શ્વાસ લેતાં તેમ બની શકતું નથી.
ઠંડી હવા નાક વાટે જોઈતાં પ્રમાણમાં ગરમ થઈને પેસે છે.
નાકમાં રહેલાં વાળ પણ ગરમીની ગરજ સારે છે.

## એક દિવસમાં કેટલાં શ્વાસોશ્વાસ?

આપણું આયુષ્ય વર્ષમાં નહીં, શ્વાસોશ્વાસમાં ગણાય છે.
મનુષ્યથી એક આખા દિવસમાં કુલ મળીને
૨૧,૬૦૦ વખત શ્વાસોશ્વાસ લેવાય છે.
૧ મિનીટમાં ૧૫ શ્વાસોશ્વાસ ગણાએ, તો
૧ મિનીટમાં ૧૫ શ્વાસોશ્વાસ x ૬૦ મિનીટ (૧ કલાક)
૧૫ x ૬૦મી. = ૯૦૦ x ૨૪ કલાક = ૨૧,૬૦૦.

એકાંત એ વસ્તુગત ધર્મ નહિ પણ બુદ્ધિગત ધર્મ છે.

ધર્મવ્યાપાર એ સ્વભાવોન્મુખ અથવા પરિણામોન્મુખ
અને સમિતિ-ગુપ્તિસ્વરૂપ ક્રિયા એ યોગસ્વરૂપ છે,
કારણકે એનાથી મોક્ષલાભ થાય છે.

કારણના ત્રણ પ્રકાર: ઉત્પાદક, નિમિત્ત, ઉપાદાન.

નિમિત્તકારણના બે ભેદ: સાધારણ અને અસાધારણ.

સાધારણકારણના બે ભેદ: અપેક્ષા - ઉદાસીન કારણ.
એ બન્ને એક જ અર્થને કહે છે.

ક્રિયાના બે ભેદ: પ્રાયોગિક અને વૈસ્રસિક.

એકલી વૈસ્રસિક ક્રિયા હોય, તે અપેક્ષાકારણ અને
વૈસ્રસિક-પ્રાયોગિક બંને ક્રિયાને નિમિત્તકારણ કહે છે.
અપેક્ષાકારણને નિષ્ક્રિયકારણ પણ કહે છે.
પરની અપેક્ષાએ જેમાં ક્રિયા નહિ, તે નિષ્ક્રિય છે.
સ્વપર ઉભયની અપેક્ષાએ ક્રિયા છે, તે નિમિત્ત છે.

'ઘટ'ના દૃષ્ટાંતથી સમજીએ તો...

કુંભકાર : એ ઉત્પાદન કારણ છે.
ચાકડાનો દંડ - ચક્ર આદિ : નિમિત્ત કારણો છે.
માટીનું મૃત ચૂર્ણ - પીંડાદિ : ઉપાદાન કારણો છે.
આકાશ - કાળ આદિ : અપેક્ષા કારણો છે.

## ક્ષપકશ્રેણિ આરોહણનો સૈદ્ધાંતિક મત

ચોથે - પાંચમે - છઠ્ઠે કે સાતમે ગુણસ્થાનકથી
અપૂર્વકરણ નામના આઠમ ગુણસ્થાનકે રહેલો તથા
ક્ષપકશ્રેણિ આરોહણને ઈચ્છતો જીવ,
અનંતાનુબંધી ક્રોધાદિ ચારેને ખપાવવાનો પ્રારંભ કરે છે.
શેષ બાકી રહે છે, તે મિથ્યાત્વ ખપાવવા પ્રારંભે છે.
અવશેષ કષાય અને મિથ્યાત્વ ક્ષય પામે છે,
તે અનુક્રમે મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીયને ઉચ્છેદે છે.
આયુષ્ય ન બાંધ્યું હોય, તો અનિવૃત્તિબાદર-
ગુણસ્થાનક ઉપર આરોહણ કરે છે.
કેટલાક સંખ્યાત ભાગ ગયે છતે ૮ કષાયોને
ખપાવવા આરંભે છે. ત્યાર બાદ ૧૬ પ્રકૃતિ ખપાવે છે.
3 = નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનર્દ્ધિ.
૮ = નરકદ્વિક, તિર્યંચદ્વિક, જાતિચતુષ્ક.
૫ = આતપોદ્યોત, સાધારણ, સ્થાવર અને સૂક્ષ્મ.
આઠ કષાયોનો અવશેષ ખપાવે છે.
૯ નપુંસકવેદ સ્ત્રીવેદ હાસ્યાદિષટ્ક પુરૂષવેદ ખપાવે છે.
નપુંસકવેદ પુરૂષવેદ હાસ્યાદિ સ્ત્રીવેદ અથવા
સ્ત્રીવેદ પુરૂષવેદ હાસ્યાદિ નપુંસકવેદ ખપાવે છે.

૩ સંજ્વલન = ક્રોધ - માન - માયા બાદર લોભ
સૂક્ષ્મસંપરાય ગુણસ્થાને સૂક્ષ્મ લોભ ખપાવે છે.
અંતર્મુહૂર્ત વિશ્રામ લઈ દ્વિચરમ સમયે નિદ્રા પ્રચલા
અને ચરમ સમયે ૧૪ પ્રકૃતિ એક સાથે ખપાવે છે.

કાર્મગ્રન્થિક મતે ઉપશમશ્રેણિ આરોહણ

ચોથાથી ૮મા ગુણસ્થાનક સુધીના કોઈપણ ગુણસ્થાનકે
રહેલો જીવ ઉપશમશ્રેણિનું આરોહણ કરી શકે છે.

શ્રીપાળનગર, ચૈત્ર વદ ૧૩, ૨૦૩૦

શરીર પોતાનો ધર્મ બજાવવા સજ્જ બન્યું હોય,
ત્યારે આત્માએ પણ પોતાનો ધર્મ બજાવવા વિશિષ્ટ
કાળજીવાળા બનવું જોઈએ. ભેદજ્ઞાન પણ ખરા સમયે
જો કામ લાગે, તો જ ભેદજ્ઞાનની ખરી સફળતા છે.

મધુરસનો લવ ખાવા માટે હોય,
તો રાઈ કે લેસનો લવ માંગવો જોઈએ.

ये हि सद्गुणलब्धकीर्ति स तं वंद्यमानो देवः ।
भूयांसो भूरिलोकस्य चमत्कारकरा नराः ।
रंजयन्ति स्वचित्तं ये भूतले ते च पंचषाः ॥१॥
प्रियवाक्यप्रदानेन सर्वे तुष्यन्ति जन्तवः ।
तस्मात् तदेव हि वक्तव्यं किं वचनेऽपि दरिद्रता ॥२॥

(परिशिष्ट-२३)

'નમો'માં રહેલ અણિમા સિદ્ધિ

નમો = નમ્રતા, નમવાની મનોવૃત્તિ, એ સર્વથી સૂક્ષ્મ છે.

મનઃ = મનોગતિ, તે અતિ સૂક્ષ્મ છે. અણુરૂપ - નમો.

'અણિમા' શબ્દથી 'નમો' શબ્દ બને છે.

'ણ'કાર એ પહેલું - પ્રાથમિક - મહિમાસૂચક છે.

'અરિહંતાણં'માં રહેલ મહિમા સિદ્ધિ

અર્હ પૂજાપ્રશંસાયાં । આંતરશત્રુઓનો નાશ કરવાનું મહત્ત્વનું કાર્ય મહિમા સિદ્ધિ દ્વારા થાય છે.

'સિદ્ધાણં'માં રહેલ ગરિમા સિદ્ધિ

ગરૂમાઆમાંથી બનેલું 'નમો સિદ્ધાણં' પદ છે. સિદ્ધનું સ્વરૂપ ગરૂલાઘવનું સૂચક છે, માટે આ સિદ્ધિ મળે છે. બધાથી મોટું ત્રીજું પદ છે. ગરિમા સિદ્ધિ પણ ત્રીજી.

શબ્દવિશેષમાં વાક્યવિશેષની શક્તિ છે.

નિપ્પણ્ણાણં સમ્પન્નાણં - મૃગપતિ, પશુપતિ.

'આયરિયાણં'માં રહેલ લઘિમા સિદ્ધિ

લોકસમૂહ તરફ લાઘવ સ્વભાવથી જોનાર આચાર્યોના ધ્યાનથી લઘિમાસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

શિક્ષાદાનત્વમ્ = ગરૂતા, શિક્ષાગ્રહણત્વમ્ = લઘુતા.

અગ્નિદેવ - રાજા - પિતા - સ્વામીની જેમ સેવા કરે.

## 'ઉવજ્ઝાયાણં'માં રહેલી પ્રાપ્તિ સિદ્ધિ

આરાધનારૂપ સાધ્યસ્વરૂપથી પ્રાપ્તિસિદ્ધિની પ્રાપ્તિ થાય.

ઉવજ્ઝાયાણં એટલે ઉપ - અધિ - આય.

અંતઃકરણમાં અધ્યયન કરવાથી આપે - અંદર - પ્રાપ્તિ.

## 'સાહૂણં' પદમાં રહેલી પ્રાકામ્ય સિદ્ધિ

'સર્વ' શબ્દ પ્રાકામ્ય સિદ્ધિનો સૂચક છે.

સર્વ જીવોનું હિત : સત્વસાધુ - સત્વસાધુ.

સર્વ નયોથી વિશિષ્ટ : અર્હદ્દેવ - સાર્વસાધુ.

અરિહંતો પૂર્ણકામના - પૂર્ણેચ્છાવાળા - ઇચ્છારહિત હોવાથી

સર્વ અનુષ્ઠાનોનું પ્રકૃષ્ટ ફળ = અર્હત્પદ.

સર્વ સાધુ ભવ્યજીવોને સહાય કરે છે } કામના પૂર્ણ
અને ભવ્યજીવોના કાર્ય સાધે છે. } કરનાર છે.

પોતે ઇચ્છારહિત, ભવ્યની ઇચ્છાઓને પૂર્ણ કરનાર.

જેની સર્વ ઇચ્છાનો નાશ થયો છે,

તેના સેવા જ ઇચ્છાને પૂર્ણ કરે છે.

જેમ મેઘ - ભવ્યના ઉપકાર માટે

સમુદ્રનું ખારું પાણી પણ પી લે છે, તેમ

સાધુની આરાધનાથી સર્વ ધર્મની આરાધના થાય છે

અને ધર્મ એ તો સર્વ કામનાઓને પૂર્ણ કરનારો છે.

## 'પંચનમુક્કારો'માં રહેલી ઈશિત્વ સિદ્ધિ

પરમપદ સ્થિત ઈશ સ્વરૂપ પંચપરમેષ્ઠિને નમવાથી
ઈશિત્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.
ઈશ - ઉત્તમ સ્વામીઓ સેવકાશ્રિત આરાધકને
સ્વસમાન ઐશ્વર્યવાળા બનાવે છે.
જિન જગદીશ છે, તેથી તેઓના ઈશિત્વભાવનાં ઝરણાંથી
ઈશિત્વ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.
ફરી નહિ આવવાપણાં દ્વારા મોક્ષનગરીના ઈશના ધ્યાનથી
ભક્ત જીવો ગૃહસ્થપણાના ઈશ બને છે,
તેથી સિદ્ધિરૂપ ઈશપણું પ્રગટ થાય છે.

## 'મંગલાણં' પદમાં રહેલી વશિત્વ સિદ્ધિ

મંગલ = ધર્મમંગલના ધ્યાનથી ધર્મનું જ ધ્યાન થાય છે.
ધર્મધ્યાન કે આરાધનાનાં ઝરણાંથી દેવતા પણ
વશીભૂત થઈને તેને પ્રણામ કરે છે, તો પછી
અન્ય પ્રાણીઓ વશીભૂત થાય, એમાં નવાઈ જ શી?
અભીષ્ટની સિદ્ધિ ત્યારે જ થાય કે જ્યારે
સર્વ તેને અનુકૂળ રહે, તેનું જ નામ 'વશિત્વ' છે.
મંગલ એટલે અનુકૂળ એટલે વશિત્વ.
મંગલ એટલે ૮ - વર્ણિકાંકથી ૮મા સિદ્ધિ વશિત્વ.

મુનિરાયા, કરજો શ્રુત અભ્યાસ...

અધ્યાત્મ રસપાનથી લીના મુનિરાયા,
એ પરપરિણતિ રતિ તજી નિજ તત્ત્વે સમાયા ...(૧)
શુદ્ધ બોધ વિણ જીવને, ન હોય તત્ત્વ પ્રતીત;
તત્ત્વાવલંબ જ્ઞાન વિણ, ન ટળે ભવભ્રમ ભીત ...(૨)
તત્ત્વ તે આત્મસ્વરૂપ છે, શુદ્ધ ધર્મ પણ એહ,
પરભાવાનુગત ચેતના, કર્મ ગેહ છે એહ ...(3)
સત્યાર્થ નવ જ્ઞાન વિણ, ન હોય સમ્યગ્રત્ન,
સત્યજ્ઞાન વિણ દેશના, ન કરે શ્રી જિનભાણ ...(૪)
એમ જાણી શાસનરુચિ, કરજો શ્રુત અભ્યાસ,
પામી ચારિત્રસંપદા, લહેજો ભાવ વિલાસ ...(૫)

o નિત્ય પ્રભાતે ઉઠવું, આણી મન ઉમંગ;
ધરવું ધ્યાન પરમેષ્ઠિનું, કરવું નિર્મળ અંગ ...(૧)
અગ્નિ કેરા બળ થકી, માખણનું ઘી થાય,
અંતરવૃત્તિ ધ્યાનથી, પરમાત્મ પ્રગટાય ...(૨)
બ્રહ્મચર્ય સમ મેં નહીં, સર્વ રત્ન કી ખાન;
તીન લોક કી સંપદા, બ્રહ્મચર્ય મેં માન ...(3)
તરુવર - સુરવર - સંતજન, ચોથા વરસત મેહ;
પરમારથ કે કારણે, ચારોં ધરિયા દેહ ...(૪)

# પરિશિષ્ટ સૂચિ


**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૪)**
હ્રીંકારનું માહાત્મ્ય બતાવે છેઃ હ્રીંકાર હિતકારી, જય-ભદ્ર-કલ્યાણ-મંગલ-સુખ આપનાર, તુષ્ટિ-પુષ્ટિ કરનાર, સિદ્ધિ આપનાર, નિવૃત્તિનું કારણ, મોક્ષ અને અભય, કલ્યાણ, શુભ, ધીરજ, રતિ, મતિ, બુદ્ધિ આપનાર, લક્ષ્મી વધારનાર અને સંપત્તિનું સ્થાન છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૨૬)**
સર્વ જીવો ઉપાદેય છે, શક્તિરૂપ અને શિવાત્મક છે, વ્યક્તિરૂપે મોક્ષપ્રાપ્તિ માટે પ્રયત્નવાળા છે. પાંચે પરમેષ્ઠિસ્વરૂપ પણ છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૩૭)**
આદિ અને અંત્ય અક્ષરે ઓળખાતો, આખી વર્ણમાલામાં વ્યાપીને રહેલો તે અક્ષર (અર્હં) અગ્નિજ્વાલાસહિત, નાદ-બિન્દુ-રેખાયુક્ત છે.(૧) અગ્નિજ્વાલા યુક્ત, મનના મલોને શુદ્ધ કરનાર, નિર્મળ અને હૃદયકમળમાં દેદીપ્યમાન તે પદને નમું છું. (૨) અર્હં પરમેષ્ઠીવાચક ને સિદ્ધચક્રનું સમ્યગ્ બીજ છે. એનું હું પ્રણિધાન કરૂં છું. (૩)

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૬૦)**
પોતાના દેહમાં રહેલા છ ચક્રો, સોળ આધાર, બે લક્ષ્ય, પાંચ આકાશને જે જાણતાં નથી, તે યોગીઓ કેવી રીતે સિદ્ધ થાય?(૧) અસ્તિ, ભાતિ, પ્રિય, નામ, રૂપ - આ પાંચમાં પ્રથમના ત્રણ બ્રહ્મરૂપ છે, પછીના બે માયારૂપ છે.(૧) જે જ્ઞાન વડે સર્વ પ્રાણીઓમાં વિભકત એટલે કર્મથી ભેદાયેલાં પણ સર્વમાં એક જ વિભાગરહિત અવિનાશી ભાવસત્તા જોવામાં આવે, તે સાત્વિક અને તે જ સારભૂત જ્ઞાન છે. (૨) જેમ ગોળ આદિ આપીને બાળક પાસેથી નકામી ચીજ છોડાવાય, એમ શુભ ધ્યાન વડે અશુભ અને ચંચલ ચિત્તને છોડાવાય છે.(૩)

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૬૧)**
શરીરમાં રોગો ઉત્પન્ન થવાના કારણો વાત, પિત્ત, કફ છે અને બધા રોગોનું મૂળ પણ તે જ છે. ૦ શરીરને ધારણ કરવાથી જ 'ધાતુ' કહેવાય છે. કફ, પિત્ત, પવન કે લોહીથી દેહ ધારણ થતો નથી, પરંતુ સાત ધાતુથી ધારણ કરાય છે.

## પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૬૫ - ૬૬)

હિતકારી અર્થાત્ પથ્ય આહાર-વિહાર કરનારો, વિચારીને પગલું ભરનારો, વિષયોમાં અનાસક્ત, દાન આપનારો, સમતાવાન, સત્યમાં તત્પર, ક્ષમાવાન, વડિલોની સેવા કરનારો ગુણી રોગરહિત હોય.(૧) બુદ્ધિ-વાણી-કાર્યમાં જેનું નિયંત્રણ હોય, સત્ત્વશાળી અને નિર્મળ બુદ્ધિ હોય, જ્ઞાન-તપ-યોગમાં તત્પરતા હોય, તેને રોગ થતાં નથી.(૨)

## પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૬૬)

જેમ દીવાની વાટ દીવાને સ્પર્શીને દીવો બને છે, તેમ આત્માની સિદ્ધાવસ્થાનું આરાધન કરી આત્મા સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરે છે.(૧) બીજા સાંભળી શકે, એવો મંત્રજાપ 'ભાષ્ય', બીજા ન સાંભળી શકે પણ અંદર બોલાતો હોય, તે 'ઉપાંશુ' અને માત્ર મનની વૃત્તિથી થતો, પોતાને જ અનુભવાતો મંત્રજાપ 'માનસ' કહેવાય.
૦ ધર્મરાગ ચારિત્રધર્મની સ્પૃહારૂપ હોય છે.

## પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૮૩)

કૃષ્ણ મહારાજાએ વંદન વડે તીર્થંકર નામકર્મ, ક્ષાયિક સમકિત અને સાતમી નરકને બદલે ત્રીજી નરકનું આયુષ્ય બાંધ્યું (આ ત્રણ લાભ વંદન વડે મેળવ્યાં).

## પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૮૪)

સ્વામીનો પણ જે સ્વામી, ગુરૂનો પણ જે ગુરૂ, દેવોનો પણ જે દેવ, તેને નમો નમઃ ।
૦ હે જિનેન્દ્ર! તમારા દર્શનથી આજે મારો જન્મ સફળ થયો. આજે મારો દિવસ પ્રશસ્ત અને સર્વ પ્રકારે મંગલરૂપ છે. હું આજે સંસારથી પાર ઉતર્યો છું. ૦ હે જિનેન્દ્ર! તમારા દર્શનથી આજે દુઃખ ઉત્પન્ન કરવાના કારણભૂત આઠે કર્મો નાશ પામ્યા છે અને હું સુખસમુદ્રમાં ડૂબી ગયો છું. ૦ હે જિનેન્દ્ર! આજે તમારા દર્શનથી મારા શરીરમાં મિથ્યા અંધકારને હણનાર જ્ઞાનરૂપી સૂર્ય ઉગ્યો છે.

## પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૮૫)

શ્રેયના દાન ને અકલ્યાણના ક્ષયથી 'દીક્ષા' કહેવાય છે. પરમજ્ઞાન પ્રાપ્ત અને પાપની પરંપરા ક્ષય થાય છે, તેથી તેને સર્વજ્ઞ ભગવાનના શાસ્ત્રમાં 'દીક્ષા' કહેવાય છે.

### પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૮૮)

પુણ્યનો નાયક, ભવ્ય જીવોને શુભમતિદાયક, શ્રમણપણાંનો વિધાયક, ખેદ પામેલાં જીવોને આનંદથી બોલાવનાર, છ જીવનિકાયના સ્વામી, કામદેવના બાણને બુઠ્ઠા કરનાર, માયાને ત્રાસ આપનાર, અત્યંત પવિત્ર એવું સામાયિક કરવું જોઈએ.

### પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૮૯)

પત્ની પ્રેમવાળી, પુત્ર વિનીત, ભાઈ ગુણીયલ, સ્વજનો સ્નેહાળ, મિત્ર અત્યંત ચતુર, સ્વામી (શેઠ) હંમેશા પ્રસન્ન, સેવક નિર્લોભી, ધન બીજાના દુઃખ દૂર કરવામાં ઉપયોગી - આ બધું જ પુણ્યના ઉદયે કોઈકને જ પ્રાપ્ત થાય છે.

### પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૯૦)

ચેતનને અધિષ્ઠિત અચેતન કાર્ય કરે છે પણ અચેતનને અધિષ્ઠિત ચેતન કાર્ય કરતો નથી. આવા પ્રકારનું જ્ઞાન સમ્યગ્દર્શન બીજભૂત છે.

### પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૦૫)

કરૂણાથી ભગવાને કહ્યું કે કલ્પપ્રલય અને મહાપ્રલય વખતે જ્ઞાન અને ધર્મના ઉપદેશ વડે હું સંસારી જીવોનો ઉદ્ધાર કરીશ.

### પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૧૦)

હે વિદ્વાન! પ્રયત્નપૂર્વક તે જ ગુરૂની સેવા કર, તે જ શાસ્ત્રોનું અધ્યયન કર અને હે આત્મન્! તે જ તત્ત્વની ભાવના ભાવ, જેનાથી અમૃત સમાન સમતા પ્રાપ્ત થાય.

### પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૧૪)

જો તું અંતઃકરણમાં અસ્થિરતા રૂપી પવનની ઉદીરણા કરીશ, તો સમાધિ રૂપી ધર્મમેઘની ઘટાને વિખેરી નાંખીશ.

### પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૨૪)

ભક્તિ, ઈશ્વરઅનુભવ, વૈરાગ્ય એક કાલે થાય, જેમ ભોજન કરનારને તુષ્ટિ, પુષ્ટિ અને ભૂખ દૂર થવી, ત્રણે કામ દરેક કોળીએ સાથે થાય. ૦ ત્રણે લોકમાં વ્યાધિ-વ્યસનરહિત, અભય, ક્ષેમ, આરોગ્ય ને કલ્યાણવાળું સુખ છે, તે મને હંમેશા હો.

૦ પ્રીતિસહિત ઉત્તમ કાર્ય જ શાંતિ, પુષ્ટિ અને સર્વ કાર્યમાં સિદ્ધિ આપનાર છે.

**પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૨૬)**
દુઃખને ભાવિત કર્યા વિનાનું જ્ઞાન જો દુઃખ આવે તો ક્ષય થાય છે, માટે શક્તિ પ્રમાણે દુઃખો સહન કરીને મુનિ આત્માને ભાવિત કરે.

**પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૨૯)**
જેવી રીતે ઘર્ષણ, છેદન, તાપ અને તાડન - આ ચાર વડે સુવર્ણની પરીક્ષા કરાય છે, તેમ વિદ્વાન પુરૂષો શ્રુત, શીલ, તપ અને દયા વડે ધર્મની પરીક્ષા કરે છે.

**પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૬૭)**
ઈન્દ્ર કે ચક્રવર્તીને પણ અસંતોષ હોય તો સુખ નથી, પરંતુ સંતોષી માણસને તો ચક્રવર્તી કરતાં પણ અધિક સુખ હોય છે. સંતોષથી અહીં જ સુખ મેળવાય છે. ૦ બે ઘડીનું સામાયિક ઘણાં કાળના કર્મોનો નાશ કરે છે.

**પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૧૭૮)**
બલિભદ્ર તપોવનમાં અને હસ્તીતુન્ડી મહાતીર્થમાં રહેલા લાલ વર્ણવાળા વર્ધમાન સ્વામિને નમન કરૂં છું.(૧) દર્ભાવતીદેશમાં રહેલા જેમનો યશ વિશ્વના વિદ્વાનો રૂપી આકાશમાં જય પામે છે, એવા બહુશ્રુતજ્ઞાનીને વંદન કરૂં છું.(૨) પ્રાચીન પુડલક્ષેત્રમાં રહેલાં મંગલરૂપ પ્રથમ તીર્થંકર આદિનાથ એવા શ્રી ઋષભદેવને હું વંદન કરૂં છું.(૩)

**પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૧૯૨)**
અન્ન, પાણી, વસ્ત્ર, મકાન, શયન, આસન, સેવા, વંદન અને તુષ્ટિ - આ નવ પ્રકારનું પુણ્ય કહેલું છે.

**પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૨૦૭)**
જે જે ગુણનો અર્થી હોય, તે તેને વંદન કરતો જોયો છે.
૦ લોકોનું ચિત્તરંજન કરનાર ઘણા હોય, પોતાના આત્માને રંજીત કરે, તે તો પાંચ-છ જ હોય છે. ૦ પ્રિય વાક્ય બોલવાથી સર્વ લોકો ખુશ થાય છે, તેથી તે જ બોલવું જોઈએ. વચનમાં દરિદ્રતા શા માટે?

# મરમીમાં ઉછળતો સાચા મોતીનો મહાસાગર...

હજ્જારો સાચા મોતીનો ઢગલો કેવો હોય, તે તો આપણે જોયું નથી, કિન્તુ સમસ્ત જીવજાતિના કલ્યાણ માટે ચિંતા સેવનાર અને સૌને આભાસમાંથી બહાર કાઢી સત્યમાર્ગ દેખાડનાર આ મરમીમાં હિલ્લોળાં લેતાં અનુપ્રેક્ષારૂપ સાચા મોતીના મહાસાગરનાં કાંઠે આપણે આધ્યાત્મિક આનંદનાં સૂર્ય નીચે તપી રહ્યાં છીએ, અંતિમ સાડા પાંચ વર્ષોથી! ખરેખર તો આપણે ક્યાં ઉભા છીએ, પ્રાંતે ક્યાં પહોંચવાનું છે અને ત્યાં સુધી કલ્યાણમાર્ગે કઈ રીતે આપણા જીવથી પસાર થઈ શકાય, તે સમગ્ર યાત્રાનો નકશો જાણે આ ગ્રંથોમાંથી સાંપડી રહ્યો છે આપણને!

પૂજ્ય ગુરુમહારાજની આ હસ્તલિખિત રોજનીશીઓમાં લખાયેલા - અવતરિત થયેલાં અક્ષરબ્રહ્મ દ્વારા તો આજે એવું જ પ્રતીત થઈ રહ્યું છે કેઃ હા, ગુરુ મહારાજની અંતર્પ્રજ્ઞા તેમની સાથે પ્રભુસંવાદ કર્યા પછી રોજે પ્રભાતે ખૂલીને બોલતી હતી જાણે!

પ્રત્યેક વિચારમોતી પાસે ઘડીક થોભવાનું મન થાય છે, પણ સિદ્ધશિલારૂપી શિખર ઉપરે ય જલ્દી પહોંચવું છે અને આ જન્મમાં હવે આપણી પાસે સમયની કેટલી મૂડી બચી છે, તેની ય ખબર નથી! તો એક વિજ્ઞપ્તિ કરવાનું મન થાય છે કેઃ ગુરુ મહારાજ... આપ તો પરમ સત્યનું અજવાળું લઈને ઉભા છો; હવે માર્ગે ચાલવાનું તો અમારે જ છે ને? તો અમને એ શક્તિ આપવા પણ તમે જ કૃપા કરજો! આપની કૃપાધારા સંગાથે ચાહીએ છીએ આ કલ્યાણમાર્ગે ચરૈવતિ... ચરૈવતિ... !


**ભારતી દિપક મહેતા**

॥ शुभम् भवतु ॥



ઉપર દર્શાવેલ ૩ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૨ - ૧૯૭૪ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# નવપદમાં ૯ તત્ત્વ




અરિહંત : પુણ્યતત્ત્વ,
સિદ્ધ : જીવતત્ત્વ, આચાર્ય : સંવરતત્ત્વ,
ઉપાધ્યાય : નિર્જરાતત્ત્વ, સાધુ : મોક્ષતત્ત્વ,
દર્શન : જીવ - અજીવતત્ત્વ, જ્ઞાન : પુણ્ય - પાપતત્ત્વ,
ચારિત્ર : આશ્રવ - સંવરતત્ત્વ, તપ : બંધ - નિર્જરાતત્ત્વ.

પં. ચંદ્રશેખરવિજય

www.fiestadesigns.in